અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૨ જૂન ૨૦૨૪, શનિવાર
વિક્રમ સંવત ૨૦૮૦, જેઠ સુદ પૂનમ
વર્ષ : ૧૫
અંક : ૩૨૨
તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ
કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886






રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુ નવી દિલ્હીમાં ૧૦મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે યોગ કરતા જોવા મળ્યા હતા. કેન્દ્રીય પ્રધાન પીયૂષ ગોયલે યોગ કર્યા હતા. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે યોગ દિવસ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. યોગી આદિત્યનાથ યોગ કરતા જોવા મળ્યા હતા. કેન્દ્રીય મંત્રી જેપી નડ્ડા યોગ કરતા જોવા મળ્યા હતા.

### યોગ દિવસે ૧૦ વર્ષની ઐતિહાસિક યાત્રા પૂર્ણ કરી : વડાપ્રધાન

# વિશ્વભરના નેતાઓ હવે યોગની વાત કરી રહ્યા છે : વડાપ્રધાન મોદી

## મોદીએ શ્રીનગરના SKICC હોલમાં યોગ કાર્યક્રમમાં ભાગ લીધો : મોદીએ ૭૦૦૦ લોકો સાથે યોગ કર્યો : યોગથી આપણને જે શક્તિ મળે છે : મોદી

। (એજન્સી) શ્રીનગર, તા.૨૧ ।

૧૦મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસના અવસર પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શ્રીનગરના SKICC હોલમાં યોગ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૭૦૦૦ લોકો સાથે યોગ કર્યો. શ્રીનગરમાં વરસાદને કારણે તેમના યોગ કાર્યક્રમમાં ફેરફાર કરવામાં આવ્યો હતો. અગાઉ તેઓ દાલ તળાવના કિનારે યોગ કાર્યક્રમ શરૂ કરવા જઈ રહ્યા હતા. કાશ્મીરની ધરતી પરથી તેમણે દેશ અને દુનિયાની જનતાને આંતરરાષ્ટ્રીય યોગ દિવસની શુભેચ્છા પાઠવી હતી. તેમણે કહ્યું કે જમ્મુ-કાશ્મીર યોગાભ્યાસની ભૂમિ છે. યોગની યાત્રા સતત ચાલુ રહે છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ જમ્મુ અને કાશ્મીરના શ્રીનગરમાં શેર-એ-કાશ્મીર ઈન્ટરનેશનલ કોન્ફરન્સ સેન્ટર (SKICC) ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ પર વિવિધ યોગાસન કર્યા હતા.

૧૦મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસના અવસર પર વડાપ્રધાન મોદીએ કહ્યું કે જમ્મુ અને કાશ્મીર યોગ અને ધ્યાનની ભૂમિ છે. તેનાથી ઉત્પાદકતા અને સહનશક્તિ વધે છે. યોગ દ્વારા નવી તકો ઊભી થઈ છે. યોગ એ માત્ર શિક્ષણ નથી પણ એક વિજ્ઞાન છે. યોગથી એકાગ્રતા વધે છે. હવે યોગ પર સંશોધન થઈ રહ્યું છે. પર્યટનમાં યોગ એક નવો ટ્રેન્ડ બની ગયો છે.





શ્રીનગરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ યોગ દિવસના કાર્યક્રમને સંબોધિત કરતા કહ્યું કે મને કાશ્મીર આવવાનું સૌભાગ્ય મળ્યું છે. યોગથી આપણને જે શક્તિ મળે છે, તે હું શ્રીનગરમાં અનુભવી રહ્યો છું. હું કાશ્મીરની ધરતી પરથી યોગ દિવસ પર દેશના તમામ લોકોને અને વિશ્વના ખૂણે ખૂણે યોગ કરી રહેલા લોકોને અભિનંદન આપું છું. આંતરરાષ્ટ્રીય યોગ દિવસ એ ૧૦ વર્ષની ઐતિહાસિક યાત્રા પૂર્ણ કરી છે. પીએમ મોદીએ યોગ દિવસને લઈને કહ્યું કે મેં ૨૦૧૪માં સંયુક્ત રાષ્ટ્રમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસનો પ્રસ્તાવ મૂક્યો હતો. ભારતના તે પ્રસ્તાવને ૧૭૭ દેશોએ ટેકો આપ્યો હતો, જે પોતાનામાં એક રેકોર્ડ હતો. ત્યારથી યોગ દિવસ સતત નવા રેકોર્ડ બનાવી રહ્યો છે. ૨૦૧૫માં દિલ્હીમાં ફરજના માર્ગ પર ૩૫ હજાર લોકોએ એકસાથે યોગ કર્યા હતા. પીએમ મોદીએ કહ્યું કે આ વર્ષે ફ્રાન્સની ૧૦૧ વર્ષની મહિલા યોગ શિક્ષકને ભારતમાં પદ્મશ્રી એવોર્ડ આપવામાં આવ્યો છે. તે ક્યારેય ભારત આવી નથી, પરંતુ તેણે પોતાનું આખું જીવન યોગના પ્રચાર માટે સમર્પિત કર્યું છે.

ભારત સહિત વિશ્વના ઘણા દેશોમાં આજે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. યોગ દિવસ દર વર્ષે ૨૧ જૂને ઉજવવામાં આવે છે. આજે વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે, ત્યારે આપણા નેતાઓએ પણ યોગ દિવસની ઉજવણીમાં ભાગ લીધો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે દેશવાસીઓને શુભેચ્છા પાઠવી હતી,તેમણે કહ્યું કે આજે સમગ્ર વિશ્વમાં યોગ કરનારા લોકોની સંખ્યા સતત વધી રહી છે.અને યોગ પ્રત્યે લોકોનું આકર્ષણ પણ સતત વધી રહ્યું છે. તો કેટલાક રાજનેતાઓએ પણ યોગ કર્યા હતા.

આંતરરાષ્ટ્રીય યોગ દિવસ પર પીએમ મોદીએ કહ્યું કે યોગ માત્ર એક વિદ્યા નથી પરંતુ એક વિજ્ઞાન પણ છે. એકાગ્રતાએ માનવ મનની સૌથી મોટી શક્તિ છે. તેનાથી સ્ટેમિના વધે છે અને એકાગ્રતા પણ વધે છે.

### ગૃહમંત્રી હર્ષ સંઘવી પણ ઉપસ્થિત રહ્યા હતા

# અમિત શાહે અમદાવાદના ગોટીલા ગાર્ડનમાં કર્યા યોગ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૧ ।

ગૃહમંત્રી અમિત શાહે આજે ૨૧ જૂન ઈન્ટરનેશનલ યોગ ડેના દિવસે અમદાવાદના ગોટીલા ગાર્ડનમાં યોગ કર્યા હતા. તેમની સાથે ગુજરાતના ગૃહમંત્રી હર્ષ સંઘવી પણ ઉપસ્થિત રહ્યા હતા. તમને જણાવી દઈએ કે યોગ દિવસે ભાગ લેવા માટે અમિત શાહ ૨૦ જૂનના રોજ અમદાવાદ આવી પહોચ્યાં હતા. અમિત શાહ ૨૧ જૂનના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે અમદાવાદમાં યોગ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. રાજ્યના મંત્રી હર્ષ સંઘવી પણ આ દરમિયાન ઉપસ્થિત રહ્યા હતા અને ગોતીલા ગાર્ડનમાં યોગ કરી યોગ દિવસની ઉજવણી કરી હતી. કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આજે બે જાહેર કાર્યક્રમોમાં ભાગ લેવા માટે અમદાવાદ પહોચ્યાં છે . શાહે સવારે સિંધુ ભવન રોડ પર ગોટીલા ગાર્ડનમાં યોગ કર્યા હતા. આ ઈવેન્ટ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીનો એક ભાગ છે, જે બાદ બપોરે નારણપુરા વિસ્તારમાં હશે જ્યાં તેઓ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ૩૦ પ્રાથમિક શાળાઓનું ઉદ્‌ઘાટન કરશે, જેને સ્માર્ટ સ્કૂલમાં રૂપાંતરિત કરવામાં આવી છે. તેઓ નારણપુરાની ૩૦ સ્માર્ટ સ્કૂલમાંથી એકની પણ મુલાકાત લેશે જ્યાં તેઓ એક જાહેર કાર્યક્રમમાં પણ હાજરી આપશે. આ સાથે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે શુક્રવારે ૧૦મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે દેશવાસીઓને શુભેચ્છા પાઠવી હતી. શાહે ઠ પર પોસ્ટમાં લખ્યું, “આંતરરાષ્ટ્રીય યોગ દિવસની શુભકામનાઓ! શરીર, મન અને બુદ્ધિને સ્વસ્થ રાખવા માટે યોગ એ ભારતીય જીવન પદ્ધતિ છે. તેનો નિયમિત અભ્યાસ વ્યક્તિને માત્ર ઉર્જાવાન બનાવે છે પરંતુ તેનામાં સકારાત્મક ચેતનાનો પણ વિકાસ કરે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ પ્રાચીન ભારતીય વારસાને ‘આંતરરાષ્ટ્રીય યોગ દિવસ’ના રૂપમાં વૈશ્વિક બનાવવાનું ઐતિહાસિક કાર્ય કર્યું છે. આ યોગ દિવસ પર, ચાલો આપણે યોગને દૈનિક જીવનનો અભિન્ન ભાગ બનાવવાનો સંકલ્પ કરીએ.




**કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહ આજે યોગ દિવસના કાર્યક્રમમાં સામેલ થયા હતા. આ પ્રસંગે ગૃહમંત્રીએ જણાવ્યું કે, યોગ ભારતીય સંસ્કૃતિની અમૂલ્ય ભેટ છે. યોગને વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીએ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ દ્વારા વૈશ્વિક ચેતનાનો વિષય બનાવ્યો છે. આજે સમગ્ર વિશ્વ માત્ર યોગ દિવસની જ ઉજવણી નથી કરી રહ્યું, પરંતુ યોગને દૈનિક જીવનશૈલીનું એક અભિન્ન અંગ પણ માની રહ્યું છે. આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે આજે ભારત સહિત ૧૭૭ દેશમાં ઉજવણી થઈ રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી શ્રીનગરમાં આયોજિત યોગાભ્યાસ કાર્યક્રમમાં સામેલ થયા હતા, તો કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે અમદાવાદમાં યોગ દિવસની ઉજવણી કરી હતી. એ જ રીતે રાજ્યના મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં બનાસકાંઠામાં સરહદે આવેલા નડાબેટ ખાતે યોગાભ્યાસ કર્યો હતો.**

## ન્યૂઝ બ્રિફ

### કોંગ્રેસના નેતા અધીર રંજન ચૌધરીનું અધ્યક્ષ પદેથી રાજીનામું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

લોકસભા ચૂંટણી ૨૦૨૪ના પરિણામો થોડા અઠવાડિયા પહેલા જાહેર થયા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્રમાં ફરી એકવાર એટલે કે ત્રીજી વખત NDA સરકાર બની છે. છેલ્લી બે લોકસભા ચૂંટણીની સરખામણીમાં કોંગ્રેસનું પ્રદર્શન સુધર્યું છે. જોકે પશ્ચિમ બંગાળમાં પાર્ટીનું પ્રદર્શન નબળું રહ્યું છે. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસ બંગાળમાં એક પણ સીટ જીતી શકી નથી. હવે બંગાળમાં પાર્ટીના ખરાબ પ્રદર્શનની જવાબદારી લેતા અધીર રંજન ચૌધરીએ પ્રદેશ અધ્યક્ષ પદ છોડી દીધું છે.મળતી માહિતી મુજબ અધીર રંજન ચૌધરીએ પશ્ચિમ બંગાળ પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ પદ પરથી રાજીનામું આપી દીધું છે.

### ગુજરાત ૧૦ યુનિવર્સિટીઓ પણ સામેલ

# દેશની ૧૫૭ યુનિવર્સિટીઓને UGCએ ડિફોલ્ટર જાહેર કરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

UGC એટલે કે યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશને ગુજરાત ૧૦ સહિત દેશની ૧૫૭ ડિફોલ્ટર યુનિવર્સિટીઓ જાહેર કરી છે. UGCએ તેની યાદી પણ બહાર પાડી છે. જેમાં ૧૦૮ સરકારી યુનિવર્સિટી, ૪૭ ખાનગી યુનિવર્સિટી અને બે ડીમ્ડ યુનિવર્સિટીનો સમાવેશ કરવામાં આવ્યો છે. UGC અનુસાર, આ તમામ યુનિવર્સિટીઓએ લોકપાલની નિમણૂક કરી નથી, જેથી તેમને ડિફોલ્ટર યુનિવર્સિટીની યાદીમાં સામેલ કરવામાં આવી છે. UGC દ્વારા જાહેર કરવામાં આવેલી યાદીમાં ગુજરાતની ૧૦ યુનિવર્સિટીઓને ડિફોલ્ટર તરીકે જાહેર કરવામાં આવી છે. જેમાં સરકારી યુનિવર્સિટીઓ જેવી કે ગુજરાત આયર્વેદ યુનિવર્સિટી (જામનગર), સૌરાષ્ટ્ર યુનિવર્સિટી (રાજકોટ), મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા (વડોદરા) અને સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી (ગાંધીનગર)નો સમાવેશ થાય છે, જ્યારે પ્રાઈવેટ યુનિવર્સિટીઓ જેવી કે, અનંત નેશનલ યુનિવર્સિટી (અમદાવાદ), ગાંધીનગર યુનિવર્સિટી (ગાંધીનગર), ઈન્ડસ યુનિવર્સિટી (અમદાવાદ), કર્ણાવતી યુનિવર્સિટી (ગાંધીનગર), સાર્વજનિક યુનિવર્સિટી (સુરત), KN યુનિવર્સિટી (અમદાવાદ)નો સમાવેશ થાય છે. યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન દ્વારા બહાર પાડવામાં આવેલી આ યાદીમાં મધ્યપ્રદેશની સાત યુનિવર્સિટીઓને ડિફોલ્ટર જાહેર કરવામાં આવી છે. જેમાં માખનલાલ ચતુર્વેદી નેશનલ યુનિવર્સિટી ઓફ જર્નાલિઝમ એન્ડ કોમ્યુનિકેશન (ભોપાલ), રાજીવ ગાંધી ટેક્નોલોજિકલ યુનિવર્સિટી (ભોપાલ), જવાહરલાલ નેહરુ કૃષિ યુનિવર્સિટી (જબલપુર), મધ્ય પ્રદેશ મેડિકલ સાયન્સિસ યુનિવર્સિટી (જબલપુર), નાનાજી દેશમુખ વેટરનરી સાયન્સ યુનિવર્સિટી (જબલપુર), રાજા માનસિંહનો સમાવેશ થાય છે.

# ઇતિહાસમાં પ્રથમવાર ભારત-પાકિસ્તાન બોર્ડર પર યોગ દિવસની ઉજવણીનો નવો કીર્તિમાન

## સરહદ પરના ઝીરો પોઇન્ટ, નડાબેટ, બનાસકાંઠા ખાતે યોગ દિવસની

। બનાસકાંઠા, તા.૨૧ ।

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં નડાબેટ ખાતે ૧૦મા વિશ્વ યોગ દિવસની ઉજવણી ઈતિહાસમાં પ્રથમવાર ભારત-પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય સરહદ પરના ઝીરો પોઈન્ટ, નડાબેટ, બનાસકાંઠા ખાતે યોગ દિવસની રાજયકક્ષાની ઉજવણી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરીની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં કરવામાં આવી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પહેલીવાર આંતરરાષ્ટ્રીય સીમા પર આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરી નવો કીર્તિમાન સ્થાપિત કર્યો છે. આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા યોગ દિવસની ઉજવણી નિમિત્તે શ્રીનગરથી કરાયેલા સંબોધનનું જીવંત પ્રસારણ નિહાળવામાં આવ્યું હતું.

રાજ્ય યોગ બોર્ડ દ્વારા આયોજિત આંતરરાષ્ટ્રીય યોગ દિવસની રાજયકક્ષાની ઉજવણી નિમિત્તે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના લોકોને શુભેચ્છાઓ પાઠવતાં યોગને દૈનિક જીવનમાં અપનાવવા આહવાન કર્યું હતું. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આપણી પ્રાચીન પરંપરા સમા યોગને વૈશ્વિક ઓળખ અપાવી છે, એવું તેમણે ઉમેર્યું હતું. વધુમાં જણાવ્યું હતું કે રાજ્યમાં સવા કરોડ કરતાં વધુ લોકો આજે વિશ્વ યોગ દિવસની ઉજવણીમાં સહભાગી બન્યા છે, એ આનંદની વાત છે. છેવાડાના માનવી સુધી યોગને પહોંચાડવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે. રાજ્યમાં યોગના પ્રચાર-પ્રસાર માટે ૫૧ યોગ સ્ટુડિયોની સ્થાપના કરવામાં આવી છે, એવું તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રીએ યોગના માહાત્મ્ય વિશે વધુ વાત કરતાં જણાવ્યું હતું કે યોગ આરોગ્ય સુખાકારીનું સબળ માધ્યમ બન્યું છે. તણાવમુક્ત અને આરોગ્યપ્રદ જીવનશૈલી માટે યોગ ઉત્તમ ઉપાય છે. યોગ આત્મવિશ્વાસ નહિ, આત્મસંયમ છે. સ્વાસ્થ્ય સુખાકારી માટે યોગ સર્વોત્તમ છે. કોરોના કાળમાં યોગ ઘર ઘરમાં સ્વીકૃતિ પામ્યો હતો, એવું તેમણે ઉમેર્યું હતું. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રયાસોને પગલે યુનો દ્વારા ૨૧મી જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ જાહેર કરવામાં આવ્યો છે. આજે વિશ્વના ખૂણે ખૂણે યોગ પહોંચ્યો છે.





## ખાનગી સુરક્ષા એજન્સીના ગાર્ડ તાલીમ વિના ડ્યૂટી કરશે તો લાઈસન્સ કેન્સલ કરાશે

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૧ ।

રાજ્યના ગૃહ વિભાગે ગુજરાત પ્રાઈવેટ સિક્યોરિટી એજન્સી (રેગ્યુલશન) નિયમો-૨૦૨૪ જાહેર કર્યા છે. જે ઈન્ડસ્ટ્રિયલ અને રહેણાક વિસ્તાર માટેના ખાનગી સિક્યોરિટી ગાર્ડ, રોકડની હેરાફેરી કરતી પ્રવૃત્તિના સિક્યોરિટી ગાર્ડ વગેરેને લાગુ પડશે. આ માટે અગાઉ બનાવાયેલા કાયદા મુજબ સિક્યોરિટી એજન્સી માટે કંટ્રોલિંગ ઓથોરિટી પાસેથી લાઈસન્સ લેવું ફરજિયાત બનાવ્યું છે. જો ગાર્ડ અને સુપરવાઈઝર છ દિવસની નિયત ટ્રેનિંગ વિના ડ્યૂટી પર મૂકાશે તો એજન્સીનું લાઈસન્સ કેન્સલ કરાશે. તાજેતરમાં રાજકોટ ગેમ ઝોનમાં લાગેલી આગ અને કુદરતી સહિતની વિવિધ આપત્તિની જવાબદારી સંભાળતા ગૃહ વિભાગે સિક્યોરિટી ગાર્ડ વધુ સજ્જ હોય તે પ્રકારના નિયમોની જોગવાઈ કરી છે. ઔદ્યોગિક સુરક્ષાના ગાર્ડ અને રહેણાક સુરક્ષાના ગાર્ડ માટે શારીરિક સજ્જતાના માપદંડ પણ નક્કી કરવામાં આવ્યા છે. તે સાથે ગાર્ડ માટે લઘુત્તમ છ દિવસની તાલીમ પણ ફરજિયાત કરી છે. જેમાં વીઆઈપી સિક્યોરીટી, ઈન્ટરનલ સિક્યોરિટી અને ઈન્ડસ્ટ્રિયલ સિક્યોરિટીના મુખ્ય ક્ષેત્ર તરીકે વહેંચવામાં આવ્યા છે. તેને ધ્યાનમાં રાખીને સિક્યોરિટી ગાર્ડને ફાયર ફાઈટિંગ, ભીડ નિયંત્રણ, કુદરતી આપત્તિ કે સુરક્ષાને લગતી તાકીદની બાબતો, વિવિધ પ્રકારના દસ્તાવેજોની ચકાસણી, એન્ટી સબોટેજ ચેક્સ, સુરક્ષાને લગતા સાધનો, કોમ્યુનિકેશન, પેટ્રોલિંગ વગેરેની તાલીમ લેવી પડશે. નવા નિયમોમાં એ બાબતની ખાસ જોગવાઈ કરાઈ છે કે કોઈપણ ખાનગી સુરક્ષા ગાર્ડ કે સુપરવાઈઝર ડ્યૂટી પર ટ્રેનિંગ વગર મૂકાશે તો એજન્સીનું લાઈસન્સ કેન્સલ પણ થઈ શકે છે. સિક્યોરિટી એજન્સીએ જો તેના કોઈ ગાર્ડ કે સુપરવાઈઝર સામે પોલીસ કેસ થાય તો કંટ્રોલિંગ ઓથોરિટીને અચૂક જાણ કરવી પડશે. ગાર્ડને એજન્સીએ યુનિફોર્મ આપવાનો રહેશે.

### AMC દ્વારા સાબરમતી રિવરફ્રન્ટ ખાતે ૧૦માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરાઈ

## સહકાર રાજ્ય મંત્રી જગદીશભાઈ વિશ્વકર્મા અને અમદાવાદના મેયર પ્રતિભાબેન જૈન સહિત હજારો અમદાવાદીઓ યોગમાં જોડાયા



। (માહિતી) અમદાવાદ, તા.૨૧ ।

AMC દ્વારા સાબરમતી રિવરફ્રન્ટ ખાતે 'સ્વયં અને સમાજ માટે યોગ' ની થીમ પર ૧૦ માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરાઈ હતી. આ પ્રસંગે સહકાર રાજ્ય મંત્રીશ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, યોગ એ ભારતની પ્રાચીન સંસ્કૃતિ છે, યોગ થકી સમાજને નિરોગી અને સ્વસ્થ બનાવી શકાય છે. જેથી ભારતમાં યોગનું ખૂબ જ મહત્ત્વ છે. તન અને મનને જોડી રાખવાનું કાર્ય યોગ કરે છે, આજે સમગ્ર વિશ્વ યોગમય બન્યું છે તેમ તેમણે ઉમેર્યું હતું. આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આપણા દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ-૨૦૧૪માં યોગ દિવસની ઉજવણી કરવાનો પ્રસ્તાવ સંયુક્ત રાષ્ટ્ર સંઘમાં મૂક્યો હતો અને ગણતરીના મહિનાઓમાં જ ભારત સહિત વિશ્વના ૧૭૭થી વધુ દેશોએ પ્રસ્તાવ સ્વીકારી ૨૧મી જૂનને આંતર-રાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવવાનું નક્કી કર્યું હતું. આજે વિશ્વના ૧૮૦ જેટલા દેશોમાં યોગ દિવસની ઉજવણી કરવામાં આવે છે એ ભારત માટે ખૂબ જ ગૌરવની વાત છે. મંત્રીશ્રીએ યોગના ફાયદા જણાવતા કહ્યું કે, જીવનને કેવી રીતે જીવવું મનને કેવી રીતે પ્રફુલ્લિત રાખવું તે યોગ શીખવે છે. વિવિધ યોગાસનો તન અને મનને પ્રફુલ્લિત



રાખવામાં મદદરૂપ થાય છે. જેથી દરેક વ્યક્તિએ રોજ સવારે અથવા સંધ્યાના સમયે ૩૦ મિનિટ યોગ કરવા માટે ફાળવવી જોઈએ તેમ તેમણે ઉમેર્યું હતું.

મંત્રીશ્રીએ વધુમાં કહ્યું હતું કે, વસુધૈવ કુટુંબકમ્ માટે યોગ એટલે કે વિશ્વ એક પરિવાર છે, પરિવારના સ્વાસ્થ્ય અને વિકાસ માટે યોગ અનિવાર્ય છે. આ સફળ કાર્યની શરૂઆત ભારતે કરી છે, જે સૌ ભારતવાસીઓ માટે આનંદ અને ગૌરવની વાત છે તેમ તેમણે ઉમેર્યું હતું. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, યોગ વિદ્યા થકી સ્વસ્થ જીવન કેવી રીતે જીવી શકાય તેનું શ્રેષ્ઠ ઉદાહરણ આપણા ઋષિમુનિઓએ પૂરું પાડ્યું છે, આપણી મહાન પ્રાચીન પરંપરાની શક્તિ આજે સંપૂર્ણ જગત અનુભવી રહ્યું છે. જેથી આપણે સૌ આપણી સંસ્કૃતિનું જતન કરીએ અને પોતે પણ યોગ કરીએ અને લોકોને પણ યોગ કરવાની પ્રેરણા આપીએ. આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે અમદાવાદ રિવરફ્રન્ટ ખાતે શ્રીનગરમાં આયોજિત રાષ્ટ્રીય કક્ષાના કાર્યક્રમમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સંદેશનું જીવંત પ્રસારણ દર્શાવાયું હતું, તેમજ નડાબેટમાં રાજ્યકક્ષાની ઉજવણીના મુખ્યમંત્રીશ્રીના કાર્યક્રમનું જીવંત પ્રસારણ તમામ નાગરિકોએ નિહાળ્યું હતું. આ કાર્યક્રમના પ્રારંભમાં સ્વાગત પ્રવચન અમદાવાદના મેયર શ્રીમતી પ્રતિભાબેન જૈન દ્વારા કરવામાં આવ્યું હતું. વિશ્વ યોગ દિવસની ઉજવણીમાં રાજ્ય સભાના સાંસદ શ્રી બાબુભાઈ દેસાઈ, મ્યુનિસિપલ શાસકપક્ષના નેતા શ્રી ગૌરાંગ પ્રજાપતિ, મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીશ્રીઓ, ગુજરાત યોગ બોર્ડના અધિકારીઓ, નાગરિકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ૧ જુલાઈથી અમદાવાદ મંડળની પેસેન્જર સ્પેશ્યલ ટ્રેનો નિયમિત નંબરોથી સંચાલિત થશે

। અમદાવાદ, તા.૨૧ ।

રેલવે પ્રશાસન દ્વારા અમદાવાદ મંડળમાંથી ઉપડનારી ૧૯ જોડી પેસેન્જર/ડેમૂ/મેમૂ સ્પેશ્યલ ટ્રેનોને નિયમિત ટ્રેન નંબરો સાથે સંચાલિત કરવામાં આવી રહી છે. આ વ્યવસ્થા ૦૧ જુલાઈ ૨૦૨૪થી અમલમાં આવશે.

મંડળ રેલ પ્રવક્તા અમદાવાદના જણાવ્યા અનુસાર, કોરોના સમયગાળા દરમિયાન, સલામતી માટે અને કોરોનાના ફેલાવાને રોકવા માટે ઘણી ટ્રેનોને અસ્થાયી ધોરણે બંધ કરવામાં આવી હતી. આ પછી, જરૂરી રૂટ પર વિશેષ ટ્રેન નંબર આપીને ટ્રેનોનું સંચાલન શરૂ કરવામાં આવ્યું હતું. રેલ્વે પ્રશાસન દ્વારા ૧ જુલાઈથી અમદાવાદ રેલવે ડિવિઝનમાં કોરોનાના સમયગાળા દરમિયાન ટ્રેન નંબરોની આગળ ૦ મૂકીને શરૂ કરાયેલી વિશેષ ટ્રેનોને નિયમિતપણે દોડાવશે.

**નિયમિત નંબરો સાથે દોડનારી ટ્રેનો**

૧. ટ્રેન નંબર ૦૯૨૭૫ આણંદ-ગાંધીનગર સ્પેશિયલ ટ્રેન હવે નિયમિત ટ્રેન નંબર ૬૯૧૯૧ આણંદ-ગાંધીનગર મેમુ તરીકે ચાલશે.
૨. ટ્રેન નંબર ૦૯૨૭૬ ગાંધીનગર-આણંદ સ્પેશિયલ ટ્રેન હવે નિયમિત ટ્રેન નંબર ૬૯૧૯૨ ગાંધીનગર- આણંદ મેમુ તરીકે ચાલશે.
૩. ટ્રેન નંબર ૦૯૩૧૧ વડોદરા-અમદાવાદ સ્પેશિયલ ટ્રેન હવે નિયમિત ટ્રેન નંબર ૬૯૧૦૧ વડોદરા-અમદાવાદ મેમુ તરીકે ચાલશે.
૪. ટ્રેન નંબર ૦૯૩૧૨ અમદાવાદ-વડોદરા સ્પેશિયલ ટ્રેન હવે નિયમિત ટ્રેન નંબર ૬૯૧૦૨ અમદાવાદ-વડોદરા મેમુ તરીકે ચાલશે.
૫. ટ્રેન નંબર ૦૯૩૧૫ વડોદરા-અમદાવાદ સ્પેશિયલ ટ્રેન હવે નિયમિત ટ્રેન નંબર ૬૯૧૧૩ વડોદરા-અમદાવાદ મેમુ તરીકે ચાલશે.
૬. ટ્રેન નંબર ૦૯૩૧૬ અમદાવાદ-વડોદરા સ્પેશિયલ ટ્રેન હવે નિયમિત ટ્રેન નંબર ૬૯૧૧૪ અમદાવાદ-વડોદરા મેમુ તરીકે ચાલશે.
૭. ટ્રેન નંબર ૦૯૩૨૭ વડોદરા-અમદાવાદ સ્પેશિયલ ટ્રેન હવે નિયમિત ટ્રેન નંબર ૬૯૧૦૭ વડોદરા-અમદાવાદ મેમુ તરીકે ચાલશે.
૮. ટ્રેન નંબર ૦૯૩૨૮ અમદાવાદ-વડોદરા સ્પેશિયલ ટ્રેન હવે નિયમિત ટ્રેન નંબર ૬૯૧૦૮ અમદાવાદ-વડોદરા મેમુ તરીકે ચાલશે.
૯. ટ્રેન નંબર ૦૯૩૬૯ સાબરમતી-પાટણ સ્પેશિયલ ટ્રેન હવે નિયમિત ટ્રેન નંબર ૭૯૪૩૫ સાબરમતી-પાટણ ડેમુ તરીકે ચાલશે.
૧૦. ટ્રેન નંબર ૦૯૩૭૦ પાટણ-સાબરમતી સ્પેશિયલ ટ્રેન હવે નિયમિત ટ્રેન નંબર ૭૯૪૩૬ પાટણ-સાબરમતી ડેમુ તરીકે ચાલશે.
૧૧. ટ્રેન નંબર ૦૯૩૯૯ આણંદ-અમદાવાદ સ્પેશિયલ ટ્રેન હવે નિયમિત ટ્રેન નંબર ૬૯૧૨૯ આણંદ-અમદાવાદ મેમુ તરીકે ચાલશે.
૧૨. ટ્રેન નંબર ૦૯૪૦૦ અમદાવાદ-આણંદ સ્પેશિયલ ટ્રેન હવે નિયમિત ટ્રેન નંબર ૬૯૧૩૦ અમદાવાદ-આણંદ મેમુ તરીકે ચાલશે.
૧૩. ટ્રેન નંબર ૦૯૪૦૧ અસારવા-હિંમતનગર સ્પેશિયલ ટ્રેન હવે નિયમિત ટ્રેન નંબર ૭૯૪૦૧ અસારવા-હિંમતનગર ડેમુ તરીકે ચાલશે.
૧૪. ટ્રેન નંબર ૦૯૪૦૨ હિંમતનગર-અસારવા સ્પેશિયલ ટ્રેન હવે નિયમિત ટ્રેન નંબર ૭૯૪૦૨ હિંમતનગર-અસારવા ડેમુ તરીકે ચાલશે.
૧૫. ટ્રેન નંબર ૦૯૪૩૧ સાબરમતી-મહેસાણા સ્પેશિયલ ટ્રેન હવે નિયમિત ટ્રેન નંબર ૭૯૪૩૧ સાબરમતી-મહેસાણા ડેમુ તરીકે ચાલશે.
૧૬. ટ્રેન નંબર ૦૯૪૩૨ મહેસાણા-સાબરમતી સ્પેશિયલ ટ્રેન હવે નિયમિત ટ્રેન નંબર ૭૯૪૩૨ મહેસાણા-સાબરમતી ડેમુ તરીકે ચાલશે.
૧૭. ટ્રેન નંબર ૦૯૪૩૩ સાબરમતી-પાટણ સ્પેશિયલ ટ્રેન હવે નિયમિત ટ્રેન નંબર ૭૯૪૩૩ સાબરમતી-પાટણ ડેમુ તરીકે ચાલશે.
૧૮. ટ્રેન નંબર ૦૯૪૩૪ પાટણ-સાબરમતી સ્પેશિયલ ટ્રેન હવે નિયમિત ટ્રેન નંબર ૭૯૪૩૪ પાટણ-સાબરમતી ડેમુ તરીકે ચાલશે.
૧૯. ટ્રેન નંબર ૦૯૪૩૭ મહેસાણા-આબુ રોડ સ્પેશિયલ ટ્રેન હવે નિયમિત ટ્રેન નંબર ૭૯૪૩૭ મહેસાણા-આબુ રોડ ડેમુ તરીકે ચાલશે.
૨૦. ટ્રેન નંબર ૦૯૪૩૮ આબુ રોડ-મહેસાણા સ્પેશિયલ ટ્રેન હવે નિયમિત ટ્રેન નંબર ૭૯૪૩૮ આબુ રોડ-મહેસાણા ડેમુ તરીકે ચાલશે.
૨૧. ટ્રેન નંબર ૦૯૪૫૯ અમદાવાદ-વિરમગામ સ્પેશિયલ ટ્રેન હવે નિયમિત ટ્રેન નંબર ૬૯૧૮૫ અમદાવાદ-વિરમગામ મેમુ તરીકે ચાલશે.
૨૨. ટ્રેન નંબર ૦૯૪૬૦ વિરમગામ-અમદાવાદ સ્પેશિયલ ટ્રેન હવે નિયમિત ટ્રેન નંબર ૬૯૧૮૬ વિરમગામ-અમદાવાદ મેમુ તરીકે ચાલશે.
૨૩. ટ્રેન નંબર ૦૯૪૭૫ મહેસાણા-પાટણ સ્પેશિયલ ટ્રેન હવે નિયમિત ટ્રેન નંબર ૫૯૪૭૫ મહેસાણા-પાટણ પેસેન્જર તરીકે ચાલશે.
૨૪. ટ્રેન નંબર ૦૯૪૭૬ પાટણ-મહેસાણા સ્પેશિયલ ટ્રેન હવે નિયમિત ટ્રેન નંબર ૫૯૪૭૬ પાટણ-મહેસાણા પેસેન્જર તરીકે ચાલશે.
૨૫. ટ્રેન નંબર ૦૯૪૮૧ મહેસાણા-પાટણ સ્પેશિયલ ટ્રેન હવે નિયમિત ટ્રેન નંબર ૫૯૪૮૧ મહેસાણા-પાટણ પેસેન્જર તરીકે ચાલશે.
૨૬. ટ્રેન નંબર ૦૯૪૮૨ પાટણ-મહેસાણા સ્પેશિયલ ટ્રેન હવે નિયમિત ટ્રેન નંબર ૫૯૪૮૨ પાટણ-મહેસાણા પેસેન્જર તરીકે ચાલશે.
૨૭. ટ્રેન નંબર ૦૯૪૮૩ મહેસાણા-પાટણ સ્પેશિયલ ટ્રેન હવે નિયમિત ટ્રેન નંબર ૫૯૪૮૩ મહેસાણા-પાટણ પેસેન્જર તરીકે ચાલશે.
૨૮. ટ્રેન નંબર ૦૯૪૮૪ પાટણ-મહેસાણા સ્પેશિયલ ટ્રેન હવે નિયમિત ટ્રેન નંબર ૫૯૪૮૪ પાટણ-મહેસાણા પેસેન્જર તરીકે ચાલશે.
૨૯. ટ્રેન નંબર ૦૯૪૮૭ મહેસાણા-વિરમગામ સ્પેશિયલ ટ્રેન હવે નિયમિત ટ્રેન નંબર ૫૯૫૦૯ મહેસાણા-વિરમગામ પેસેન્જર તરીકે ચાલશે.
૩૦. ટ્રેન નંબર ૦૯૪૮૮ વિરમગામ-મહેસાણા સ્પેશિયલ ટ્રેન હવે નિયમિત ટ્રેન નંબર ૫૯૫૧૦ વિરમગામ-મહેસાણા પેસેન્જર તરીકે ચાલશે.
૩૧. ટ્રેન નંબર ૦૯૪૯૧ મહેસાણા-વિરમગામ સ્પેશિયલ ટ્રેન હવે નિયમિત ટ્રેન નંબર ૫૯૫૧૧ મહેસાણા-વિરમગામ પેસેન્જર તરીકે ચાલશે.
૩૨. ટ્રેન નંબર ૦૯૪૯૨ વિરમગામ-મહેસાણા સ્પેશિયલ ટ્રેન હવે નિયમિત ટ્રેન નંબર ૫૯૫૧૨ વિરમગામ-મહેસાણા પેસેન્જર તરીકે ચાલશે.
૩૩. ટ્રેન નંબર ૦૯૪૯૫ વડોદરા-અમદાવાદ સ્પેશિયલ ટ્રેન હવે નિયમિત ટ્રેન નંબર ૫૯૫૪૯ વડોદરા-અમદાવાદ સંકલ્પ ફાસ્ટ પેસેન્જર તરીકે ચાલશે.
૩૪. ટ્રેન નંબર ૦૯૪૯૬ અમદાવાદ-વડોદરા સ્પેશિયલ ટ્રેન હવે નિયમિત ટ્રેન નંબર ૫૯૫૫૦ અમદાવાદ-વડોદરા સંકલ્પ ફાસ્ટ પેસેન્જર તરીકે ચાલશે.
૩૫. ટ્રેન નંબર ૦૯૪૯૭ ગાંધીનગર-વરેઠા સ્પેશિયલ ટ્રેન હવે રેગ્યુલર ટ્રેન નંબર ૬૯૨૦૭ ગાંધી નગર-વરેથા મેમુ તરીકે ચાલશે..
૩૬. ટ્રેન નંબર ૦૯૪૯૮ વરેઠા-ગાંધીનગર સ્પેશિયલ ટ્રેન હવે નિયમિત ટ્રેન નંબર ૬૯૨૦૮ વરેઠા-ગાંધીનગર મેમુ તરીકે ચાલશે..
૩૭. ટ્રેન નંબર ૦૯૫૪૩ અસારવા-ચિત્તોડગઢ સ્પેશિયલ ટ્રેન હવે નિયમિત ટ્રેન નંબર ૭૯૪૦૩ અસારવા-ચિત્તોડગઢ ડેમુ તરીકે ચાલશે.
૩૮. ટ્રેન નંબર ૦૯૫૪૪ ચિત્તોડગઢ-અસરવા સ્પેશિયલ ટ્રેન હવે નિયમિત ટ્રેન નંબર ૭૯૪૦૪ ચિત્તોડગઢ- અસારવા ડેમુ તરીકે ચાલશે.

## 'સ્વયં અને સમાજ માટે યોગ'ના સંદેશ સાથે અમદાવાદના સાણંદ તાલુકાના ગોધાવી ગામે જિલ્લા કક્ષાના 'વિશ્વ યોગ દિવસ'ની શાનદાર ઉજવણી કરાઈ

। (માહિતી) અમદાવાદ, તા.૨૧ ।

'સ્વયં અને સમાજ માટે યોગ' ના સંદેશ સાથે આજે તારીખ ૨૧ જૂનના રોજ અમદાવાદના સાણંદ તાલુકાના ગોધાવી ગામે આવેલ ઝાયડ્સ સ્કૂલમાં જિલ્લા કક્ષાના દશમાં 'વિશ્વ યોગ દિવસ'ની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. અમદાવાદ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી કંચનબેન વાઘેલા, અમદાવાદ પૂર્વના સાંસદ શ્રી હસમુખભાઈ પટેલ અને પશ્ચિમના સાંસદ શ્રી દિનેશભાઈ મકવાણા તથા કલેકટર સુશ્રી પ્રવીણા ડી. કે. સહિતના મહાનુભાવો યોગ દિવસની ઉજવણીમાં જોડાયા હતા.

આ પ્રસંગે વિશ્વ યોગ દિવસની શુભેચ્છા પાઠવતા અમદાવાદ પૂર્વના સાંસદ શ્રી હસમુખભાઈ પટેલે જણાવ્યું કે, રાજ્ય સરકારના રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ તથા અમદાવાદ જિલ્લા વહીવટી



તંત્ર દ્વારા વિશ્વ યોગ દિવસની ઉજવણીનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે તે બદલ અભિનંદન પાઠવું છું. તેમણે યોગાભ્યાસ પર ભાર મુકતાં કહ્યું કે, આપણા રોજિંદા નિત્યક્રમમાં યોગને સ્થાન આપી આપણા શરીરને સ્વસ્થ રાખી તંદુરસ્ત સમાજનું નિર્માણ કરીએ. પ્રત્યેક નાગરિક નિરોગી અને તંદુરસ્ત બનશે ત્યારે જ સ્વસ્થ સમાજ અને શક્તિશાળી રાષ્ટ્રનું નિર્માણ થશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, લોકોના આરોગ્યની જાળવણી માટે વિશ્વ યોગ દિવસની ઉજવણી પ્રસંગે અમદાવાદ જિલ્લાની તમામ કચેરીઓ, પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રો, સબ સેન્ટરો, પોલીસ સ્ટેશનો અને જિલ્લાની જેલોમાં પણ યોગના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારીશ્રી વિદેહ ખરે, પોલીસ અધિક્ષકશ્રી ઓમપ્રકાશ જહા, અમદાવાદ ગ્રામ્ય પોલીસ અધિક્ષક સુશ્રી મેઘા તેવર, ઈન્ચાર્જ નિવાસી અધિક કલેકટરશ્રી વી. કે. જોશી સહિત વિવિધ કચેરીના અધિકારીઓ, કર્મચારીઓ, પોલીસ જવાનો, વિદ્યાર્થીઓ અને સારી સંખ્યામાં નાગરિકો યોગાભ્યાસમાં જોડાયા હતા.

**વિશેષ** — અમદાવાદના બાવળા તાલુકામાં પ્રાકૃતિક ખેતીના પ્રેરણાોત બન્યા શ્રી સરદારસિંહ પઢેરીયા

# રાસાયણિક ખાતરથી જમીન અને શરીરને નુકસાન, જ્યારે પ્રાકૃતિક ખેતીથી જમીન અને શરીર બંને તંદુરસ્ત : શ્રી સરદારસિંહ પઢેરીયા









। મિતેષ સોલંકી (માહિતી) અમદાવાદ ।

અમદાવાદ જિલ્લાના બાળવા તાલુકાના ધનવાડા ગામમાં ખેડૂત શ્રી સરદારસિંહ પઢેરીયાએ પ્રાકૃતિક ખેતી તરફ આગેકૂચ કરી છે. ૧૦ એકરમાં ફેલાયેલા તેમના ખેતરમાં તેઓ ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરે છે. ગૌમૂત્ર, છાણ, વગેરેનો ઉપયોગ કરી પ્રાકૃતિક ખાતરના પ્રયોગથી પ્રાકૃતિક એટલે કે વિવિધ જાતની ઓર્ગેનિક પેદાશોનું ઉત્પાદન કરે છે. સરદારસિંહ પઢેરીયા જણાવે છે કે, પ્રાકૃતિક ખેતી તરફ વળવાનો તેમનો મૂળ હેતુ તેમના કુટુંબના સ્વાસ્થ્યની સાર - સંભાળ રાખવાનો હતો. નફો કે ખોટ અંગે વિચાર્યા વગર, સારા સ્વાસ્થ્યની પ્રાપ્તિ માટે તેમણે વર્ષ ૨૦૧૯ના સમયથી જ પ્રાકૃતિક ખેતી તરફ પા પા પગલી ભરી હતી. કુટુંબ, સમાજ અને રાષ્ટ્ર માટે કરેલી પ્રાકૃતિક ખેતીની પહેલ તેમને ખૂબ ફળી છે. ધીરે-ધીરે તેમણે પ્રાકૃતિક ખેતીને વ્યવસાય રીતે લેવાનો વિચાર કર્યો અને વધુ પાકનું વાવેતર કરવાનો નિશ્ચય કર્યો.

પ્રાકૃતિક ખેતી કરવા પાછળનું મૂળ કારણ જણાવતા તેઓ કહે છે કે, સામાન્ય ખેતીમાં જંતુનાશક દવાઓ અને રાસાયણિક ખાતરનો ઉપયોગ થાય છે, જે માણસના શરીર માટે ખૂબ હાનિકારક હોય છે. આ પ્રકારની હાનિકારક ખેતી કુટુંબ, સમાજ અને રાષ્ટ્રના નાગરિકોને કેન્સર, હાર્ટ અને કિડનીના રોગોને નોતરું આપે છે, જેથી રાસાયણિક ખાતર તેમજ જંતુનાશક દવાઓનો ઉપયોગ કરીને લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં ના કરવા જોઈએ અને પ્રાકૃતિક કે ઓર્ગેનિક ખેતી તરફ વળવું જોઈએ, કારણ કે પ્રાકૃતિક ખેતીથી જમીનના એક કણને પણ નુકસાન થતું નથી. સરદારસિંહ પઢેરીયા વધુમાં કહે છે કે, તેઓ વર્ષ ૨૦૧૯ પહેલા ડ્રાઈવર તરીકેની કામગીરી કરતા હતા, પરંતુ પ્રાકૃતિક ખેતી કરવાની પ્રેરણા તેમને તેમના પિતા શ્રી ફુલાભાઈ પઢેરીયા અને ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત તરફથી મળી છે. વર્ષ ૨૦૧૯માં તેમને બાવળા જિલ્લામાં પ્રાકૃતિક ખેતી તરફ આગેકૂચ કરી હતી ત્યારે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત તરફથી તેમનું સન્માન પણ કરવામાં આવ્યું હતું. ગાય આધારિત ખેતીમાં તેઓ જીવામૃત અને ઘનજીવામૃત ખાતરનો ઉપયોગ કરે છે. આ પ્રકારનું પ્રાકૃતિક, રસાયણો વગરનું ખાતર બનાવવા માટે તેઓ છાણ, ગૌમૂત્ર, ચણાનો લોટ અને દેશી ગોળનો પ્રયોગ કરે છે. ૪થી ૫ દિવસમાં તૈયાર થતા આ ખાતરનો ૧૨૦ કિલોનો જથ્થો એક સાથે તૈયાર કરી તેનો પ્રાકૃતિક ખેતીમાં ઉપયોગ કરવામાં આવે છે. તેઓ વધુમાં જણાવે છે કે, સરકાર દ્વારા Farmer Producer Organisation (FPO) ચલાવવામાં આવે છે. જેમાં તેમણે રજિસ્ટ્રેશન કરાવેલ છે. મોટાભાગના પાકનું વેચાણ લોકો તેમના ઘરેથી જ લઈ જાય છે. ૧૦ એકરમાં ફેલાયેલા ખેતરમાં તેમણે આંતરપાક, વિવિધ શાકભાજીઓ, મગ, ચણા, લીંબુ અને ખાસ કરીને સરગવાનું ઉત્પાદન કરેલ છે. આ સાથે જ તેઓ પર્યાવરણ પ્રેમી પણ છે, જેથી તેમણે જમીનના અમુક એકરમાં જાંબુ, સેતુ, બોરડી તેમજ લીમડો જેવાં વૃક્ષોનું વાવેતર કરેલ છે. સરદારસિંહ પઢેરીયા પ્રાકૃતિક ખેતી કરવાની સાથે લોકોને ગાય આધારિત ખેતી તરફ વળવાનું પ્રોત્સાહન આપે છે. તેઓ લોકોને કહે છે કે, આ પ્રકારની ખેતીમાં નફો તો છે જ, પરંતુ લોકોની વિશ્વસનીયતામાં પણ વધારો થાય છે અને આરોગ્યની સુખાકારી પણ જળવાય છે. આરોગ્ય માટે સૌથી સારી પ્રાકૃતિક ખેતી કરતા સરદારસિંહ પઢેરીયા આપણા સૌ માટે પ્રાકૃતિક પેદાશો તરફ વળવાનો પ્રેરણસ્રોત બન્યા છે.






સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે સરદાર સાહેબના સાનિધ્યમાં યોજાયો ૧૦મો આંતરરાષ્ટ્રીય યોગ દિવસઃ ૭૦૦ કરતા વધુ યોગસાધકોએ યોગસાધના કરી.

# તેજસ્વી યાદવના ખાનગી સચિવ પ્રીતમ કુમારની પૂછપરછ કરાશે

## પેપર લીકના કિંગપિન સિકંદર કુમાર યાદવેન્દુ સાથે પ્રીતમ કુમારના સીધા કનેકશન વિશે ઘણા તથ્યો બહાર આવ્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

NEET પેપર લીક કેસમાં તેજસ્વી યાદવના ખાનગી સચિવ પ્રીતમ કુમારની પૂછપરછ કરવામાં આવશે. ઈકોનોમિક ઓફેન્સીસ યુનિટ (EOU) તેને સમન્સ મોકલવાની તૈયારી કરી રહ્યું છે. મળતી માહિતી મુજબ, EOU પ્રીતમને પૂછપરછ માટે EOU ઓફિસ બોલાવશે અને ત્યાં તેની પૂછપરછ કરશે. હકીકતમાં, પેપર લીકના કિંગપિન સિકંદર કુમાર યાદવેન્દુ સાથે પ્રીતમ કુમારના સીધા કનેકશન વિશે ઘણા તથ્યો બહાર આવ્યા છે. NEET પેપર લીક થયા બાદ, સિકંદર યાદવેન્દુ માટે તેમની પોસ્ટિંગ સુધી સરકારી ગેસ્ટ હાઉસ બુક કરાવવામાં પ્રીતમ કુમારની ભૂમિકા બહાર આવી રહી



છે. તેથી, EOU તેને બોલાવીને પૂછપરછ કરવાની તૈયારી કરી રહ્યું છે. પેપર લીક મામલામાં બિહારના નાયબ મુખ્યમંત્રી વિજય સિન્હાએ પણ ઘણા તથ્યો જાહેર કર્યા છે અને સિકંદરના લાલુ સાથે સીધા કનેક્શન વિશે કહ્યું છે. NEET પરીક્ષા મુદ્દે બિહારના નાયબ મુખ્યમંત્રી વિજય કુમાર સિન્હાએ કહ્યું કે, આ ખૂબ જ ગંભીર મામલો છે અને તેની ઉચ્ચ સ્તરે તપાસ થવી જોઈએ. કારણ કે આ મામલો વિપક્ષના નેતા તેજસ્વી યાદવ સાથે સંબંધિત છે. તેમના PS રૂમ બુક કરે છે અને અનુરાગ યાદવને ત્યાં રાખે છે. આ દુઃખદ અને કમનસીબી છે. વિજય કુમાર સિંહાએ જણાવ્યું હતું કે, ૧ મેના રોજ તેજસ્વી યાદવના અંગત સચિવ પ્રીતમ કુમારે ગેસ્ટહાઉસના કાર્યકર પ્રદીપ કુમારને ફોન કર્યો હતો અને સિકંદર કુમાર યાદવેન્દુ માટે રૂમ બુક કરવાનું કહ્યું હતું. વિજય કુમાર સિંહાએ વધુમાં જણાવ્યું કે, ‘‘૪ મેના રોજ પ્રીતમ કુમારે પ્રદીપ કુમારને રૂમ બુક કરવા માટે ફરીથી ફોન કર્યો અને તેજસ્વી યાદવ માટે ‘મંત્રી’ શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.’’ તેમણે વધુમાં કહ્યું કે, ‘‘આખો પરિવાર કૌભાંડોથી ભરેલો છે. પિતા લાલુ યાદવ ચારા કૌભાંડ અને પુત્ર તેજસ્વી યાદવ NEET પેપર કૌભાંડ. તેજસ્વી યાદવના PAએ સિકંદર માટે ગેસ્ટ હાઉસ બુક કરાવ્યું હતું. સિકંદર એ જ વ્યક્તિ છે જેણે NEETનું પેપર લીક કર્યું હતું. પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ, બે સેટર પણ EOUના નિશાન બન્યા છે. તેમાંથી એકનું નામ અતુલ વત્સય છે જ્યારે બીજાનું નામ અંશુલ સિંહ છે. આ બંને વૈશાલીના રહેવાસી હોવાનું કહેવાય છે.

### મારા પર્સનલ સેક્રેટરીને બોલાવી લો અને તેમણે ભૂલ કરી કરી હોય તો તેમની ધરપકડ કરો

નીટ પેપર લીક મામલામાં બિહારના ડેપ્યુટી સીએમ અને હાલન વિરોધપક્ષના નેતા તેજસ્વી યાદવના પર્સનલ સેક્રેટરીની ભૂમિકા બહાર આવ્યા પછીથી તેમણે મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું છે કે જો તેમની ભૂલ હોય તો સરકાર તેમની ધરપકડ કરે, મને કોઈ જ વાંધો નથી. તેજસ્વી યાદવે નીટ પરીક્ષાના પેપરલીક મામલામાં પોતાની ભૂમિકા પર કહ્યું PA, PS બધાને સીએમ બોલાવે અને પૂછપરછ કરીલે, EOUએ તેમના PA વિશે કંઈ કહ્યું નથી. આ તો માત્ર વિજય સિન્હા બોલી રહ્યાં છે. જોકે હું તો સીએમને કહું છું કે મારા PAને બોલાવીને પૂછપરછ કરી લો. તેજસ્વી યાદવે કહ્યું કે કિંગપિનને બચાવવા માંગે છે એટલા માટે મામલાને ડાઈવર્ટ કરી રહ્યાં છે. તસ્વીર સામે આવી છે સમ્રાટ ચૌધરીની સાથે આરોપીની, તેની પર શું બોલશો. બોલાવી લો મારા સહાયકને અને જોભૂલ કરી હોય તો ધરપકડ કરી લો. અમને કોઈ જ મુશ્કેલી નથી. જોકે મારું નામ ઘસેડવાથી કંઈ જ નહિં થાય. તેજસ્વી યાદવે કહ્યું કે પેપર લીકના માસ્ટરમાઈન્ડ અમિત આનંદ છે, તેની પર કાર્યવાહી કરવી જોઈએ. ઉલ્લેખનીય છે કે નીટ પેપર લીકને લઈને સમગ્ર દેશમાં હાલ હોબાળો થયો છે અને એક દિવસ પહેલા જ બિહારના ડેપ્યુટી સીએમ વિજય સિન્હાએ આરોપ લગાવ્યો હતો કે પેપર લીક કરનાર આરોપીઓ માટે તેજસ્વી યાદવના પર્સનલ સેક્રેટરી પ્રીતમ કુમારે જ રૂમનું બુકિંગ કરાવ્યું હતું. વિજય સિન્હાએ કહ્યું હતું કે તેજસ્વી યાદવના પીએસ પ્રીતમ કુમારે ગેસ્ટ હાઉસના કર્મચારી પ્રદીપ દ્વારા માસ્ટરમાઈન્ડ સિકંદર માટે રૂમ બુક કરાવ્યો હતો. તેમણે વધુમાં કહ્યું કે ગેસ્ટ હાઉસમાં જે લોકોને પકડવામાં આવ્યા છે, તે પ્રીતમ સાથે જોડાયેલા છે અને પ્રીતમ પૂર્વ ડેપ્યુટી સીએમ તેજસ્વી યાદવના પીએસ છે.

## ન્યૂઝ બ્રિફ

### મેં દબાણમાં નહીં, ઈચ્છાથી નામ બદલ્યું : પદમનાભમ

। (એજન્સી) અમરાવતી, તા.૨૧ ।

વાય.એસ.જગન મોહન રેડ્ડીની પાર્ટી યુવા શ્રમિકા રાયથુ કોંગ્રેસ પાર્ટીના પૂર્વ મંત્રીએ સાઉથના સુપરસ્ટાર પવન કલ્યાણને ચેલેન્જ કરવી ભારે પડી છે. આંધ્ર પ્રદેશ વિધાનસભા ચૂંટણી પહેલા વાયએસઆરસીપીના નેતા મુદ્રગડા પદમનાભમે જન સેના પાર્ટીના નેતા પવન કલ્યાણને હરાવવાનો પડકાર ફેંક્યો હતો. આ સાથે તેમણે એમ પણ કહ્યું હતું કે, જો તેઓ જીતી જશે તો હું મારું નામ બદલી નાખીશ. હવે પવન કલ્યાણ જીતી ગયા છે અને પદમનાભમે પોતાનું નામ પણ બદલી નાખ્યું છે. સાઉથના સુપર સ્ટાર સામે પડકાર હારી ગયા બાદ હવે વાયએસઆરસીપીના વરિષ્ઠ નેતા મુદ્રગદા પદમનાભમ સત્તાવાર પોતાનું નામ બદલી ‘પદમનાભા રેડ્ડી કરી નાખ્યું છે. વિધાનસભા ચૂંટણી પહેલા પદમનાભમે પવન કલ્યાણને વચન આપ્યું હતું કે, જો હું પવનને હરાવવામાં નિષ્ફળ જઈશ.

### આસારામને જોધપુરની એઇમ્સ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા



। (એજન્સી) જોધપુર , તા.૨૧ ।

યૌન શોષણના કેસમાં આજીવન કેદની સજા ભોગવી રહેલા આસારામને છાતીમાં દુખાવાની ફરિયાદ બાદ જોધપુરની ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ (AIIMS)માં દાખલ કરવામાં આવ્યા છે. સુત્રોના જણાવ્યા પ્રમાણે ગત સોમવારે આસારામે છાતીમાં દુખાવાની ફરિયાદ કરી હતી, જેના પગલે જેલના અધિકારીઓ તેમને જેલની હોસ્પિટલમાં લઈ ગયા હતાં. જ્યાં તેમનો ઈલેક્ટ્રોકાર્ડિયોગ્રામ ટેસ્ટ કરાવામાં આવ્યા હતા. ત્યાર બાદ ગુરુવારે તેમને એઈમ્સમાં મોકલવામાં આવ્યા હતા. જ્યાં રિપોર્ટમાં તેમને એનિમિયા હોવાનું સામે આવ્યું હતું. આ ઉપરાંત અન્ય ટેસ્ટ રિપોર્ટ નોર્મલ આવ્યા હતા. જેથી એ પછી તેમને જેલમાં પરત મોકલી દેવામાં આવ્યા હતાં. દરમિયાન ગુરુવારે રાત્રે આસારામને છાતીમાં દુખાવાની ફરિયાદ કરતાં ફરીથી એઈમ્સમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં ડોક્ટરોએ તેમને હોસ્પિટલમાં દાખલ કર્યા હતા.

### સિક્કીમમાં ૩૦થી વધુ ગુજરાતી પ્રવાસીને સલામત સ્થળે ખસેડાયા



। (એજન્સી) સિક્કીમ, તા.૨૧ ।

સિક્કીમ ખાતે ભૂસ્ખલનની ઘટનામાં ફસાયેલા તમામ ગુજરાતી પ્રવાસીઓના રેસક્યુ કરવામાં આવ્યા છે. આ તમામ ગુજરાતી પ્રવાસીઓ સુરક્ષિત છે. લાચુંગ ગામની હોટલમાં ફસાયેલા આશરે ૩૦થી વધુ ગુજરાતી પ્રવાસીઓને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે. હાલમાં લાચુંગ ગામે કોઈ ગુજરાતી પ્રવાસી ફસાયેલો નથી અને તમામ પ્રવાસીઓ સુરક્ષિત છે. જ્યારે કેટલાક પ્રવાસીઓ તો ગુજરાત પરત પણ ફર્યા છે. સિક્કીમ રાજ્યના મંગન જિલ્લામાં ભારે વરસાદના પરિણામે ભૂસ્ખલનની ઘટના ઘટી હતી. આ ઘટના દરમિયાન નજીકના લાચુંગ ગામ ખાતે દેશભરના અનેક પ્રવાસીઓ ફસાયા હોવાના અહેવાલ પ્રાપ્ત થયા હતા. આ અંગે ગુજરાતના પ્રવાસીઓની સલામતી તથા તેમની પરિસ્થિતિ અંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગાંધીનગરની સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા સિક્કીમ રાજયના વહીવટી તંત્ર સાથે સતત સંકલન કરવામાં આવી રહ્યું હતું.

### શેરીઓથી લઈને સંસદ સુધી હોબાળો

## ઈટાલીમાં ભારતીય નાગરિકના મોતને લઈને કેવો હંગામો થયો

।(એજન્સી) નવી દિલ્હી, તા.૨૧।

ઈટાલીમાં ખેતરમાં કામ કરતા ભારતીય નાગરિકના મોતનો મામલો ચર્ચામાં છે. અકસ્માતમાં ભારતીય નાગરિકના મોત બાદ સંસદમાં પણ બેદરકારી અને અસંવેદનશીલતાનો આ મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. જે બાદ આ મામલે તપાસના આદેશ આપવામાં આવ્યા છે. ઈટલીના લેટિનામાં ખેતરોમાં કામ કરતી વખતે ભારતીય નાગરિક સતનામ સિંહ ઘાસ કાપતી વખતે તેનો હાથ કપાઈ ગયો હતો. સતનામની ઉંમર ૩૦ થી ૩૧ વર્ષની આસપાસ હોવાનું કહેવાય છે. પરંતુ ખેતર માલિકે સતનામની સારવાર કરવાને બદલે તેને તેના ઘર પાસે રોડ પર ફેંકી દીધો હતો. પોલીસનું કહેવું છે કે સતનામને રોમની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો પરંતુ તેનું બુધવારે મધરાતે મોત થયું હતું તેની



પત્ની અને મિત્રોને જાણ કરવામાં આવી છે. તમને જણાવી દઈએ કે સતનામ માન્ય દસ્તાવેજો વગર ખેતરોમાં કામ કરતો હતો. ઈટાલીમાં ભારતીય દૂતાવાસે ભારતીય નાગરિક સતનામ સિંહના મૃત્યુ પર દુઃખ વ્યક્ત કરતા તેને દુર્ભાગ્ય પૂર્ણ ગણાવ્યું છે. દૂતાવાસે કહ્યું કે તે ઈટાલીના લેટિનામાં એક ભારતીય નાગરિકના મૃત્યુના સમાચારથી વાકેફ છે. અમે સ્થાનિક વહીવટીતંત્રના સંપર્કમાં છીએ. પરિવારનો સંપર્ક કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ઈટાલીના શ્રમ મંત્રી મરિના કાલ્ડરોને સંસદમાં આ મુદ્દો ઉઠાવ્યો હતો.

### ભાઈ-બહેનના મોત, ૭ હોસ્પિટલમાં દાખલ

## પાકિસ્તાનમાં લેપટોપની બેટરીમાં વિસ્ફોટ થતાં ઘરમાં લાગી આગ

### પાકિસ્તાની મીડિયા અનુસાર, લેપટોપની બેટરી ચાર્જ થઈ રહી હતી ત્યારે તેમાં વિસ્ફોટ થયો હતો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

પાકિસ્તાનના પંજાબમાં લેપટોપની બેટરીમાં વિસ્ફોટ થવાથી ભાઈ અને બહેનના મોત થયા છે. તે જ સમયે, ૭ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. પાકિસ્તાની મીડિયા અનુસાર, લેપટોપની બેટરી ચાર્જ થઈ રહી હતી ત્યારે તેમાં વિસ્ફોટ થયો હતો.પાકિસ્તાનના પંજાબમાં એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે, જેમાં લેપટોપની બેટરી ફાટવાને કારણે એક ઘરમાં આગ લાગી હતી. આ અકસ્માતમાં એક ભાઈ અને બહેનનું મોત થયું હતું જ્યારે ઘરમાં હાજર ૭ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. પંજાબ પ્રાંતની સરકારે આ મામલાની તપાસ માટે એક સમિતિની રચના કરી છે. પંજાબ પ્રાંત પોલીસના જણાવ્યા અનુસાર, અકસ્માત ફૈસલાબાદના શરીફપુરા વિસ્તારમાં થયો હતો. પાકિસ્તાની મીડિયાના જણાવ્યા અનુસાર લેપ



ટોપની બેટરી ચાર્જ થઈ રહી હતી ત્યારે તેમાં વિસ્ફોટ થયો હતો. પોલીસ અધિકારીઓએ જણાવ્યું કે ઘટના બાદ પરિવારના નવ સભ્યો, જેમાં પાંચ બાળકો અને ઘરમાં રહેતી બે મહિલાઓનો સમાવેશ થાય છે, તેમને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.ઘાયલોને હોસ્પિટલમાં લઈ ગયા બાદ ૯ ઈજાગ્રસ્તોમાંથી ૨ (ભાઈ અને બહેન)ના મોત થયા હતા. પંજાબના મુખ્યમંત્રી મરિયમ નવાઝે અકસ્માત બાદ બાળકોના મોત પર શોક વ્યક્ત કર્યો છે. તેમણે શોકગ્રસ્ત પરિવાર પ્રત્યે સંવેદના અને સંવેદના પણ વ્યક્ત કરી છે.પાકિસ્તાનના પંજાબ પ્રાંતની સરકારે એક નિવેદન જારી કરીને કહ્યું છે કે આગમાં ઘાયલ થયેલા લોકોને શ્રેષ્ઠ સારવાર અને તબીબી સુવિધાઓ આપવાના આદેશ આપવામાં આવ્યા છે. ફૈસલાબાદના ડેપ્યુટી કમિશનરે પણ ઘટનાની તપાસ માટે એક સમિતિની રચના કરી છે.ઉત્તર પ્રદેશના મેરઠમાં પણ બેટરી વિસ્ફોટનો મામલો સામે આવ્યો છે. અહીં સ્માર્ટફોન એક પરિવાર માટે જીવન બની ગયો હતો. આ અકસ્માતમાં એક જ પરિવારના ચાર બાળકોએ જીવ ગુમાવ્યો હતો, જ્યારે તેમના માતા-પિતા ગંભીર રીતે ઘાયલ થયા હતા. આ ઉપરાંત ગુજરાતના બનાસકાંઠામાં પણ બેટરી વિસ્ફોટનો મામલો સામે આવ્યો હતો. અહીં ડીસામાં ઈ-બાઈકની બેટરી ફાટી ગઈ હતી. ઈ-બાઈકની બેટરી ચાર્જ થઈ રહી હતી ત્યારે વિસ્ફોટ થયો હતો.

### ભૂતપૂર્વ પ્રધાનોએ સરકારી બંગલો ખાલી કરવો પડશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

લોકસભા ચૂંટણીમાં હારેલા ભૂતપૂર્વ સાંસદોએ લુટિયંસ બંગલા ઝોનમાંથી તેમનું સરકારી ઘર ખાલી કરવું પડશે. લોકસભાની ગૃહ સમિતિએ ૧૭મી લોકસભાના પૂર્વ સાંસદોને નોટિસ પાઠવી છે જેઓ ૧૮મી લોકસભાની ચૂંટણી જીતી શક્યા નથી. જેમાં કહેવામાં આવ્યું છે કે, તેઓએ એક મહિનામાં સરકારી મકાન ખાલી કરવું પડશે. મળતી માહિતી મુજબ, પૂર્વ સાંસદોને ૫ જુલાઈ સુધી અને પૂર્વ મંત્રીઓને ૧૧ જુલાઈ સુધીમાં સરકારી બંગલો ખાલી કરવા નોટિસ આપવામાં આવી છે. તાજેતરમાં યોજાયેલી લોકસભા ચૂંટણીમાં મોદી સરકારના ૧૭ ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રીઓને હારનો સામનો કરવો પડ્યો હતો, જેથી હવે મંત્રીઓ પાસે રહેલો બંગલો ખાલી કરવા માટે નોટિસ આપીને ૧૧ જુલાઈ સુધીનો સમય આપ વામાં આવ્યો છે. આ મંત્રીઓમાં આર. કે. સિંહ, અર્જુન મુંડા, મહેન્દ્રનાથ પાંડે, સ્મૃતિ ઈરાની, સંજીવ બાલિયાન, રાજીવ ચંદ્રશેખર, કૈલાશ ચૌધરી, અજય મિશ્રા ટેની, વી મુરલીધરન, નિશિત પ્રામાણિક, સુભાષ સરકાર, સાધ્વી નિરંજન જ્યોતિ, રાવસાહેબ દાનવે, કૌશલ કિશોર, ભાનુપ્રતાપ વર્મા, કપિલ પાટીલ, ભગવંત ઢુબા, ભારતી પવારના નામ સામેલ છે.

### મંત્રી કુંવર બ્રિજેશ સિંહ વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરાયા

## ઉત્તર પ્રદેશમાં ભારતીય જનતા પાર્ટીની સમીક્ષા બેઠકમાં હોબાળો

### ભાજપના નેતાઓએ જ પાર્ટીના ઉમેદવારને હરાવતા હોબાળો

। (એજન્સી) સહારનપુર, તા.૨૧ ।

ઉત્તર પ્રદેશની સહારનપુર લોકસભા બેઠક પર હારની સમીક્ષા કરતી વખતે ભાજપના ધારાસભ્ય ગોવિંદ નારાયણ શુક્લાની હાજરીમાં ભારે હોબાળો થયો છે. મળતા અહેવાલો મુજબ, સમીક્ષા બેઠકમાં પાર્ટીના કેટલાક કાર્યકરોએ ભાજપના ધારાસભ્ય અને રાજ્ય સરકારના મંત્રી પર ભાજપના ઉમેદવાર રાઘવ લખનપાલને હરાવવાનો આરોપ લગાવ્યો છે. બેઠક દરમિયાન હોબાળાની સાથે સૂત્રોચ્ચાર પણ કરવામાં આવ્યા છે. ગોવિંદ નારાયણ ભાજપના ઉમેદવાર રાઘવ લખનપાલની હારની સમીક્ષા કરવા આજે સહારનપુર આવ્યા હતા. સર્કિટ હાઉસ ઓડિટોરિયમમાં બેઠકમાં આયોજન કરવામાં આવ્યું, જ્યાં હારની સમીક્ષા દરમિયાન સંગઠનના નેતાઓ વિરુદ્ધ લખનપાલને હરાવવાનો આરોપ લગાવાયો હતો. બેઠકમાં શહેરના ધારાસભ્ય રાજીવ ગુમ્બર અને રાજ્યકક્ષાના મંત્રી કુંવર બ્રિજેશ સિંહ વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા.



હંગામા બાદ સમીક્ષા બેઠક રદ કરવામાં આવી છે. ત્યારબાદ ગોવિંદ નારાયણે બંધ રૂમમાં કાર્યકર્તાઓ અને અધિકારીઓ પાસેથી ફીડબેક મેળવી રહ્યા છે. બેઠક બાદ ગોવિંદ નારાયણ શુક્લાએ મીડિયા સમક્ષ બેઠક અંગે માહિતી આપી છે. તેમણે કહ્યું કે, ‘અમારી પાર્ટીએ રાજ્યભરના કાર્યકર્તાઓ પાસેથી પ્રતિક્રિયા લીધી છે કે, જમીની વાસ્તવિકતા અને ચૂંટણીમાં શું ખામીઓ હતી? પાર્ટીના કાર્યકરો, મંડળ પ્રમુખ અને અન્ય પદાધિકારીઓ સાથે ચર્ચા-વિચારણા થઈ રહી છે.

### આમાંથી અડધાથી વધુ નોંધણી વગરના શ્રદ્ધાળુ હતા

## હજ યાત્રામાં મૃતકોની સંખ્યા હવે એક હજારને પાર થઈ ગઈ

### નિયમો મુજબ તેમને સાઉદી અરબમાં દફનાવવામાં આવી રહ્યા છે

। (એજન્સી) રિયાધ, તા.૨૧ ।

ભીષણ ગરમી પડી રહી છે. આ દરમિયાન આયોજિત થયેલી હજ યાત્રામાં મૃતકોની સંખ્યા હવે ૧૦૦૦ને પાર થઈ ગઈ છે. આમાંથી અડધાથી વધુ નોંધણી વગરના શ્રદ્ધાળુઓ હતા. એએફપીના જણાવ્યાં મુજબ લગભગ ૧૦ દેશોએ વાર્ષિક તીર્થયાત્રા દરમિયાન ૧૦૮૧ લોકોના મોત થયાની સૂચના આપી છે. મૃત તીર્થયાત્રીઓને દફનાવવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. નિયમો મુજબ તેમને સાઉદી અરબમાં જ દફનાવવામાં આવી રહ્યા છે. એએફપીના જણાવ્યાં મુજબ સાઉદી અરબમાં એક ડિપ્લોમેટે બુધવારે કહ્યું કે હજ યાત્રા દરમિયાન ૬૮ ભારતીય નાગરિકોના મોત થયા છે. નામ ન જણાવવાની શરતે વાત કરતા કહ્યું કે અમે લગભગ ૬૮ લોકોના મોતની પુષ્ટિ કરી છે. કેટલાક મોતો કુદરતી કારણે થયા છે અને અમારી પાસે કેટલાક વૃદ્ધ હજયાત્રીઓ પણ હતા. કેટલાકના મોત હવામાનની સ્થિતિના કારણે થયા છે એવું અમારું અનુમાન છે.



હજ ઈસ્લામના પાંચ સ્તંભોમાંથી એક છે અને તમામ મુસલમાનોએ ઓછામાં ઓછી એકવાર હજયાત્રા કરવી જોઈએ એવું મનાય છે. હજના સમયે ચંદ્ર ઈસ્લામી કેલેન્ડર મુજબ નિર્ધારિત હોય છે. આ વર્ષે ફરીથી ભીષણ ગરમી વખતે હજયાત્રા થઈ. નેશનલ હવામાન વિજ્ઞાન કેન્દ્રએ મક્કાની ગ્રાન્ડ મસ્જિદમાં આ સપ્તાહે ૫૧.૮ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધ્યું. હજયાત્રા દરમિયાન અનેક કારણોસર યાત્રાળુઓના મોત થતા હોય છે.

## તંત્રી લેખ...

# રશિયા અને ઉત્તર કોરિયા વચ્ચેની નવી ડીલથી દુનિયા ડરી

૨૪ વર્ષમાં પ્રથમ વખત ઉત્તર કોરિયાની મુલાકાતે આવેલા રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને કિમ જોંગ ઉન સાથે ઐતિહાસિક સમજૂતી કરી છે. આ કરાર હેઠળ બંને દેશો યુદ્ધની સ્થિતિમાં એકબીજાને સૈન્ય મદદ કરશે.ઉત્તર કોરિયાની સત્તાવાર કોરિયન સેન્ટ્રલ ન્યૂઝ એજન્સીએ ગુરુવારે માહિતી આપી હતી કે બુધવારે પ્યોંગયાંગમાં તેના નેતા કિમ જોંગ ઉન અને રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન વચ્ચે વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી કરાર પછી, ઉત્તર કોરિયા અથવા રશિયામાં કોઈપણ એક દેશ પર હુમલો થઈ શકે છે અને જો તે છે. યુદ્ધની પરિસ્થિતિમાં ધકેલવામાં આવે તો અન્ય દેશ લશ્કરી સહાય પૂરી પાડશે.બંને દેશો વચ્ચેના આ કરારની કલમ ૪ એ જોગવાઈ કરે છે કે જો એક દેશ પર હુમલો થાય અથવા યુદ્ધની સ્થિતિમાં હોય, તો બીજો દેશ તરત જ સૈન્ય અને અન્ય મદદ પૂરી પાડશે. રશિયાના રાષ્ટ્રપતિ પુતિને કહ્યું કે આ સમજૂતીની પ્રકૃતિ રક્ષણાત્મક છે, એટલે કે એક દેશ પર હુમલાની સ્થિતિમાં તે બીજાની સુરક્ષામાં મદદ કરવાનો છે. શીત યુદ્ધના અંત પછી રશિયા અને ઉત્તર કોરિયા વચ્ચે થયેલો આ સૌથી મહત્વપૂર્ણ કરાર છે. જો કે, આ સમજૂતીને લઈને હજુ સુધી એ સ્પષ્ટ કરવામાં આવ્યું નથી કે જો રશિયા કે ઉત્તર કોરિયા પર હુમલો થશે તો બંને દેશો એકબીજાને કેવા પ્રકારની મદદ કરશે, શું બંને દેશો એકબીજાના યુદ્ધમાં લડવા માટે પોતાની સેના મોકલશે કે કેમ. અથવા આ મદદ માત્ર શસ્ત્રો અને લશ્કરી સામગ્રીની ડિલિવરી સુધી મર્યાદિત રહેશે? આ સિવાય જો યુક્રેનમાં ચાલી રહેલું યુદ્ધ વધશે તો શું ઉત્તર કોરિયા આમાં પણ પોતાની ભૂમિકા વધારશે?રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન અને ઉત્તર કોરિયાના નેતા કિમ જોંગ ઉને સમજૂતીને બંને દેશો વચ્ચેના સંબંધોમાં વધુ સારા પરિવર્તનની દિશામાં એક પગલું ગણાવ્યું જેમાં સુરક્ષા, વેપાર, રોકાણ, સંસ્કૃતિ અને માનવતાવાદી સહાય જેવા વિવિધ પાસાઓ આવરી લેવામાં આવશે.ઉત્તર કોરિયાના નેતા કિમ જોંગ ઉને પણ યુક્રેન વિરુદ્ધ પુતિનના યુદ્ધમાં સંપૂર્ણ સમર્થન અને સહયોગનું વચન આપ્યું છે. કિમ જોંગે કહ્યું કે બંને દેશો અમેરિકા અને તેના સહયોગીઓની સંસ્થાનવાદી અને વિશ્વ-પ્રભુ માનસિકતા સામે લડવા માટે પ્રતિબદ્ધ છે.રશિયા અને ઉત્તર કોરિયા વચ્ચેનો આ કરાર એવા સમયે થયો છે જ્યારે અમેરિકા અને તેના સહયોગી દેશોએ યુક્રેન યુદ્ધમાં ઉત્તર કોરિયા દ્વારા રશિયાને હથિયાર અને દારૂગોળો પૂરો પાડવા પર ઊંડી ચિંતા વ્યક્ત કરી છે. અમેરિકાને એ પણ ડર છે કે રશિયાની આર્થિક અને ટેકનિકલ મદદથી ઉત્તર કોરિયા તેના પરમાણુ હથિયારો અને મિસાઈલ કાર્યક્રમને ઝડપથી વધારી શકે છે.અમેરિકાનું કહેવું છે કે રશિયા પાસેથી આર્થિક મદદ અને ટેક્નોલોજી ટ્રાન્સફરના બદલામાં ઉત્તર કોરિયા યુક્રેનમાં તેના યુદ્ધ માટે મોસ્કોને મહત્વપૂર્ણ શસ્ત્રો પૂરા પાડે છે.

# સ્વતંત્રતા પહેલાં પણ વિભિન્ન રાજનીતિજ્ઞોમાં મતભિન્નતા હતી

લોકસભા-વિધાનસભાની ગરમીમાં એક મહત્ત્વપૂર્ણ ઘટનાની જાણે-અજાણે અવગણના થઈ ગઈ. ઓડિશામાં ૨૪ વર્ષ બાદ સત્તા પરિવર્તન થયું છે. ત્યાં ભાજપ પહેલી વાર બીજૂ જનતા દળ (બીજેડી)ને પરાસ્ત કરીને પોતાના જોરે સરકાર બનાવવામાં સફળ થઈ. જ્યારે ૧૨ જૂને શપથ ગ્રહણ સમારોહ થયો, ત્યારે ન માત્ર પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અને મુખ્ય વિપક્ષી દળ બીજેડીના વડા નવીન પટનાયક સામેલ થયા, બલ્કે ભાજપી નેતૃત્વએ તેમને મંચ પર પણ સ્થાન આપ્યું. આ દરમ્યાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ સહિત ભાજપના શીર્ષ નેતા પટનાયક સાથે સહજ રીતે મળ્યા! એટલું જ નહીં, ચૂંટણી બાદ ઓડિશામાં રાજકીય હિંસાના પણ કોઈ સમાચાર નથી આવ્યા. આ બધું એટલા માટે મહત્ત્વપૂર્ણ છે કે ઓડિશાના પડોશી બંગાળમાં ભાજપ સમર્થકો અને ભાજપના પક્ષમાં મત આપનારાને સત્તારૂઢ તૃણમૂલ કોંગ્રેસના કોપભાજનનો શિકાર થવું પડી રહ્યું છે. તેની નોંધ લેતાં કલકત્તા ઉચ્ચ ન્યાયાલયે પણ મમતા સરકાર પર આકરી ટિપ્પણી કરી છે. આખરે ભારતીય રાજનીતિમાં રાજકીય-વૈચારિક વિરોધીને પ્રતિદ્વંદ્વીને બદલે શત્રુ માનવાની વિકૃતિ ક્યાંથી આવી? સ્વતંત્રતા પહેલાં પણ વિભિન્ન રાજનીતિજ્ઞોમાં મતભિન્નતા હતી. પરંતુ તેઓ એકબીજાનું સન્માન કરતા હતા. એક જ ધ્વજ તળે સંવાદ થતો હતો. કેટલાક વાચકોને આશ્ચર્ય હશે કે એક સમયે કોંગ્રેસ, હિંદુ મહાસભા અને મુસ્લિમ લીગ પણ મળીને કામ કરી ચૂક્યા હતા. ત્રણ વાર કોંગ્રેસના અધ્યક્ષ રહેલા 'ભારત-રત્ન' પંડિત મદન મોહન માલવીયએ ન માત્ર ૧૯૧૫માં અખિલ ભારતીય હિંદુ મહાસભાની સ્થાપના કરી, બલ્કે કોંગ્રેસમાં સક્રિય રહેતાં હિંદુ મહાસભાના પાંચ વિશેષ સત્રોની અધ્યક્ષતા પણ કરી. આ જ રીતે ગાંધીજી વીર સાવરકરને 'ભાઈ' કહીને સંબોધિત કરતા હતા, તો તેઓ સંઘના અનુશાસનથી પ્રભાવિત હતા. આચાર-વિચારમાં મતભેદ થયા બાદ નેતાજી સુભાષચંદ્ર બોઝે ૬ જુલાઈ, ૧૯૪૪માં ગાંધીજીની પ્રશંસા કરતાં તેમને પહેલી વાર 'રાષ્ટ્રપતિ'ની સંજ્ઞા આપી હતી. ભારતીય જનસંઘ (હવે ભાજપ)ના સહ-સંસ્થાપક ડો. શ્યામાપ્રસાદ મુખર્જી અને બંધારણ નિર્માતા ડો.ભીમરાવ આંબેડકર, બંને કોંગ્રેસ વિરોધી હતા. સ્વતંત્રતા પહેલાં ડો.શ્યામાપ્રસાદ મુખર્જી હિંદુ મહાસભા, તો ડો. આંબેડકર અનુસૂચિત જાતિ સંઘના નેતા હતા. પરંતુ ગાંધીજીની સલાહ પર આ બંને બિનકોંગ્રેસી નેતાઓ સાથે પૈંથિક પાર્ટીના બલદેવ સિંહ, જસ્ટિસ પાર્ટીના આર.કે. ષણમુખમ ચેટ્ટીને પણ સ્વતંત્ર ભારતના પહેલા મંત્રીમંડળમાં સામેલ કરવામાં આવ્યા. સંભવતઃ આ સ્વતંત્ર ભારતની પહેલી ગઠબંધન સરકાર હતી. સ્વતંત્રતા બાદ પ્રારંભિક વર્ષોમાં પણ રાજકીય શાલીનતા અને શુચિતા તુલનાત્મક રૂપે એવી જ હતી. તે પ્રતિરોધી વિચારધારાઓના ધ્વજવાહક પંડિત નેહરુ દ્વારા અટલીજીના વડાપ્રધાન બનવાની ભવિષ્યવાણી અને વાજપેયી દ્વારા નેહરુના નિધન પર વ્યક્ત ભાવુક શ્રદ્ધાંજલિ આપવા સુધીમાં સ્પષ્ટ થાય છે. ૧૯૬૨ના ભારત-ચીન યુદ્ધમાં સંઘની નિસ્વાર્થ રાષ્ટ્રસેવા જોવા અને પૂર્વગ્રહનાં વાદળો હટ્યા બાદ ૧૯૬૩માં ગણતંત્ર દિવસ પરેડમાં પંડિત નેહરુ દ્વારા આરએસએસને આમંત્રિત કરવા, ૧૯૬૫માં પાકિસ્તાન સાથે યુદ્ધ સમયે તત્કાલીન વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રીના આમંત્રણ પર સંઘના તત્કાલીન સરસંઘચાલક માધવ સદાશિવ ગોળવેલકર (ગુરુજી)ના વ્યૂહાત્મક બેઠકમાં ભાગ લેવા, મે ૧૯૭૦ અને મે ૧૯૮૦માં તત્કાલીન વડાંપ્રધાન ઈન્દિરા ગાંધી દ્વારા વીર સાવરકરના સન્માનમાં ટપાલ ટિકિટ જારી કરતાં સ્વતંત્રતા સંગ્રામમાં તેમના યોગદાનની પ્રશંસા કરવા, ૧૯૭૩માં ગુરુજીના નિધન પર ઈન્દિરા ગાંધી દ્વારા શોક પ્રકટ કરતાં. તેમને રાષ્ટ્રજીવનમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપનાર વિદ્વાન અને પ્રભાવશાળી વ્યક્તિ ગણાવવા પણ આ વાતાવરણ પરિલિક્ષત થાય છે.

**પોતાના પતિનું લાંબુ આયુષ્ય-તેના જીવનમાં કાયમ અજવાળા રહે, એવી પ્રાર્થના કરતી દરેકે દરેક સ્ત્રીને વંદન કરવા ઘટે**

# જેઠ સુદ પૂર્ણિમા એટલે વટ સાવિત્રી પૂનમ અને રમતા રામનું સૂત્ર આપનાર કબીરની જયંતિ!



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**સર્વપ્રથમ તો યોગ એટલે શું? એવો કોઈ સવાલ થાય તો સીધાસાદા શબ્દોમાં કહીએ તો યોગ એટલે સતત વિષયી ઇન્દ્રિયોમાં પ્રવૃતિ રહેતા મનને, એ ભાવમાંથી મુક્ત કરી ઈશ્વર સાથે જોડવાની ક્રિયા. ઈશ્વર સાથે જોડ અને દેહ આસક્તિ છોડ, એટલે કે સમાધિ!**

આજે પણ જેઠ સુદ પૂનમ છે, આ વ્રત કરી અને પોતાના પતિનું લાંબુ આયુષ્ય અને તેના જીવનમાં કાયમ અજવાળા રહે, એવી પ્રાર્થના કરતી દરેકે દરેક સ્ત્રીને વંદન કરવા ઘટે. પતિ પરમેશ્વર એ લગભગ દરેક ભારતીય સ્ત્રીનો પાયાનો સંસ્કાર છે. સાવિત્રી યમરાજ પાસેથી પોતાના પતિ સત્યવાનના પ્રાણ પાછો મેળવે છે, અને એ એ મહિમાને યાદ કરી દરેક પતિવ્રતા સ્ત્રી પોતાના પતિના લાંબા આયુષ્ય માટે આજના દિવસે વ્રત રાખે છે. સત્યવાનનું આયુષ્ય એક જ વર્ષનું હોવા છતાં પણ, સાવિત્રી તેની સાથે લગ્ન કરે છે. એક વર્ષ બાદ જ્યારે તેના પતિને યમરાજ લઈ જાય છે, ત્યારે તે તેની પાછળ પાછળ ચાલે છે, અને યમરાજને કહે છે કે જ્યાં મારો પતિ ત્યાં જ હું, યમરાજ તેને પાછી મોકલવા માટે વરદાન આપે છે, અને દરેક વરદાનમાં તે પોતાના પરિવારને સમૃદ્ધ કરનારી વાત માંગે છે. એટલે કે પોતાના સસરા અંધ હોય છે તો તેની માટે ચક્ષુદાન માગે છે, પોતાની માતા ને પુત્ર નથી હોતા તો, તેની માટે સો પુત્ર માગે છે, અને દરેક વખતે યમરાજ તથાસ્તુ કહે છે, એમ સાવિત્રી પોતાની બુદ્ધિથી પોતાની માટે પણ સો પુત્રનું વરદાન માંગે છે, અને યમરાજ તથાસ્તુ કહે છે. એટલે પોતે કહે છે કે પતિ વગર સો પુત્રની માતા કઈ રીતે બની શકું! અને હું એક પતિવ્રતા સ્ત્રી છું. યમરાજા પ્રસન્ન થઈને સત્યવાનના પ્રાણ પાછાં આપે છે, અને તેનું આયુષ્ય ૪૦૦ વર્ષનું કરે છે, અને ઈતિહાસ મુજબ સાવિત્રી સો બળવાન પુત્રોની માતા બને છે. હિન્દુ સંસ્કૃતિમાં આવી તો કેટલીયે વ્રત પરંપરાઓ જોડાયેલી છે, જેના થકી આપણે તેનું પાલન કરી કે વ્રત રૂપે તેને રાખી, અને આપણા પતિવ્રતા વ્રત ધર્મને મજબૂત બનાવી શકીએ છીએ. દિવસે દિવસે વ્રત અને તેને લગતા તહેવારો નું મહત્વ ઓછું થતું જાય છે. સ્ત્રી પુરુષ સમોવડી ની વાત પણ આની સાથે જોડી, અને ઘણા દલીલ કરે છે કે સ્ત્રીઓ જ શું કામ વ્રત કરે, પરંતુ વ્રત એ કોઈ ફરજિયાત કરવામાં આવતી વાત નથી, કે નથી કોઈ અંધશ્રદ્ધાનો હો વિષય. ત્યાં તો આપણી સંસ્કૃતિનો પૂર્ણ પ્રેમ અને શ્રદ્ધા વિશ્વાસ નો મહત્વનો પાયો નંખાયો છે. વ્રત કરીએ કે ના કરીએ પરંતુ આ નાજુક સંબંધોમાં શ્રદ્ધા અને વિશ્વાસ ટકી રહે એ બહુ જ જરૂરી છે. જેઠ મહિનાથી શરૂ કરી અને શ્રાવણ વદ અમાસ એટલે કે ભાદરવીના દિવસે આ વ્રત નો દોર પૂરો થાય છે. અષાઢમાં નાની કુમારિકાઓ ના વ્રતના દિવસો આવશે, અને પોતાના ભાવિ જીવનસાથી રૂપે યોગ્ય સાથી પ્રાપ્ત કરવા માટે આ પ્રકારના વ્રતો આપણે ત્યાં થાય છે. તો આજે યમરાજ પાસેથી સાવિત્રી પોતાના પતિના પ્રાણ એટલે કે આયુષ્ય પાછુ મેળવે છે, તો એ વિશે ચિંતન માં થોડી વાત કરીશું. આયુષ્ય શબ્દનો સીધો સાદો અર્થ કરીએ તો જન્મથી મૃત્યુ સુધીની અવસ્થા નો અંક. ભારતીય સંસ્કૃતિમાં પહેલા લોકો ખૂબ જ લાંબું આયુષ્ય ભોગવતાં, અને ઋષિમુનિઓ હજારો વર્ષ સુધી સમાધિમાં પણ જીવતા રહેતાં.એટલે કે આપણે ત્યાં આયુષ્ય વર્ષ મુજબ જોઈએ તો ખૂબ જ લાંબા રહેતાં, અને સૌના દીર્ઘાયુષ્ય નું એક કારણ તેની શારીરિક અને માનસિક સ્વસ્થતા પણ કહી શકાય. એટલે કે લાંબા આયુષ્ય માટે તન મન બંને તંદુરસ્ત હોવા જોઈએ. જેઠ સુદ પૂનમને દિવસે કબીર જયંતિ પણ ઉજવવામાં આવે છે. અરબીમાં કબીરનો અર્થ 'મહાન' થાય છે. કબીરદાસ ભારતના ભક્તિ કાવ્ય પરંપરાનાં મહાનતમ કવિઓમાંના એક હતા. કબીરપંથ એક ધાર્મિક સમુદાયમાં કબીરનાં સિદ્ધાંતો અને ઉપદેશોને પોતાની જીવન શૈલીનો આધાર માને છે, તેમના મતાનુસાર કબીરનો જન્મ ૧૩૯૮ ઈ.સ.માં થયો અને તેમનું મૃત્યુ ૧૫૧૮ ઈ.સ. માં થયું, અર્થાત કબીર અસાધારણ રુપે ૧૨૦ વર્ષ જીવ્યા હતા.સંત રામાનંદના શિષ્ય બન્યાં અને અલખ જગાડવા લાગ્યા. કબીર સરળ ભાષામાં કોઈ પણ સમ્પ્રદાય અને રૂઢ઼િઓની પરવા કર્યા વગર સાચી વાત કહેતા હતા. હિંદૂ-મુસલમાન બધા સમાજમાં વ્યાપ્ત રૂઢ઼વિદ તથા કટ્ટરપંથનો ખુલ્લેઆમ વિરોધ કર્યો. કબીરની વાણી તેમનાં મૌખીક ઉપદેશ તેમની સાખી, રમૈની, બીજક, બાવન-અક્ષરી, ઉલટબાસી વગેરેમાં જોઈ શકાય છે. ગુરુ ગ્રંથ સાહેબમા તેમનાં ૨૦૦ પદ અને ૨૫૦ સાખીઓ છે. કાશીમાં પ્રચલિત માન્યતા છે કે જે અહીં મરે છે તેને મોક્ષ પ્રાપ્ત થાય છે. રૂઢિગતતાનાં વિરોધી કબીર કાશી છોડી અને મગહર ગયા અને ત્યાંજ દેહ ત્યાગ કર્યો. મગહરમાં કબીરની સમાધિ છે જેને હિન્દુ અને મુસલમાન બન્ને પૂજે છે. કબીર રામ ઉપાસક રહ્યા અને એ એકેશ્વરવાદ વાદને પ્રતિપાદિત કરતાં હતાં. કબીરના રામ- તો અગમ છે, અને સંસારના કણ-કણમાં વિરાજે છે. કબીરના રામ, એકસત્તાવાદી ખુદા પણ નથી. ઈસ્લામમાં ખુદા કે અલ્લાહને સમસ્ત જગત તેમજ જીવોથી ભિન્ન તેમજ પરમ સમર્થ માનવામાં આવે છે. પણ કબીરના રામ પરમ સમર્થ અને, સમસ્ત જીવો અને જગતથી ભિન્ન તો કદાપિ નથી. અપિતુ આથી વિપરીત તેઓ તો બધામાં વ્યાપ્ત રહેવાવાળા રમતા રામ છે. તેઓ કહે છે:

**વ્યાપક બ્રહ્મ સબ મૈં એકૈ, ને પંડિત ને જોગી ।**
**રાવણ-રાવ કવનસૂં કવન તેઓદ ને રોગી ॥**
**સંતો, ધોખા કાસૂં કહિયે ગુનમૈં નિરગુન ।**
**નિરગુનમૈં ગુન, બાટ છાંડ઼ ક્યૂં બહિસે ॥**

આમ તો ઈશ્વર વિશે બધા બુદ્ધ પુરુષ એક જ વાત કહે છે, કે જે સર્વ વ્યાપ્ત છે, અને સર્વ પ્રાપ્ય પણ છે. સદગુરુ નું ચિંતન કહે છે ઈશ્વરને પણ જ્યાં જન્મ લેવાનું મન થાય, તેવી આ સુંદર પૃથ્વી, અને સુંદર પ્રકૃતિમાં આપણને જન્મ મળ્યો છે, આપણે આ પૃથ્વી પર જન્મ લીધો છે, એટલે કે પરમ પ્રેમનો સંદેશ આપવા માટે, કઈ કેટલાય ચરિત્રો આ પૃથ્વી પર આવી ગયાં, અને ઈશ્વરે પણ અવતાર ગાથા તરીકે અહીં જન્મ લીધો, અને દરેકે દરેક જણાં એ સિદ્ધ કર્યું કે પ્રકૃતિ જેમ નિષ્પક્ષ પ્રેમ કરવો, અને સર્વજન સુખાય, સર્વજન હિતાય જીવન જીવવું. ભૂલ દરેકથી થાય, અને એ ભૂલમાંથી કંઈક નવો પદાર્થ પાઠ ભણી, અને ફરી એ ભૂલ ન કરવા કટિબદ્ધ બની આગળની યાત્રા કરવી જોઈએ. તેમ આપણે પણ આપણી ભૂલોને ઈશ્વરને સોંપી, અને હવે પછી એવી કોઈ ભૂલ નહીં થાય, એટલે કે પ્રકૃતિને નુકસાન થાય એવું જીવીશું નહીં, માનવતાના ધર્મે ફરી પાછો ઉજાગર કરીશું, કે પછી સ્વાર્થવૃત્તિ ત્યજી, અન્યોન્ય ભાઈચારા અને સંપની લાગણીથી જીવીશું,અને રાધા કૃષ્ણના એ અમર પ્રેમ કે પરમ પ્રેમનાં સંદેશ મુજબ જીવીશું, એટલે કે જીવનની ક્ષણેક્ષણને અન્ય જીવોના ઉદ્ધાર માટે જીવવાનો સંકલ્પ કરીશું. તો આજે વડસાવિત્રી વ્રતના દિવસે સાવિત્રી પોતાના પ્રાણની પરવાહ કર્યા વગર, તેની પાછળ ચાલી નીકળી હતી,અને પોતાના પતિના પ્રાણ યમરાજ પાસેથી પાછા લાવી હતી. સદગુરુ કૃપા હી કેવલમ, એટલે કે સદગુરુની કૃપાથી વહેતી આ ચિંતનની ક્ષણેની નિર્મળ મંદાકિનીમાં રોજ રોજ સદગુરુ આપણને વિવિધ શબ્દાર્થનાં ભાવનાં મૂળ સુધી લઈ જાય છે, અને એ રીતે આપણે પણ આપણી સ્વાર્થ વૃત્તિ ત્યાગી, અને આજે સમાજને જયારે જરૂર છે, ત્યારે એવાં અન્ય માટે આપણા આયુષ્યની ક્ષણેક્ષણ ખર્ચવા તૈયાર થઈએ, તો કદાચ યમરાજ આપણા આયુષ્યના વધારા માટે તથાસ્તુ એવું કહી શકે. આપણા ઉચ્ચ અને ગુણવત્તાવાળા ચરિત્રો થકી ભારતીય હિંદુ સંસ્કૃતિનું આયુષ્ય નિરંતર વધતું રહે, એવી આજના દિવસે અભ્યર્થના. સનાતન ધર્મની જય.

**આજે ભગવત ગીતા જ્ઞાનમાં જોઈએ તો મનુષ્ય બે વખત ભાન ભૂલે છે, એક ભૂખથી ભાન ભૂલે છે, બીજું કામથી ભાન ભૂલે છે**

# સૃષ્ટિ ગુણદોષથી ભરેલી જ છે, કોઇપણ વસ્તુ ગુણ દોષ વિનાની નથી, દૈવી સૃષ્ટિ આસુરી સૃષ્ટિ અનાદિકાળથી છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**એકનાથજી મહારાજે આ બંને અવતારોની સુંદર તુલના કરી છે, રામજી રાજમહેલમાં અવતરે છે, કનૈયો કારાગૃહમાં, એકના નામના અક્ષર સરળ, બીજાના જોડાક્ષર, ભણતરમાં પણ સરળ અક્ષર પહેલા ભણાવે છે અને જોડાક્ષર પછી, રામ એ સરળ અક્ષર છે, શ્રીકૃષ્ણએ જોડાક્ષર છે, સરળ પછી જોડાક્ષર, તેમ રામજી પછી શ્રીકૃષ્ણાવતાર.**

ગઈ કાલે આપણે સૌએ દશમા આંતર રાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરી આનંદ સ્ફૂર્તિનો અનુભવ કાયમ ટકાવી રાખવા રાજકીય એક દિવસનો યોગ નહી પરંતુ દરરોજ શરીરની કેળવણી માટે યોગ કરી સ્વસ્થ રહો.યોગ ભગાડે રોગ કાયા રાખે મસ્ત. આજે ભગવત ગીતા જ્ઞાનમાં જોઈએ તો મનુષ્ય બે વખત ભાન ભૂલે છે. એક ભૂખથી ભાન ભૂલે છે અને બીજું કામથી ભાન ભૂલે છે. એ બે વખતને સાચવવાના છે. એકમાં રામજીને યાદ કરો અને બીજામાં શ્રીકૃષ્ણને. રામજીના મર્યાદાનું પાલન કરો, તો શ્રીકૃષ્ણ પુરુષોત્તમ પુષ્ટિ એટલે કૃપા કરશે. એકનાથજી મહારાજે આ બંને અવતારોની સુંદર તુલના કરી છે. રામજી રાજમહેલમાં અવતરે છે, કનૈયો કારાગૃહમાં. એકના નામના અક્ષર સરળ, બીજાના જોડાક્ષર. ભણતરમાં પણ સરળ અક્ષર પહેલા ભણાવે છે અને જોડાક્ષર પછી. રામ એ સરળ અક્ષર છે, શ્રીકૃષ્ણએ જોડાક્ષર છે.સરળ પછી જોડાક્ષર, તેમ રામજી પછી શ્રીકૃષ્ણાવતાર.જેના ઘરમાં રામજી ન પધારે, ત્યાં શ્રીકૃષ્ણ આવતા નથી. આ બે સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ અવતાર છે. બાકીના સર્વ અવતારો અંશાવતાર છે. અલ્પકાળ માટે તથા અલ્પજીવના ઉદ્ધાર માટે જે અવતાર થાય છે તે અંશાવતાર અને જે અનંત કાળ માટે તથા અનંત જીવોનું કલ્યાણ કરવા માટે અવતાર થાય તે પૂર્ણાવતાર. ભગવાનમાં મુખ્ય કથા કરવાની છે કનૈયાની. બીજા અવતારોની કથા કહ્યા પછી અધિકાર પ્રાપ્ત થાય.તે પછી હરિ, કલ્કિ, બુદ્ધ આદિ મળી ૨૪ અવતારો થયા છે.પરમાત્માના ૨૪ અવતાર પરમાત્મા શબ્દમાંથી જ નીકળે છે. ૫ એટલે પાંચ ૨ એટલે બે, મા એટલે સાડા ચાર, અર્ધો ત્ એટલે આઠ અને છેલ્લો મા એટલે સાડાચાર. ભગવાન વેદ વ્યાસે ભાગવત ચરિત્રોથી પરિપૂર્ણ ભાગવત નામનું પુરાણ બનાવ્યું. શૌનકજીએ પૂછ્યું કે, વ્યાસજીએ ભાગવતની રચના શા માટે કરી અને રચના કર્યા પછી તેનો પ્રચાર કેવી રીતે કર્યો તે અમને કહો. અતિશય લોભી પ્રતિ પળ ધનનું ચિંતન કરે છે, તેમ જ્ઞાની પ્રતિપળ ઈશ્વરનું સ્મરણ કરે છે. શુકદેવની વૃત્તિ જન્મથી બ્રહ્મકાર છે. શુકદેવજીની દષ્ટિ દેવદષ્ટિ હતી, દેહદષ્ટિ ન હતીએક વખત સરોવર માં અપ્સરાઓ સ્નાન કરતી હતી ત્યાંથી નિવસ્ત્રી શુકદેવજી પસાર થયા. અપ્સરાઓએ પૂર્વવત્ સ્નાન ચાલુ રાખ્યું અને કાંઈ લજ્જા અનુભવી નહીં. કપડાં પણ પહેર્યાં નહીં. થોડીવાર પછી વ્યાસજી ત્યાંથી પસાર થયા. તેઓ સવસ્ત્ર હતા છતાં તેમને જોઈ અપ્સરાઓએ તુરત પોતાનાં વસ્ત્રો પહેરી લીધાં. વ્યાસજીએ અપ્સરાઓને તેનું કારણ પૂછ્યું. તેઓએ જણાવ્યું, આપ વૃદ્ધ છો, પૂજ્ય છો, પિતા જેવા છો. પરંતુ આપના મનમાં આ પુરુષ છે. આ સ્ત્રી છે, એવો ભેદ છે.ત્યારે શુક દેવજીના મનમાં તેવો કોઈ ભેદ નથી. શુકદેવજી કેવળ બ્રહ્મજ્ઞાની નથી પણ બ્રહ્મ દષ્ટિ રાખીને ફરે છે. શુકદેવજીની અભેદ દષ્ટિ સિદ્ધ થઈ છે. તેમને ખબર નથી કે આ સ્ત્રી છે કે પુરુષ છે. સંતને જોનારો નિર્વિકાર બને છે. શુકદેવજીનાં દર્શન કરી અપ્સરાઓ પણ નિર્વિકાર બની નિષ્કામ થઈ. જનકરાજાના દરબારમાં એક વખત શુકદેવજી અને નારદજી પધાર્યા. શુકદેવજી બ્રહ્મચારી છે, જ્ઞાની છે. નારદજી પણ બ્રહ્મચારી છે. ભક્તિમાર્ગના આચાર્ય છે. બંને મહાન પુરુષો છે,પરંતુ આ બેમાંથી શ્રેષ્ઠ કોણ? જનકરાજાની રાણી સુનયનાએ બીડું ઝડપ્યું કે, હું બંને ની પરીક્ષા કરીશ. સુનયના રાણીએ બંનેને પોતાના મહેલમાં બોલાવ્યા અને હિંડોળા ઉપર બેસાડયા.પછી સુનયના રાણી શણગાર સજીને આવ્યાં અને બંનેની વચ્ચે હિંડોળા ઉપર બેસી ગયાં. આથી નારદજી ને સહેજ સંકોચ થયો. તેથી તેઓ આઘા ખસ્યા ત્યારે શુકદેવજીને તો અહીં કોણ આવીને બિરાજ્યું તેનું કાંઈ ભાન નથી.તેને સ્ત્રી- પુરુષનું કાંઈ ભાન નથી. તેઓ દૂર ખસતા નથી. સુનયના રાણીએ નિર્ણય આપ્યો કે, આ બંનેમાં શ્રેષ્ઠ શુકદેવજી છે.સ્ત્રી અને પુરુષત્વનું ભાન ભૂલાય ત્યારે સિદ્ધ થયું એમ માનવું. શુકદેવજી ને સ્ત્રીમાં સ્ત્રીત્વ દખાતું નથી. તેને સર્વમાં બ્રહ્મ દેખાય છે. પુરુષત્વ અને સ્ત્રીત્વનું સ્મરણ છે ત્યાં સુધી કામ છે. તે સ્મરણ જાય એટલે કામ મરે છે. બ્રહ્મચર્યા કરનારા સુલભ છે. શુકદેવજી જેવી બ્રહ્મદષ્ટિ રાખનાર સુલભ નથી.એવા પુરુષ ને ભાગવત ભણવાની જરૂર નથી. તો તે ભાગવત ભણવા ગયા શા માટે? શુકદેવજી ભિક્ષાવૃત્તિ માટે બહાર નીકળે છે, ત્યારે પણ ગોદોહન કાળથી એટલે કે છ મિનિટથી વધારે ક્યાંય થોભતા નથી, તો પછી સાત દિવસ બેસી તેમણે આ કથા પરીક્ષિત રાજાને કહી કેવી રીતે? અને પરીક્ષિત ભગવાનનો મોટો પ્રેમી ભક્ત હતો. તેને શ્રાપ થયો શા માટે? આ પ્રશ્નોના જવાબમાં સૂતજી કહે છે,સાંભળો દ્વાપર યુગની સમાપ્તિ નો સમય હતો.વ્યાસ નારાયણ સરસ્વતી નદીના કિનારે વ્યાસાશ્રમમાં બિરાજતા હતા. એવામાં તેમને કળિયુગનાં દર્શન થયાં.પાંચ હજાર વર્ષ પછી દુનિયા માં શું થશે તે તેમણે પ્રત્યક્ષ જોયું. તેમણે બારમાસ્કંધમાં આનું વર્ણન કર્યું છે.' વ્યાસજીએ જોયું કે, કળિયુગમાં લોકો વિલાસી થશે, બુદ્ધિહીન થશે, વેદશાસ્ત્રનું અધ્યયન કરી શકશે નહીં. તેથી વેદોનો અર્થ સમજાવવા તેમણે પુરાણોની રચના કરી. સ્ત્રી, શુદ્ર, પતિત, દ્વિજાતિ, વેદ-શ્રવણના અધિકારી નથી. એમનું પણ કલ્યાણ થાય એમ વિચારી મહાભારતની રચના કરી. મહાભારત એ સમાજશાસ્ત્ર છે. મહાભારત એ પાંચમો વેદ છે. ભા નો અર્થ થાય છે જ્ઞાન. રત એટલે રમવું.જ્ઞાન અને ભક્તિમાં રમવાની કળા જે ગ્રંથમાં બતાવી છે તે મહા ભારત. જ્ઞાનમાં જીવ જ્યારે રમણ કરવા જાય છે ત્યારે કૌરવો વિઘ્ન કરે છે. ધર્મક્ષેત્ર કહો કે, કુરુક્ષેત્ર કહો તે આ શરીર જ છે. ધર્મ-અધર્મનું યુદ્ધ તેમાં થાય છે. મહાભારત દરેકના મનમાં અને ઘરમાં ભજવાય છે. સદવૃત્તિઓ અને અસદ્વૃત્તિઓનું યુદ્ધ એ મહા ભારતજીવ ધૃતરાષ્ટ્ર છે.જેને આંખ નથી તે ધૃતરાષ્ટ્ર નથી,પણ જેની આંખમાં કામ છેતે આંધળો ધૃતરાષ્ટ્ર છે. આંધળો કોણ? તો કહે છે કે જે વિષયાનુરાગી તે આંધળો. દુઃખરૂપ કૌરવો એકવાર ધર્મને મારવા જાય છે. યુધિષ્ઠિર અને દુર્યોધન રોજ લડે છે.દુર્યોધન આજે પણ જીવે છે.સવારે ચાર વાગે ધર્મરાજા કહે છે, ઊઠ, સત્કર્મ કર! ત્યારે દુર્યોધન કહે છેઃ વહેલા ઊઠવાની શું જરૂર છે? આરામ કર! ધર્મ અને અધર્મ આ પ્રમાણે અનાદિ કાળથી લડે છે. દુષ્ટ વિચારરૂપી દુર્યોધન મનુષ્યને ઊઠવા દેતો નથી. દુર્યોધન એ અધર્મ છે. યુધિષ્ઠિર ધર્મનું સ્વરૂપ છે. ધર્મરાજાની જેમ મનુષ્યને પ્રભુ પાસે લઈ જાય છે, અને તેનો વિનાશ કરે છે, ધર્મરૂપી યુધિષ્ઠિર ઈશ્વરને શરણે જાય તો ધર્મનો વિજય થાય છે અને અધર્મ રૂપી દુર્યોધનનો વિનાશ થાય છે. આટલા ગ્રંથોની રચના કરી તેમ છતાં વ્યાસજીના મનને શાંતિ મળતી નથી. તેઓ આ અશાંતિનું કારણ શોધે છે. બહાર નહીં, અંદર. પોતાની અંદર! લોકો પુણ્યને યાદ કરશે. પરંતુ પાપને કોઈ યાદ કરતું નથી. વ્યાસજીને ચિંતા થાય છે કે મારે હાથ કાંઈ પાપ તો થયું નથી ને? ના, ના, હું નિષ્પાપ છું. પણ મને મનમાં કાંઈક ખટકે છે. મારું કોઈ કાર્ય અધુરું છે. મનુષ્યને પોતાની ભૂલ જલદી દેખાતી નથી, અને દેખાય ત્યારે સમજવું કે પ્રભુની કૃપા થઈ. જ્ઞાન, ધન અને માન સુપાત્રને મળે તો તે સુખી થાય છે. અનાધિકારીને જ્ઞાન મળે તો એ બીજાની ભૂલો જુએ છે. એનું જ્ઞાન ભક્તિમાં વિઘ્ન કરનારું થાય છે. માટે જગતમાં કોઈનો પણ દોષ જોશો નહીં. પોતાના મનને સુધારો. કોઈ તમારી ભૂલ બતાવે તો એનો ઉપકાર ભૂલશો નહીં. વ્યાસજી જ્ઞાની છે છતાં પોતાની ભૂલ શોધે છે. મનુષ્યોનો મોટામાં મોટો દોષ એ પોતાને નિર્દોષ સમજે છે એ છે. નિર્દોષ એક ઈશ્વર છે. બ્રહ્માજીની સૃષ્ટિ ગુણદોષથી ભરેલી જ છે. કોઈપણ વસ્તુ ગુણ દોષ વિનાની નથી.દૈવી સૃષ્ટિ આસુરી સૃષ્ટિ અનાદિકાળથી છે. કોઈનો દોષ જોશો નહીં. કોઈનું પાપ જોશો નહીં અને કોઈના પાપ નો વાણીથી ઉચ્ચાર કરશો નહીં, તો તમે સંત બનશો. દષ્ટિ ગુણદષ્ટિ બનાવો. આટલું કરશો તો તમે સંત થશો. સંત થશો તો તમને સંત મળશે. અમે દરરોજ સાંજે નિલકંઠ મહાદેવ-બહુચરાજી મંદિરે આરતી સમયે પહોચીએ છીએ ત્યારે એક નાનો બાળક તેના દાદાજી સાથે દર્શને કરવા આવે.ત્યાં દર્શન કરવા આવતા દર્શનાર્થી ઘંટ વગાડે,તેને જોઈ નાનો પૌત્ર જીદ કરે છે. 'દાદા મને તેડીને ઘંટ વગાડાવો ને.'પૌત્ર ભારે નટખટ અને તોફાની છે. દાદાજીનું શરીર અવસ્થાને લીધે કમજોર થઈ ગયું છે. છતાં પૌત્રને રાજી રાખવા એને તેડીને ઘંટ વગડાવે છે. બાળકની જીદ પૂરી થાય છે.આરતી પુરી થતાં પૂજારી ટોપરા ગોળની પ્રસાદી બહાર લઈને આવે છે એ બાળક પ્રસાદી લઈ બહાર મંદિરના ચોકમાં રમવા દોડી જાય છે. દાદાજી વિચાર કરે છે. છેલ્લા કેટલાક વર્ષમાં દુનિયા કેટલી બધી બદલાઈ ગઈ છે.

### 'સરફિરા' ફિલ્મનું ટ્રેલર રિલીઝ કરવામાં આવ્યું

**છેલ્લા કેટલાક સમયથી તેમની કોઈ પણ ફિલ્મ હિટ રહી ન હતી પરંતુ હવે તે એક શાનદાર ફિલ્મ સાથે આવી રહી છે**

# એક રૂપિયો લઈ પોતાની એરલાઇન ચલાવવા નીકળ્યો અક્ષય કુમાર

બોલિવુડ અભિનેતા અક્ષય કુમારની ફિલ્મ સરફિરાનું ટ્રેલર રિલીઝ થઈ ચુક્યું છે. છેલ્લા કેટલાક સમયથી તેમની કોઈ પણ ફિલ્મ હિટ રહી ન હતી પરંતુ હવે તે એક શાનદાર ફિલ્મ સાથે આવી રહી છે, ફિલ્મના ટ્રેલરને ચાહકો તરફથી સારો પ્રતિસાદ મળ્યો છે. બોલિવુડ સુપરસ્ટાર અક્ષયકુમારની અનેક એવી ફિલ્મો આ વર્ષે રિલીઝ થઈ છે. આ વર્ષ પણ તેની અનેક ફિલ્મો રિલીઝ થવા માટે તૈયાર છે. ટાઈગર શ્રોફની સાથે આવેલી તેની ફિલ્મ બડે મિયા છોંટે મિયા રિલીઝ થઈ ચુકી છે પરંતુ આ ફિલ્મે બોકસ ઓફિસ પર સારું પ્રદર્શન કરી શકી ન હતી અને ફ્લોપ રહી હતી. હવે ટુંક સમયમાં તેની વધુ એક ફિલ્મ આવી રહી છે. આ ફિલ્મનું નામ સરફિરા છે. આ ફિલ્મનું ટ્રેલર પણ રિલીઝ થઈ ચુક્યું છે. ફિલ્મમાં અક્ષય કુમારે વીર મહાત્રેનો રોલ પ્લે કર્યો છે. આ ફિલ્મમાં તેનો રોલ ચાહકોને પસંદ આવી રહ્યો છે. ટ્રેલરમાં જોવા મળી રહ્યું છે કે, કેવી રીતે મહાત્રે એક પડકાર લે છે જેને પાર કરવો એટલો સરળ રહેતો નથી.



તેને તેની આસપાસ રહેલા લોકોનો પણ સપોર્ટ મળી રહ્યો છે પરંતુ સાથે તેની ફિલ્મની ટીકા કરનારાઓની પણ કોઈ કમી નથી. ફિલ્મનું ટ્રેલર જોઈ એવું લાગે છે કે, ફિલ્મ ખુબ શાનદાર હશે. ફિલ્મના ટ્રેલરની વાત કરીએ તો ટ્રેલરની શરુઆત અક્ષય કુમારના અવાજ સાથે થાય છે. જે કહે છે મારું નામ વીર છે હું જરનદેશ્વરની પાસે આવેલા એક ગામમાંથી છું, હું ગરદન સુધી દેવામાં ડુબેલો છે. ભૂલથી પણ જે પૈસા મારી પાસે આવે છે તે દેણું ચુકવવામાં ચાલ્યા જાય છે. ફિલ્મનું ટ્રેલર ખુબ સુંદર છે જેને જોઈ સોશિયલ મીડિયા યુઝર્સ સારો રિસ્પોન્સ આપી રહ્યા છે. છેલ્લા કેટલાક સમયથી જોવા મળી રહ્યું છે કે જ્યારે પણ અક્ષય કુમારની ફિલ્મ આવી રહી છે ત્યારે તેને ચાહકો તરફથી સારો પ્રતિસાદ મળી રહ્યો નથી. ફિલ્મ બડે મિયાં છોટે મિયાં પાસેથી ચાહકોને ઘણી અપેક્ષાઓ હતી. પરંતુ આ પછી પણ ફિલ્મ કંઈ ખાસ બતાવી શકી નથી.પરંતુ ફિલ્મના આ ટ્રેલરને ખૂબ જ સારો પ્રતિસાદ મળી રહ્યો છે.

### તેણીની ફિલ્મ 'સ્ત્રી ૨' ૧૫ ઓગસ્ટે રિલીઝ થશે

# શ્રદ્ધાએ પહેલી વાર રાહુલ સાથેના સંબંધો ઈન્સ્ટા સ્ટોરી પર કેપ્શન લખી જાહેર કર્યા

બોલિવુડ અભિનેતા અક્ષય કુમારની ફિલ્મ સરફિરાનું ટ્રેલર રિલીઝ થઈ ચુક્યું છે. છેલ્લા કેટલાક સમયથી તેમની કોઈ પણ ફિલ્મ હિટ રહી ન હતી પરંતુ હવે તે એક શાનદાર ફિલ્મ સાથે આવી રહી છે, ફિલ્મના ટ્રેલરને ચાહકો તરફથી સારો પ્રતિસાદ મળ્યો છે. બોલિવુડ સુપરસ્ટાર અક્ષયકુમારની અનેક એવી ફિલ્મો આ વર્ષે રિલીઝ થઈ છે. આ વર્ષ પણ તેની અનેક ફિલ્મો રિલીઝ થવા માટે તૈયાર છે. ટાઈગર શ્રોફની સાથે આવેલી તેની ફિલ્મ બડે મિયા છોંટે મિયા રિલીઝ થઈ ચુકી છે પરંતુ આ ફિલ્મે બોકસ ઓફિસ પર સારું પ્રદર્શન કરી શકી ન હતી અને ફ્લોપ રહી હતી. હવે ટુંક સમયમાં તેની વધુ એક ફિલ્મ આવી રહી છે. આ ફિલ્મનું નામ સરફિરા છે. આ ફિલ્મનું ટ્રેલર પણ રિલીઝ થઈ ચુક્યું છે. ફિલ્મમાં અક્ષય કુમારે વીર મહાત્રેનો રોલ પ્લે કર્યો છે. આ ફિલ્મમાં તેનો રોલ ચાહકોને પસંદ આવી રહ્યો છે. ટ્રેલરમાં જોવા મળી રહ્યું છે કે, કેવી રીતે મહાત્રે એક પડકાર લે છે




જેને પાર કરવો એટલો સરળ રહેતો નથી. તેને તેની આસપાસ રહેલા લોકોનો પણ સપોર્ટ મળી રહ્યો છે પરંતુ સાથે તેની ફિલ્મની ટીકા કરનારાઓની પણ કોઈ કમી નથી. ફિલ્મનું ટ્રેલર જોઈ એવું લાગે છે કે, ફિલ્મ ખુબ શાનદાર હશે. ફિલ્મના ટ્રેલરની વાત કરીએ તો ટ્રેલરની શરુઆત અક્ષય કુમારના અવાજ સાથે થાય છે. જે કહે છે મારું નામ વીર છે હું જરનદેશ્વરની પાસે આવેલા એક ગામમાંથી છું, હું ગરદન સુધી દેવામાં ડુબેલો છે. ભૂલથી પણ જે પૈસા મારી પાસે આવે છે તે દેણું ચુકવવામાં ચાલ્યા જાય છે. ફિલ્મનું ટ્રેલર ખુબ સુંદર છે જેને જોઈ સોશિયલ મીડિયા યુઝર્સ સારો રિસ્પોન્સ આપી રહ્યા છે. છેલ્લા કેટલાક સમયથી જોવા મળી રહ્યું છે કે જ્યારે પણ અક્ષય કુમારની ફિલ્મ આવી રહી છે ત્યારે તેને ચાહકો તરફથી સારો પ્રતિસાદ મળી રહ્યો નથી. ફિલ્મ બડે મિયાં છોટે મિયાં પાસેથી ચાહકોને ઘણી અપેક્ષાઓ હતી. પરંતુ આ પછી પણ ફિલ્મ કંઈ ખાસ બતાવી શકી નથી. પરંતુ ફિલ્મના આ ટ્રેલરને ખૂબ જ સારો પ્રતિસાદ મળી રહ્યો છે.



### અનુપમ ખેર અને પરેશ રાવલ સાથે કામ કરતાં જોવા મળે છે

# અલગ વિચારધારા છતાં રત્ના પાઠકને અનુપમ ખેર, પરેશ રાવલ સાથે મિત્રતા

**પોતાના જીવન, કામ, વિચારધારા અને અભિનયની સફર વિશે વિગતે વાત કરી**

રત્ના પાઠક શાહ અને નસિરુદ્દીન શાહ ઘણા ઈન્ટરવ્યૂમાં પોતાના રાજકીય મંતવ્યો ખુલીને વ્યક્ત કરતાં જોવા મળે છે, તેમની ખાસિયત એ છે કે તેઓ પોતાની વિચારધારા અને વિરોધને પોતાના કામથી અલગ રાખી શકે છે. તેઓ અનુપમ ખેર અને પરેશ રાવલ સાથે કામ કરતાં જોવા મળે છે, જેમની વિચારધારા અને માન્યતાઓ આ કપલથી ઘણાં અલગ છે. તાજેતરમાં એક ઈન્ટરવ્યૂમાં રત્ના પાઠકે પોતાના જીવન, કામ, વિચારધારા અને અભિનયની સફર વિશે વિગતે વાત કરી હતી. અલગ વિચારધારાના લોકો સાથ પણ સહજતાથી કામ કરી શકે છે તે બાબતે રત્ના પાઠકે કહ્યું, ''અમે એવા સમયમાં મોટા થયાં છે, જ્યાં બે લોકોની વિચારધારા અલગ હોય તો પણ તેઓ મિત્રો હોઈ શકે છે. તમે તમારા પક્ષે સાચા છો અને હું મારા પક્ષે સાચી છું. વાતચીત થાય, ચર્ચા અને દલીલો થાય અને સાથે અસહમતી પણ હોય, પરંતુ તેનાથી કોઈ પ્રત્યે નફરત નથી થતી. આ હમણાનો ટ્રેન્ડ છે. આ આપણાં દેશની સંસ્કૃતિ નથી અને મેં પહેલાં પણ આવું કશું જોયું નથી. હું એવા ઘરમાં જન્મી છું, જ્યાં મારા પિતા આરએસએસ પરિવારના હતા અને મારી મમ્મી કોમ્યુનિસ્ટ પરિવારમાંથી હતી. અમારા ઘરમાં સતત ચર્ચાઓ અને દલીલો થતી રહેતી, છતાં અમે એક પરિવાર તરીકે હંમેશા સાથે રહ્યાં છીએ. હું એટલું જ જાણું છું કે અસહમતી અને કોઈ બાબતે દૃઢ વિચાર હોવા એનો મતલબ એવો



નથી કે મને એ વ્યક્તિ માટે અણગમો છે. આ નવી બાબત છે કે જો તમે મારી સાથે સહમત ન હોય તો તમે મારા જીવનમાંથી બહાર થઈ ગયા. આ આપણું કલ્ચર નથી, કમસે કમ મારું કલ્ચર તો નથી જ, કે હું જેમને ઓળખું છું તેમનું પણ નથી.'' સમાજમાં આજે વધી રહેલાં ઈનટોલરન્સ વિશે વાત કરતાં રત્ના પાઠકે જણાવ્યું,''એ લોકો આપણને ભારતીયોને સ્કૂલના મેદાનમાં બાળકો ઝઘડા કરે એ રીતે લડાવે છે. જે રીતે બુલીઝ નબળાં બાળકોને પરેશાન કરે, શું આપણે આવા બનવું છે? ના, હું આવી નહીં બનું, હું મારા બાળકોને પણ આવા બનાવી શકીશ નહીં. જે પણ લોકો પર મારા વિચારોની અસર છે, હું તેમને પણ કહીશ, કે આપણે બુલીઝ ન બની શકીએ.

# હંમેશા પ્રિટી ઝિંટા જેવા બનવાનો પ્રયાસ કરું છું: તાપસી પન્નુ

**તાપસીએ કહ્યું, ''મને લાગ્યું કે મારે તેની છાપ પર ખરા ઉતરવું જોઈએ કારણ કે હું તેના નામના કારણે બોલિવૂડમાં આવી હતી**



તાપસી પન્નુએ માર્ચ મહિનામાં જ ડેનિશ બેડમિન્ટન પ્લેયર મેથિઆસ બૉ સાથે લગ્ન કર્યા છે. તાજેતરમાં જ એક ઈન્ટરવ્યૂમાં તેણે એક મહત્વનો ખુલાસો કર્યો છે. શિખર ધવન સાથેની વાતચીત દરમિયાન તાપસીએ ખુલાસો કર્યો હતો કે તેનો પ્રિટી ઝીંટા જેવા દેખાવ તેને બોલિવૂડ સુધી લાવ્યો છે. તાપસીએ એમ પણ કહ્યું હતું કે શરૂઆતમાં તે પ્રિટી જેવું બનવાની કોશિશ પણ કરતી હતી. તાજેતરમાં જ તાપસી શિખર ધવનના શો 'ધવન કરેંગે'માં આવી હતી. તાપસીએ કહ્યું,''હું શરૂઆતમાં બોલિવૂડમાં આવી કારણ કે મારા દેખાવમાં પ્રિટી ઝિંટા સાથે સામ્યતા હતી. તેની બહુ પોઝિટીવ એનજી છે અને તમે એ બરાબર રીતે જાણો છો.'' તાપસીએ વધુમાં કહ્યું, ''મને લાગ્યું કે મારે તેની છાપ પર ખરા ઉતરવું જોઈએ કારણ કે હું તેના નામના કારણે બોલિવૂડમાં આવી હતી. તો હું હંમેશા પ્રયત્ન કરું છું કે હું તેના જેવી બની શકું.'' તેણે પ્રિટીને જીવંત અને જ્ઞાની ગણાવી હતી. ૨૧થી ૨૪ માર્ચ દરમિયાન તાપસીએ એક નાના સમારોહમાં ઉદયપુરમાં લગ્ન કર્યા. તાપસીના પ્રાઈવેટ લગ્ન વિશે એક સ્રોત દ્વારા માહિતી આપવામાં આવી હતી, ''તાપસીએ પોતાના મૂળને વળગી રહીને ભારતમાં જ લગ્ન કર્યા હતા. વિદેશથી ઘણાં સેલેબ્રિટીઝ આ લગ્ન માટે ભારત આવ્યા હતા. સાથે તેણે એ પણ તકેદારી રાખી હતી કે તેના લગ્નની એક પણ માહિતિ જાહેર ન થાય. તેણે માહિતી દબાવવાના પ્રયત્ન ન કર્યા તેના પરિણામે આ બોલિવૂડની સૌથી શાંતિથી થઈ ગયેલાં લગ્ન હતાં.'' આ સ્રોતે એવું પણ કહ્યું હતું, ''તેણે પોતાની બહેનને વેડિંગ ઓર્ગેનાઈઝર તરીકે રાખી અને પોતાના સંબંધીઓને પોતાના સ્ટાઈલિસ્ટ, ડિઝાઈનર અને ઘણું, કોઈ પણ માહિતી લીક ન થાય તે માટે તેમણે બારીકાઈથી ધ્યાન રાખ્યું.

### ૩૪ વર્ષની સોનમ પંજાબી ઇન્ડસ્ટ્રીની સૌથી વધુ ફી લેતી એક્ટ્રેસ

# સોનમ બાજવા ફિલ્મનો ખર્ચ ઘટાડવા જાતે મેકઅપ અને સ્ટાઇલિંગ કરે છે



હાલ ફિલ્મ પ્રોડક્શનના વધી રહેલાં ખર્ચ ફિલ્મ સ્ટારના ઓન્ટરાજ પાછળ વધી રહેલાં ફિલ્મના ખર્ચ અંગે કરણ જોહર સહિતના પ્રોડ્યુસર ચિંતિત છે, ત્યારે પંજાબી એક્ટર સોનમ બાજવા કહે છે કે ઓછામાં ઓછી ટીમ સાથે ટ્રાવેલ કરવાનું પસંદ કરે છે જેથી પ્રોડ્યુસર્સનો વધારાનો ખર્ચ ઓછો થઈ શકે. ૩૪ વર્ષની સોનમ પંજાબી ઈન્ડસ્ટ્રીની સૌથી વધુ ફી લેતી એક્ટ્રેસ છે. તે કહે છે કે નાની કે મોટી ટીમ રાખવી 'બહુ અંગત પસંદ' અને 'અંગત દૃષ્ટિકોણ'ની વાત છે. એક ઈન્ટરવ્યૂમાં સોમન બાજવાએ જણાવ્યું, ''મને સતત લોકોથી ઘેરાયેલું રહેવું ગમતું નથી.




મને મારી આસપાસ બને એટલા ઓછો લોકો ગમે છે. ઘણી વખત એવું પણ બન્યું છે કે મેં મારી જાતે મારો મેક અપ કર્યો છે. લગભગ ૯૯ ટકા મારી સ્ટાઈલિસ્ટ હું પોતે છું.'' સોનમે 'કેરી ઓન જટ્ટા', 'પૌદા' અને 'મંજે બિસ્તરે' જેવી ફિલ્મોમાં કામ કર્યુ છે. સોનમે આગળ કહ્યું, ''મને લાગે છે કે એક જવાબદાર કલાકાર તરીકે, જો તમે પ્રોડ્યુસરને કોઈ પણ બબાતે ખર્ચ ઘટાડવામાં મદદ કરી શકો.

# અલ્લુ અર્જુનની 'પુષ્પા ૨' ડિસેમ્બરમાં રિલીઝ થશે

પુષ્પા ૨ - ધ રૂલ'ની રાહ જોઈ અલ્લુ અર્જૂનના ફૅન્સ આતુરતાપૂર્વક રહ્યા છે, તેમને હવે આ ફિલ્મ જોવા માટે વધુ છ મહિના રાહ જોવી પડશે. હવે આ ફિલ્મ ઈન્ડિયામાં ૬ ડિસેમ્બરે રિલીઝ થશે. અલ્લુ અર્જૂને પોતાના સોશિયલ મીડિયા પર ફિલ્મ રિલીઝ છ મહિના પાછળ ગઈ હોવાના આ સમાચાર શેર કર્યા હતા. ગયા અઠવાડિયા સુધી આ ફિલ્મ ૧૫ ઓગસ્ટે રિલીઝ થવાની ચર્ચા હતી, જેની સાથે બીજી મહત્વની ફિલ્મોની રિલીઝ ક્લેશ થઈ રહી હતી, તેથી આ ફિલ્મ પાછી જવાની શંકાઓ વ્યક્ત થઈ રહી હતી. ફૅન્સ અને ઈન્ડસ્ટ્રીના લોકો પુષ્પાની ટીમ દ્વારા આવી કોઈ જાહેરાતની રાહમાં જ હતા. હવે આ ફિલ્મની રિલીઝ પાછી ગઈ છે, કારણ કે ટીમના જણાવ્યા અનુસાર તેનું કેટલુંક પોસ્ટ પ્રોડક્શનનું કામ હજુ બાકી છે. આ ફિલ્મ પહેલાં કાર્થિકા શ્રિનિવાસ દ્વારા એડિટ થઈ રહી હતી, પણ તેણે હવે આ પ્રોજેક્ટ છોડી દીધો છે. હવે ફિલ્મના ફાઈનલ કટ પર નવીન નૂલી કામ કરી રહ્યા છે. આ ફિલ્મ સાથે જોડાયેલા સોર્સના જણાવ્યા અનુસાર ફિલ્મના ડિરેક્ટર સુનિલ કુમાર વીએફએક્સના અનુક ભાગ ફરીથી કરવા માગે છે અને તેમને વધુ સારી ક્વોલિટીમાં ફરી શૂટ કરવા માગે છે. આ ફિલ્મમાં ફહાદ ફાઝિલ અને રશ્મિકા મંદાના મહકત્વના રોલમાં જોવા મળશે.




# વિવાદાસ્પદ દૃશ્યો દૂર કરવાની શરતે મંજૂરી

અનુ કપૂરની ફિલ્મ 'હમારે બારહ'ની રિલીઝને પડકારતી અરજીના પગલે મુંબઈ હાઈકોર્ટે રિલીઝ પર સ્ટે લગાવ્યો હતો. આ કેસમાં અરજદાર અને ફિલ્મમેકર્સ વચ્ચે સમાધાન થતાં હાઈકોર્ટે રિલીઝને શરતી મંજૂરી આપી છે, જેમાં વિવાદાસ્પદ દૃશ્યો દૂર કરવા અને કેટલાક ફેરફાર કરવાનો સમાવેશ થાય છે. 'હમારે બારહ' ૭ જૂને રિલીઝ થવાની હતી, પરંતુ કાનૂની ગૂંચના કારણે તેની રિલીઝ ૧૪ જૂન સુધી મુલતવી રખાઈ હતી. મુંબઈ હાઈકોર્ટે સ્ટે ઊઠાવી લીધા બાદ હવે આ ફિલ્મ ૨૧ જૂને રિલીઝ થાય તેવી શક્યતા છે. ફિલ્મની સામે થયેલી અરજીઓમાં દાવો કરાયો હતો કે, કુરાનને મનઘડંત રીતે ટાંકવામાં આવી છે અને તેનાથી મુસ્લિમ ઈસ્લામિક શ્રદ્ધા અને મુસ્લિમ સમાજની લાગણી દુભાઈ છે. તેથી ફિલ્મની રિલીઝ પર સ્ટે મૂકવા દાદ માગવામાં આવી હતી. મુંબઈ હાઈકોર્ટના જસ્ટિસ બી.પી. કોલાબાવાલા અને ફિરદોસ પૂનીવાલાની ડિવિઝન બેન્ચે ફિલ્મ નિહાળી હતી.



### 'પઠાણ' અને 'મુંજ્યા' માટે ટિકિટના દર સમાન ન હોઈ શકે: પ્રોડ્યુસર તોરાની

# 'સ્ટાર્સને તોતિંગ ફી આપવાના બદલે ભાવ-તાલ કરવા જોઈએ'

બોલિવૂડના પીઢ પ્રોડ્યુસર રમેશ તોરાનીનો એક ઈન્ટરવ્યૂ અને તેની ચર્ચાઓ બે દિવસથી વાયરલ થઈ રહ્યા છે. આ ઈન્ટરવ્યૂમાં તેમણે હાલ બોલિવૂડમાં શું ચાલી રહ્યું છે અને 'ઈશ્ક વિશ્ક રીબાઉન્ડ' ફિલ્મ વિશે વાતો કરી હતી. સ્ટાર્સને માગે તેટલી ફી આપવાના બદલે ભાવ-તાલ કરવાની જરૂરિયાત પર તેમણે ભાર મૂક્યો હતો. 'ઈશ્ક વિશ્ક રીબાઉન્ડ'માં રોહિત સરાફ, પશ્મિના રોશન, જિબ્રાન ખાન અને નૈલા ગરેવાલ જેવા કલાકારો છે. આ ફિલ્મનું ટ્રેલર લોન્ચ થઈ ચૂક્યું છે. આ અંગે રમેશ તોરાનીએ જણાવ્યું, ''અમને બહુ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. અમારા ગીતો પણ ચાર્ટમાં ટોપ પર છે. અમારું ચોથું ગીત 'ગોરે ગોરે મુખડે પે' પણ રિલીઝ થઈ ચૂક્યું છે. આગળના ત્રણ ગીતો તો ધૂમ મચાવે જ છે. તેથી આશા છે કે અમને સારું ઓપનિંગ મળશે અને મને આશા છે કે ફિલ્મને લોકોનો પ્રેમ મળશે.'' આજકાલ ટ્રેલર પણ લાંબા બને છે, તેની સામે 'ઈશ્ક વિશ્ક રીબાઉન્ડ'નું ટ્રેલર માત્ર ૨.૧૯ મિનિટનું જ હતું આ અંગે રમેશ તોરાનીએ કહ્યું, ''ટ્રેલર બનાવવું પણ એક કળા છે. ફિલ્મનો પ્લોટ, તેની ભાવનાઓ, સંગીત, તીવ્રતા, રોમાન્સ, હ્યુમર બધું જ બહાર આવવું જોઈએ. ટ્રેલરની લંબાઈ એના પછી આવે છે. એ ૨ મિનિટ, ૨.૫ મિનિટ કે ૩ મિનિટનું હોવું જોઈએ. ટ્રેલર તમને જકડી રાખે એવું હોવુ જોઈએ, એ એક જ વાત મહત્વની છે. ટ્રેલરમાં ગમે તે ન






નાખી દેવાય.'' આજકાલ સ્ટાર્સની ફી ઘટાડવાની ચર્ચાઓ જોરશોરથી ચાલે છે, તે અંગે આ પીઢ પ્રોડ્યુસરે જણાવ્યું, ''જે લોકો ફિલ્મ બનાવે છે તેમણે વિચારવુ જોઈએ કે જો તેઓ સ્ટારને અમુક રકમ આપશે તો શું તેઓ એટલાં રોકાણનું વળતર મેળવી શકશે? સ્ટાર બહુ જ વધારે ફી માગે છે. પણ જો તમે થોડું ભાવ-તાલ કરો અને તેમને સ્ટોરી, ડિરેક્ટર અને બેનર ગમે તો તેનું કોઈ નિરાકરણ પણ આવી શકે છે. મારો આ અનુભવ રહ્યો છે.'' ફિલ્મ મેકર્સ દ્વારા કરવામાં આવતી એક ટિકિટ પર એક ટિકિટ મફતની ઓફરની માંગ વિશે તોરાનીએ જણાવ્યું,''એ યોગ્ય નથી, પણ મને લાગે છે કે નાની ફિલ્મોની ટિકિટની કિંમત ઓછી હોવી જોઈએ. ઘણા મલ્ટિપ્લેક્સ દ્વારા શુક્રવારે ૧૫૦ રૂપિયાની ટિકિટ આપવામાં આવે છે, તો તમે વીકેન્ડમાં નોર્મલ ચાર્જ કરી શકો. આપણે એ સમજવું જોઈએ કે 'પઠાણ', 'મુંજ્યા', કે'ઈશ્ક વિશ્ક રિબાઉન્ડ'ની ટિકિટ એક સરખી ન હોઈ શકે. ધીરે ધીરે હવે મલ્ટિપ્લેક્સીસ સમજી રહ્યા છે. તેનાથી કિંમત પણ નિયંત્રણમાં રહે છે અને બિઝનેસની દૃષ્ટિએ પણ વધુ ટિકિટો ખરીદાય છે.''

# રાજકોટથી ઝાલોદ આવતી એસ.ટી બસમા યુવકનો મૃતદેહ મળી આવ્યો

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૧ ।

૨૧-૦૬-૨૦૨૪ શુક્રવારના રોજ સવારે આસરે ૬:૩૦ વાગે રાજકોટ-દાહોદ થી ઝાલોદ આવતી એસ.ટી બસમાં આસરે ૩૦ વર્ષની ઉમર ધરાવતા યુવકનો મૃતદેહ બસમાં જોવા મળેલ હતો. બનાવની વિગત મુજબ રાજકોટ થી રાત્રે ૮:૩૦ વાગે ઉપડનાર રાજકોટ-દાહોદ થઈ ઝાલોદ આવતી **GJ-18-Z-8670** નંબરની એસ.ટી બસ આસરે સવારે ૬:૩૦ વાગે ઝાલોદ આવી ગયેલ હતી. બસની અંદરના બધા પેસેન્જર ઉતરી જતાં એક યુવક બસના કંડક્ટરને સૂઈ ગયેલ જોવા મળેલ હતો તેની પાસે જઈ તપાસ કરતા આ યુવક મૃત થયેલ જોવા મળેલ હતો. એસ.ટી બસના કંડક્ટર દ્વારા તાત્કાલિક ઝાલોદ એસ.ટી ડેપોની ઓફિસ જઈ વિગતવાર માહિતી આપી હતી. મૃત થયેલ યુવકના પાસે મોબાઈલ હોવાથી તેના મોબાઈલ થી મૃત થયેલ યુવકના પરિવારજનોનો સંપર્ક કરવામાં આવ્યો હતો. મૃતકના પરિવારજનોને માહીતી મળતા તાત્કાલિક ઝાલોદ ખાતે પાસે આવી ગયેલ હતા તેમજ મૃતકના પરિવારજનો પાસે માહિતી લેતા મૃતક વ્યક્તિનુ નામ રાકેશ સબુડા ગરાસીયા જણાવેલ હતુ તેમજ તે રાજસ્થાનના ગાંગડતલાઈના સાગનબંગલા પાસેનો હોવાનુ માલુમ પડેલ હતું. ઝાલોદ એસ.ટી ડેપો દ્વારા તાત્કાલિક પોલીસને બોલાવતા યુવકના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલવા માટેની તજવીજ હાથ ધરી આગળની તપાસ હાથ ધરવામાં આવેલ હતી.

# વડોદરા સ્ટેશન પર એન્જિનિયરિંગના કામને કારણે કેટલીક ટ્રેનોને અસર થશે

। અમદાવાદ, તા.૨૧ ।

પશ્ચિમ રેલવેના વડોદરા સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૪ પર એન્જિનિયરિંગના કામ માટે ૨૧ જૂન ૨૦૨૪ થી ૮ સપ્ટેમ્બર ૨૦૨૪ સુધી બ્લોક લેવામાં આવી રહ્યો છે, જેના કારણે કેટલીક ટ્રેનો શોર્ટ ટર્મિનેટ/ શોર્ટ ઓરિજિનેટ થશે. જેની વિગતો નીચે મુજબ છે:-

**શોર્ટ ટર્મિનેટ ટ્રેનો**

૧. ૨૧ જૂનથી ૭ સપ્ટેમ્બર, ૨૦૨૪ સુધી, ટ્રેન ૧૯૮૨૦ કોટા-વડોદરા એક્સપ્રેસને છાયાપુરી સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ કરવામાં આવશે અને છાયાપુરી-વડોદરા વચ્ચે આંશિક રીતે રદ રહેશે

૨. ૨૧ જૂનથી ૮ સપ્ટેમ્બર, ૨૦૨૪ સુધી, ટ્રેન નંબર ૦૯૩૯૨ ગોધરા-વડોદરા મેમૂ છાયાપુરી સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે અને છાયાપુરી-વડોદરા વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

૩. ૨૧ જૂનથી ૮ સપ્ટેમ્બર, ૨૦૨૪ સુધી, ટ્રેન નંબર ૦૯૩૨૮ અમદાવાદ-વડોદરા મેમુ બાજવા સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે અને આ ટ્રેન બાજવા-વડોદરા વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

૪. ૨૧ જૂનથી ૮ સપ્ટેમ્બર, ૨૦૨૪ સુધી, ટ્રેન નંબર ૦૯૩૧૨ અમદાવાદ-વડોદરા મેમુ બાજવા સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે અને આ ટ્રેન બાજવા-વડોદરા વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

૫. ૨૧ જૂનથી ૮ સપ્ટેમ્બર, ૨૦૨૪ સુધી, ટ્રેન નંબર ૦૯૩૧૬ અમદાવાદ-વડોદરા મેમુ બાજવા સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે અને આ ટ્રેન બાજવા-વડોદરા વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

૬. ૨૧ જૂનથી ૮ સપ્ટેમ્બર, ૨૦૨૪ સુધી, ટ્રેન નંબર ૦૯૩૨૦ દાહોદ-વડોદરા મેમૂ છાયાપુરી સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે અને છાયાપુરી-વડોદરા વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

૭. ૨૧ જૂનથી ૮ સપ્ટેમ્બર, ૨૦૨૪ સુધી, ટ્રેન નંબર ૧૯૦૩૬ અમદાવાદ-વડોદરા ઈન્ટરસિટી એક્સપ્રેસ બાજવા સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે અને આ ટ્રેન બાજવા-વડોદરા વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

૮. ૨૧ જૂનથી ૮ સપ્ટેમ્બર, ૨૦૨૪ સુધી, ટ્રેન નંબર ૦૯૧૬૧ વલસાડ-વડોદરા પેસેન્જર મિયાગામ કરજણ સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે અને મિયાગામ કરજણ-વડોદરા વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

**શોર્ટ ઓરિજિનેટ ટ્રેનો**

૧. ૨૨ જૂનથી ૮ સપ્ટેમ્બર, ૨૦૨૪ સુધી, ટ્રેન નંબર ૧૯૮૧૯ વડોદરા-કોટા એક્સપ્રેસ છાયાપુરી સ્ટેશનથી શોર્ટ ઓરિજિનેટ થશે અને આ ટ્રેન વડોદરા-છાયાપુરી વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

૨. ૨૧ જૂનથી ૮ સપ્ટેમ્બર, ૨૦૨૪ સુધી, ટ્રેન નંબર ૦૯૨૭૩ વડોદરા-અમદાવાદ મેમુ બાજવા સ્ટેશનથી શોર્ટ ઓરિજિનેટ થશે અને વડોદરા-બાજવા વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

૩. ૨૧ જૂનથી ૮ સપ્ટેમ્બર, ૨૦૨૪ સુધી, ટ્રેન નંબર ૦૯૩૯૧ વડોદરા-ગોધરા મેમુ છાયાપુરી સ્ટેશનથી શોર્ટ ઓરિજિનેટ થશે અને આ ટ્રેન વડોદરા-છાયાપુરી વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

૪. ૨૧ જૂનથી ૮ સપ્ટેમ્બર, ૨૦૨૪ સુધી, ટ્રેન નંબર ૦૯૩૨૭ વડોદરા-અમદાવાદ મેમુ બાજવા સ્ટેશનથી શોર્ટ ઓરિજિનેટ થશે અને વડોદરા-બાજવા વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

૫. ૨૧ જૂનથી ૮ સપ્ટેમ્બર, ૨૦૨૪ સુધી, ટ્રેન નંબર ૦૯૩૧૧ વડોદરા-અમદાવાદ મેમુ બાજવા સ્ટેશનથી શોર્ટ ઓરિજિનેટ થશે અને વડોદરા-બાજવા વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

૬. ૨૧ જૂનથી ૮ સપ્ટેમ્બર, ૨૦૨૪ સુધી, ટ્રેન નંબર ૦૯૩૧૭ વડોદરા-દાહોદ મેમુ છાયાપુરી સ્ટેશનથી શોર્ટ ઓરિજિનેટ થશે અને આ ટ્રેન વડોદરા-છાયાપુરી વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

૭. ૨૧ જૂનથી ૮ સપ્ટેમ્બર, ૨૦૨૪ સુધી, ટ્રેન નંબર ૧૯૦૩૫ વડોદરા-અમદાવાદ ઈન્ટરસિટી એક્સપ્રેસ બાજવા સ્ટેશનથી શોર્ટ ઓરિજિનેટ થશે અને વડોદરા-બાજવા વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

૮. ૨૧ જૂનથી ૮ સપ્ટેમ્બર, ૨૦૨૪ સુધી, ટ્રેન નંબર ૦૯૧૬૨ વડોદરા-વલસાડ પેસેન્જર મિયાગામ કરજણ સ્ટેશનથી શોર્ટ ઓરિજિનેટ થશે અને વડોદરા-મિયાગામ કરજણ વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

૯. ૨૧ જૂનથી ૮ સપ્ટેમ્બર, ૨૦૨૪ સુધી, ટ્રેન નંબર ૦૯૪૯૫ વડોદરા-અમદાવાદ પેસેન્જર વડોદરાને બદલે પ્રતાપનગર સ્ટેશનથી શોર્ટ ઓરિજિનેટ થશે.

૧૦. ૨૧ જૂનથી ૮ સપ્ટેમ્બર, ૨૦૨૪ સુધી, ટ્રેન નંબર ૦૯૩૧૯ વડોદરા-દાહોદ મેમુ છાયાપુરી સ્ટેશનથી શોર્ટ ઓરિજિનેટ થશે અને આ ટ્રેન વડોદરા-છાયાપુરી વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

૧૧. ૨૧ જૂનથી ૮ સપ્ટેમ્બર, ૨૦૨૪ સુધી, ટ્રેન નંબર ૨૨૯૫૯ વડોદરા-જામનગર ઈન્ટરસિટી એક્સપ્રેસ બાજવા સ્ટેશનથી શોર્ટ ઓરિજિનેટ થશે અને વડોદરા-બાજવા વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

ટ્રેનોના સ્ટોપેજ, સમય અને રચના સંબંધિત વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને **www.enquiry.indianrail.gov.in** ની મુલાકાત લઈ શકે છે.

# શ્રી શ્રધ્ધા વિદ્યાલય સંજેલીમાં વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૧ ।

સંજેલી તાલુકામાં આવેલ યુગ શક્તિ ગાયત્રી એજ્યું. ટ્રસ્ટ સંચાલિત શ્રી શ્રધ્ધા વિદ્યાલય સંજેલીમાં વિશ્વ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળાના આચાર્ય શ્રી દિલીપકુમાર એચ. મકવાણા દ્વારા શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ યોગ વિશે માહિતી આપવામાં આવી હતી. યોગ શબ્દનો અર્થ થાય છે અને બંને મહત્વ પૂર્ણ છે. પહેલો જોડ અને બીજો સમાધિ. યોગ એ સરળ વિજ્ઞાન છે. પ્રાયોગિક વિજ્ઞાન છે, યોગ એ જીવન જીવવાની કળા , યોગ એક પૂર્ણ ચિકિત્સા પદ્ધતિ છે અને યોગના ફાયદા વિશે માહિતી આપવામાં આવી હતી. શાળાના આ. શિ. અશ્વિનભાઈ સંગાડા દ્વારા શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને યોગ કરાવીને દરરોજ સવારે ઊઠીને યોગ કરવા જોઈએ અને શરીર સ્વસ્થ રાખવા પર ભાર મૂક્યો હતો. આમ યોગ દિવસમાં શાળા પરિવાર સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.

# નાળ ફળીયા વર્ગ પિછોડા પ્રાથમિક શાળામાં વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી



। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૧ ।

૨૧મી જૂનના રોજ સંજેલી તાલુકાની નાળ ફળીયા વર્ગ પિછોડા પ્રાથમિક શાળામાં વિશ્વ યોગ દિનની ઉજવણી કરવામાં આવી.શાળાના આ.શિ. શ્રી મહેન્દ્રસિંહ વી દ્વારા શાળાના બાળકોને યોગ દિવસની ઉજવણીના ઈતિહાસ અને યોગ કરવાથી થતા ફાયદા અંગે રસપ્રદ માહિતી આપી હતી.શાળાના શિક્ષકો અને બાળકો દ્વારા સૂર્યનમસ્કારની સાથે અલગ અલગ યૌગિક ક્રિયાઓ કરી વિશ્વ યોગ દિનની ઉજવણી કરી હતી.

# થરા ખાતે દશમા આંતર રાષ્ટ્રીય યોગ દિવસની દબદબા ભેર ઉજવણી કરવામાં આવી



તસ્વીર : યશપાલસિંહ ટી. વાઘેલા, થરા

। (પ્રતિનિધી) થરા, તા.૨૧ ।

કાંકરેજ તાલુકાના થરા ખાતે આવેલી શ્રી વિનય વિદ્યા મંદિર થરા ખાતે દશમા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી મંડળના પ્રમુખ અને માર્કેટયાર્ડ થરાના ચેરમેન શ્રી અણદાભાઈ પટેલના અને થરા ઑગડ વિદ્યા મંદિર ખાતે મંડળના પ્રમુખ ધીરજભાઈ શાહના અધ્યક્ષ સ્થાને કરવામાં આવી. આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે યોગ એ પ્રાચીન વિદ્યા છે જેનાથી આપણા ઋષિ મુનિઓએ ધ્યાન દ્વારા વર્ષો સુધી તપ કર્યું હતું. યોગ કરવાથીઆપણ ને શારીરિક અને માનસિક રીતે ખુબજ ફાયદો થાય છે. બાળકોને યોગ કરવાથી પોતાના વિદ્યાભ્યાસ માં પણ ખૂબ જ ઉપયોગી સાબિત થાય છે માટે નિયમિત રીતે યોગ કરવાની શીખ આપી હતી. આ પ્રસંગે શાળાના સુપરવાઈઝર ઈશ્વરભાઈ બોકાએ પણ બાળકો ને જીવનમાં યોગ ખૂબ જ જરૂરી છે અને નિયમિત રીતે યોગ કરી જીવનમાં સફળ થવાની વાત કરી હતી. આજના આ કાર્યક્રમમાં ડામરભાઈ ખરસણ આચાર્ય હરેશ ભાઈ ચૌધરી,નટવરલાલશેખલિયા એમ.વી. પટેલ, નાથાભાઈ પટેલ, નરેશભાઈ પટેલ તેમજ શાળાનો સમગ્ર સ્ટાફ મિત્રો હાજર રહ્યા હતા. યોગનું સંચાલન નરેશભાઈ કાપડીએ કર્યું હતું.

# લીમપુર ગામે વટ સાવિત્રી વ્રતની ઉજવણી





તસ્વીર : ભરતભાઈ પંડ્યા, દિવડા કોલોની

। (પ્રતિનિધી) દિવડા કોલોની, તા.૨૧ ।

મહિસાગર જિલ્લાના કડાણા તાલુકાના લીમપુર ગામે જેઠ સુદ પૂનમને તારીખ ૨૧/૦૬ /૨૦૨૪ ને શુક્રવારના રોજ વટ સાવિત્રી વ્રત નિમિત્તે ગણપતિજી, બ્રહ્માજી, સત્યવાન, સાવિત્રીજીનું ભક્તિભાવથી પૂજન અર્ચન કરી વડદાદાને સુતર વીંટી પ્રદક્ષિણાઓ કરી હતી. શ્રી ભરતભાઈ એ.પંડ્યા દ્વારા શાસ્ત્રોક્ત વિધિથી પૂજા કરવામાં આવેલ હતી. શ્રી જયાબેન શ્રી હસુબેન શ્રી ભારતીબેન શ્રી મધુબેન શ્રી હેતલબેન શ્રી ગંગાબેન શ્રી જશીબેન શ્રી પુષ્પાબેન શ્રી મનુબેન શ્રી રમીલાબેન વગેરે એ આ વ્રત કરેલ હતું. વટ સાવિત્રી વ્રતની વાર્તા સાંભળી પોતાના સ્વામીના લાંબા આયુષ્ય માટે પ્રાર્થના કરી હતી.થાળ અને આરતિ કરી પ્રસાદ ગ્રહણ કરી સૌ બહેનોએ વ્રત સમાપ્ત કર્યું હતું.

# ઝાલોદ બી.એમ. હાઈસ્કૂલના પ્રાંગણમાં તાલુકા કક્ષાના યોગ દિવસની ઉજવણી કરવામાં આવી

## પ્રાંત અધિકારી, મામલતદાર, પોલીસ સ્ટાફ, સ્કૂલના આચાર્યો તેમજ વિદ્યાર્થીઓએ યોગ દિવસમાં ભાગ લીધો

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૧ ।

ઝાલોદ તાલુકા કક્ષાના ૧૦માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી બી.એમ. હાઈસ્કૂલના પ્રાંગણમાં કરવામાં આવી હતી. આ યોગ દિવસની ઉજવણી દરમ્યાન મોટા એલ.ઈ.ડી સ્ક્રીન પર લાઈવ પ્રસારણ દ્વારા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને વડાપ્રધાન નરેંદ્ર મોદીનું લાઈવ ઉદ્‌બોધન ઉપસ્થિત સૌ કોઈ એ નિહાળ્યું હતું. ત્યારબાદ યોગા શિક્ષણ દ્વારા યોગ કરાવવામા આવેલ હતું.



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

વડાપ્રધાન નરેંદ્ર મોદી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ લાઈવ પ્રોગ્રામમાં તેઓએ યોગ વિશે માહિતી આપી હતી. આજના ૨૧મી સદીમાં આવનારી પેઢીને યોગ કરવો ખૂબ જરૂરી છે તેનાથી તંદુરસ્ત સ્વાસ્થ્ય સાથે નિરોગી જીવન જીવી શકાય છે. નિયમિત રીતે યોગ કરવાથી સુખાકારી જીવન સાથે લાંબુ જીવન જીવી શકાય છે. આપણાં સહુના સ્વાસ્થ્ય માટે યોગ ખૂબ જ જરૂરી છે. તાલુકા કક્ષાના આ યોગ દિવસના કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રાંત અધિકારી એ.કે.ભાટીયા, મામલતદાર એસ.એમ.પરમાર, પોલીસ સ્ટાફ, આચાર્ય, શિક્ષકગણ, વિદ્યાર્થીઓ, બ્રહ્મકુમારીઝના મીતાદીદી તાલુકા પંચાયતના સદસ્ય ઉપસ્થિત રહેલ હતા. આ પ્રસંગે અંદાજીત ૫૩ શિક્ષકો, ૧૧૧૮ બાળકો, ૮૨ ગ્રામજનો થઈ કુલ ૧૨૫૩ જેટલા લોકોએ આ યોગ દિવસમાં ભાગ લીધો હતો. યોગ દિવસની ઉજવણીના સમાપન રાષ્ટ્રગીત સાથે કરવામાં આવ્યું હતું.

# ઝાલોદ સ્વામી વિવેકાનંદ બોર્ડ દ્વારા વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૧ ।

તારીખ ૨૧ જુન ૨૦૨૪ ના રોજ વિશ્વ યોગ દિવસ નિમિત્તે સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડના ઝાલોદ તાલુકા સંયોજક અભય ભાટિયા અને વિપુલભાઈ સંગાડા દ્વારા અંબાલાલ વ્યાસ ઉત્તર બુનિયાદી વિદ્યાલયમાં વિશ્વ યોગ દિવસનો કાર્યક્રમ યોજાયો જેમાં અભય ભાટીયાએ યોગ નિદર્શન કરી વિદ્યાર્થીઓ પાસે યોગ કરાવ્યા અને વિપુલ સંગાડાએ જીવનમાં યોગનું મહત્વ સમજાવી વિશ્વા યોગ દિવસ અંગેની વિસ્તૃત માહિતી આપી હતી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન શાળાના



આચાર્ય,શિક્ષકો તથા વિદ્યાર્થીઓએ ખુબ જ સુંદર સહકાર આપ્યો હતો.

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજે શારીરિક માંદગીમાંથી સાજા થવાની શક્યતા છે. સમજદારીપૂર્વક રોકાણ કરો. તમે ધાર્મિક સ્થળ અથવા કોઈક સબંધીની મુલાકાત લો એવી શક્યતા જોવાય છે. પ્રેમ પ્રકરણમાં તમને ખાટી રીતે લેવામાં આવે એવી સક્યતા છે. વ્યાપારમાં નવા વિચારોને હકારાત્મકતાથી અને ઝડપી પ્રતિસાદ આપો. આ બાબત તમારી તરફેણમાં જશે.



**વૃષભ (બ,વ,ઉ) :**

આજનો દિવસ સ્વાસ્થ્યની દૃષ્ટિએ સારો દિવસ. તમારી ખુશખુશાલ મનઃસ્થિતિ તમને ઈચ્છિત ટૉનિક આપશે તથા તમને આત્મવિશ્વાસથી સભર રાખશે. સંયુક્ત સાહસો તથા શંકાસ્પદ આર્થિક યોજનાઓમાં રોકાણ કરતા નહીં. સાંજે કોઈ જૂના મિત્રનો કૉલ આવશે અને જૂની યાદો તાજી થશે. પ્રેમ જીવનમાં સારો વળાંક આવશે કેમ કે તમે સારો સંબંધ વિકસાવશો.



**મિથુન (ક,છ,ઘ) :**

આજે તમારી શારીરિક સુસજ્જતા જાળવે એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા છે. દિવસમાં મોડેથી નાણાકીય સ્થિતિ સુધરશે. પરિવારના સભ્યોની લાગણીને દુભાવવી ન હોય તો તમારા ગુસ્સા પર કાબૂ રાખજો. એ સાથે જ યાદ રાખો કે ગુસ્સો એ ટૂંકા ગાળાનું ગાંડપણ છે, જે તમને કેટલીક ગંભીર ભૂલો કરવાની ફરજ પાડી શકે છે.



**કર્ક (ડ,હ) :**

આજે તમે પરિસ્થિતિની કમાન સંભાળશો એટલે તમારી બેચેની દૂર થઈ જશે. તમને એ સમજાવાની શક્યતા છે કે બધું સાબુના પરપોટા જેવું ક્ષણભંગુર છે જ હિંમત સાથેના પ્રથમ સંપર્કથી જ ગાયબ થઈ જાય છે. જો તમે પોતાના ઘર ના કોઈ સભ્ય જોડે ઉધાર લીધું હોય તો તેને આજ ચૂકવી દો નહીંતર તે તમારી વિરુદ્ધ કાયદકીય પગલાં લયી શકે છે.



**સિંહ (મ,ટ) :**

આજે ધીરજ રાખો કેમ કે તમારા સતત પ્રયાસો વિવેકબુદ્ધિ તથા સમજદારી તમને સફળતાની ગેરેન્ટી આપે છે. આજે નાણાં સંભાળવામાં તમને મુશ્કેલી પડશે-તમે વધુ પડતો ખર્ચ કરી બેસશો કાં તમારૂં વૉલૅટ ખોવાઈ જશે-બેદરકારીને કારણે કેટલુંત નુકસાન ચોક્કસ છે. બાળકો તેમની સિદ્ધિ દ્વારા તમને ગર્વની અનુભૂતિ કરાવશે. રૉમાન્સ માટે સારો દિવસ.



**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમારી ઊર્જાનું સ્તર રોજ કરતાં થોડું ઊંચું રહેશે. સમજદારીપૂર્વક રોકાણ કરો. દૂરના સ્થળેથી કોઈ સંબંધી તમારો સંપર્ક કરી શકે છે. તમારા દિલને અપીલ કરે એવી કોઈ વ્યક્તિને મળવાની સંભાવના અતિ પ્રબળ છે. કામના સ્થળે આકાર લઈ રહેલા ફેરફારથી તમને લાભ થશે. આજ નો દિવસ તમે ખૂબ વ્યસ્ત રહેશો પરંતુ સાંજે તમારી મનપસંદ વસ્તુઓ કરવા માટે પૂરતો સમય મળશે.



**તુલા (ર,ત) :**

આજે ગમગીનીને દૂર ફગાવી દો-જે તમારી આસપાસ ઘેરાઈ રહી છે તથા તમારા વિકાસમાં અંતરાય ઊભા કરી રહી છે. સટ્ટાકીય પ્રવૃત્તિઓ નફો લાવશે. તમારે તમારો ફાજલ સ્ય બાળકોની સોબત માણવામાં વિતાવવો જોઈએ-આવું કરવા માટે તમારે નિયમિત બાબતો કરતાં કશુંક અલગ કરવાની જરૂર પડે તો એવું કરજો. તમારી માટે પ્રેમ પવનમાં છે.



**વૃશ્ચિક (ન,ય) :**

આજે તમારા સ્વાસ્થ્ય વિશે વધારે ચિંતા કરતા નહીં, કેમ કે આવું કરવાથી તમારી બીમારી વકરી શકે છે. રોકાણ કરવું જોઈએ પણ એ પૂર્વે યોગ્ય સલાહ લો. પરિવારના સભ્યો તરફથી મળેલી સારી સલાહ તમારી માટે આજે લાભ થશે. પ્રેમમાં કોઈને સફળ થવાની કલ્પના કરવામાં મદદ કરજો. નોકરો,સહકર્મચારીઓ તથા સાથીઓ સાથે સમસ્યાઓ નકારી શકાય નહીં.



**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે થોડી ધીરજ રાખો કેમ કે તમારા સતત પ્રયાસો વિવેકબુદ્ધિ તથા સમજદારી તમને સફળતાની ગેરેન્ટી આપે છે. આજે તમારે તમારા તે સંબંધીઓ ને ઉધાર ના આપવું જોઈએ જેમને અત્યાર સુધી જૂનું ઉધાર પાછું નથી કર્યું। તમારૂં બાળક જેવું તથા નિર્દોષ વર્તન પારિવારિક સમસ્યા ઉકેલવામાં મહત્વની ભૂમિકા ભજવશે. ભૌતિક અસ્તિત્વનું હવે કોઈ મહત્વ નથી.



**મકર (ખ,જ) :**

આજે તમે અન્યોની ટીકા કરવાની ટેવને કારણે તમારે ટીકાનો સામનો કરવો પડે એવી શક્યતા છે. તમારી રમૂજવૃત્તિને ઊંચી તથા તમારા બચાવને નીચો રાખશો તો તમે કટુ ટિપ્પણીઓથી બચવા માટે સારી સ્થિતિમાં રહેશો. તમારો કોઈ પાડોશી આજે તમારી પાસે ઉધાર મંગાવ આવી શકે છે. તમને સલાહ આપવા માં આવે છે કે ઉધાર આપતા પહેલા તેની વિશ્વાસપાત્ર સારી રીતે પારખી લો નહીંતર ધન હાનિ થયી શકે છે.



**કુંભ (ગ,શ,સ) :**

આજે સ્વાસ્થ્ય બરાબર રહેશે. જીવનસાથી જોડે પૈસા થી સંબંધિત મુદ્દા વિષે દલીલ થયી શકે છે. આજે તમે ફિજૂલખર્ચી વિષે પોતાના જીવન સાથી ને ભાષણ પણ આપી શકો છો। એક જૂનો મિત્ર દિવસના અંત ભાગમાં મુલાકાત લેશે. આજે તમે પ્રેમાળ મૂડમા હશો-આથી તમારા અને તમારા પ્રિયપાત્ર માટે ખાસ યોજના ચોક્કસ બનાવજો.



**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે કશુંક કરવાની તમારી અનિચ્છા તમને લાગણીશીલ તથા માનસિક અભિગમનો શિકાર બનાવશે. તમે તેજસ્વી નવા વિચારો સાથે સામે આવશો, એ વિચારો તમને આર્થિક લાભ આપવશે. તમારૂં જ્ઞાન તથા સારી રમૂજવૃત્તિ તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરશે. વ્યસ્ત રસ્તા પર તમે અનુભવશો કે તમે સૌથી નસીબદાર છો, કેમ કે તમારું પ્રિયપાત્ર સૌથી શ્રેષ્ઠ છે.

મોટા લોકોનું નેટવર્ક બચાવવાનો પ્રયાસ...'

# NEET કેસમાં RJD સાંસદ મનોજ ઝા પર નિશાન સાધ્યું



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧।

NEET પેપર લીકનો મુદ્દો સતત વેગ પકડી રહ્યો છે. એવા સંકેતો મળી રહ્યા છે કે આ મામલો બિહાર સાથે જોડાયેલો છે અને તેને લઈને રાજકારણ પણ શરૂ થઈ ગયું છે. NEET મુદ્દે BJP અને RJD સામસામે આવી ગયા છે. NEET પેપર લીક કેસમાં બિહારના ડેપ્યુટી સીએમ વિજય સિન્હાએ મોટો દાવો કર્યો છે કે પૂર્વ નાયબ મુખ્યમંત્રી તેજસ્વી યાદવના પીએસ પ્રિતમે NEET પેપર લીકના માસ્ટરમાઈન્ડ સિકંદર માટે રૂમ બુક કરાવ્યો હતો.વિજય સિંહાએ NEET અને "Mintri NH" કનેક્શન પર એક પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે 'મેં આ મામલે વિભાગીય તપાસ હાથ ધરી છે. માહિતી અનુસાર, ૧ મેના રોજ, તેજસ્વીના પીએસ પ્રીતમ કુમારે RCD કર્મચારી પ્રદીપને રાજ્ય સરકારના રોડ કન્સ્ટ્રક્શન ડિપાર્ટમેન્ટ (NH)ના ઈન્સ્પેક્શન ગેસ્ટ હાઉસમાં સિકંદર કુમાર માટે રૂમ બુક કરાવવા માટે બોલાવ્યા હતા. તેમણે વધુમાં કહ્યું કે હવે ગેસ્ટ હાઉસનો નિયમ છે કે વધુમાં વધુ ત્રણ રૂમ ૩ દિવસ માટે બુક કરાવી શકાય છે. માત્ર NH અધિકારીઓને આનાથી વધુ બુકિંગ કરવાની મંજૂરી છે. જો સીબીઆઈ આ મામલે પ્રિતમ કુમાર અને તેજસ્વીની પૂછપરછ કરે તો સ્પષ્ટ થશે કે પેપર લીકમાં કોણ કોણ સામેલ છે.ડેપ્યુટી સીએમએ કહ્યું કે સામાન્ય રીતે બિહારમાં માત્ર મંત્રીઓ જ નહીં પરંતુ બાદમાં પૂર્વ મંત્રીઓને પણ મંત્રી કહેવામાં આવે છે. એ જ રીતે પ્રીતમે મંત્રીજી કહીને બુકિંગ કરાવ્યું. વિજય સિંહા દાવો કરી રહ્યા છે કે પ્રીતમ અને સિકંદર યાદવ વચ્ચેના સંબંધોની કડી વધુ મજબૂત થઈ રહી છે. પ્રીતમે મંત્રીના નામે જે રૂમ બુક કર્યો હતો તે તેજસ્વીના નામે બુક કરાવ્યો હતો. પ્રતિભાનું સન્માન થવું જોઈએ, સરકાર પણ વાકેફ છે, પરંતુ તે લોકો કોણ છે જેઓ માત્ર સિસ્ટમને જ નહીં પરંતુ સમગ્ર બિહારને બદનામ કરે છે? સંપૂર્ણ તપાસ રિપોર્ટ આવ્યા બાદ કોઈને છોડવામાં આવશે નહીં.વિજય સિંહાના આરોપો પર આરજેડી તરફથી જવાબ આવ્યો છે. આરજેડી નેતા મનોજ ઝાએ કહ્યું કે, NEETથી પ્રભાવિત ૨૫ લાખ બાળકોનું અંધકારમય ભવિષ્ય તેમના માટે ચિંતાનો વિષય નથી. ગેસ્ટ હાઉસ કોણે બુક કરાવ્યું તેની ચર્ચા ચાલી રહી છે. ગેસ્ટ હાઉસ તેમના માટે ચિંતાનો વિષય છે. ખોટી સ્ટોરી પર ગેસ્ટ હાઉસની સ્ટોરી બનાવવામાં આવી રહી છે. ખોટી વાર્તાઓ ઘડવામાં આવી રહી છે. NEETમાં મોટા લોકો અને તેમના નેટવર્કને સુરક્ષિત કરવાનો પ્રયાસ છે.આરજેડી સાંસદે કહ્યું કે ધર્મેન્દ્ર પ્રધાન પહેલા ક્લીન ચિટ આપે છે અને પછી ઢોંગ કરે છે કે કેટલીક અનિયમિતતા છે.

# 'હરિયાણા દિલ્હીને પૂરું પાણી આપી રહ્યું છે, અછતનું કારણ AAP સરકારનું ગેરવહીવટ છે'

## છેલ્લા ઘણા સમયથી દિલ્હી સરકાર હરિયાણામાંથી અપૂરતું પાણી મેળવવાના સતત પાયાવિહોણા આરોપો લગાવી રહી છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

દિલ્હીમાં ચાલી રહેલા જળ સંકટ વચ્ચે હરિયાણાના જળ સંસાધન મંત્રી અભય સિંહ યાદવે કહ્યું છે કે દિલ્હીમાં પાણીની સમસ્યા આમ આદમી પાર્ટીની સરકારના ''આંતરિક ગેરવહીવટ''ના કારણે ઉભી થઈ છે. યાદવે ભાજપ શાસિત હરિયાણા દિલ્હીને પાણીનો જરૂરી હિસ્સો પૂરો પાડતું નથી તેવા દિલ્હી સરકારના આક્ષેપને ''પાયાવિહોણા'' અને ''તથ્યોની બહાર'' તરીકે નકારી કાઢ્યો હતો. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે હરિયાણા હાલમાં દિલ્હીને ૧,૦૫૦ ક્યુસેક પાણી પૂરું પાડે છે, જે ૭૧૯ ક્યુસેકની ફરજિયાત ફાળવણી કરતાં વધુ છે. સિંચાઈ અને જળ સંસાધન રાજ્ય મંત્રી યાદવે દિલ્હીમાં મીડિયા સાથે વાત કરતા કહ્યું કે હરિયાણા પાણીના મુદ્દા પર રાજનીતિ કરતું નથી, પરંતુ પાણીને મૂળભૂત જરૂરિયાત માને છે. મંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે રાષ્ટ્રીય રાજધાનીમાં પાણીનો પુરવઠો સુનિશ્ચિત કરવો એ એક સામૂહિક જવાબદારી છે, જેને હરિયાણા કોઈપણ ખચકાટ વિના પૂર્ણ કરી રહ્યું છે. યાદવે



કહ્યું કે તાજેતરમાં સુપ્રીમ કોર્ટમાં છછઁ સરકારની અરજીના જવાબમાં હરિયાણા સરકારે દિલ્હીને તેના પાણી પુરવઠાના ડેટા સબમિટ કર્યા છે.તેમણે કહ્યું, ''આ ડેટા ૨૩ મે થી ૧૨ જૂન, ૨૦૨૪ સુધીના સમયગાળા માટે છે, જે દર્શાવે છે કે હરિયાણાએ દિલ્હી માટે મુનાક હેડ પર સતત ૧,૦૫૦ ક્યુસેક પાણી છોડ્યું છે ૯૨૪ ક્યુસેક પાણી બવાના પોઈન્ટ પર મોકલવામાં આવ્યું હતું. યાદવે કહ્યું કે સંપૂર્ણ પાણી મેળવવાની સત્તાવાર મીટિંગમાં સ્વીકારવા છતાં, દિલ્હી સરકાર મીડિયા અને રાજકીય મંચોમાં ભ્રામક અને અતિશયોક્તિપૂર્ણ આંકડાઓ રજૂ કરી રહી છે.હરિયાણા સિંચાઈ વિભાગના કમિશનર અને સચિવ પંકજ અગ્રવાલ અને અન્ય રાજ્ય અધિકારીઓ સાથે દિલ્હી પહોંચેલા યાદવે જણાવ્યું હતું કે હરિયાણા દિલ્હીને ફાળવેલ પાણી સતત સપ્લાય કરી રહ્યું છે, પરંતુ ચોક્કસ ડેટા સાથે તેમના દાવાને સમર્થન આપ્યું હતું. હરિયાણાના મંત્રીએ કહ્યું, 'દિલ્હી ૬૧૩ સ્ન્ઙ (૧,૧૪૧ ક્યુસેક)ની માંગ કરી રહી છે, જે અપર યમુના રિવર બોર્ડ દ્વારા તેના રિપોર્ટમાં ઉલ્લેખિત આંકડા કરતાં વધુ છે (મુનાક ખાતે ૧,૦૧૧ ક્યુસેક અને બવાના ખાતે ૯૨૪ ક્યુસેક).'તેમણે દાવો કર્યો હતો કે, 'દિલ્હીના જલ (જળ) મંત્રીના પત્રે પણ સ્વીકાર્યું છે કે દિલ્હીને ૧૮ જૂન, ૨૦૨૪ના રોજ ૫૧૩ સ્ન્ઙ અથવા ૯૫૪ ક્યુસેક પાણી મળી રહ્યું છે, જે એ હકીકતની પુષ્ટિ કરે છે કે હરિયાણાએ હંમેશા દિલ્હીને સંપૂર્ણ પાણી પૂરું પાડ્યું છે અને કોઈપણ દિલ્હીમાં પાણીની તંગી માત્ર દિલ્હીના આંતરિક ગેરવહીવટને કારણે છે.'' દિલ્હી સરકારની ટીકા કરતા, તેમણે 'આંતરિક ગેરવહીવટને સંબોધવાને બદલે પાણીના મુદ્દા પર રાજકીય નાટક' કરવાનો આરોપ લગાવ્યો.




નવી દિલ્હીમાં AFS પાલમ ખાતે બાંગ્લાદેશના વડાપ્રધાન શેખ હસીનાનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું.

### ચીને ગલવાન જેવા હુમલાનું પુનરાવર્તન કર્યું

# પાડોશી દેશની નૌકાદળ પર હથોડી અને છરી વડે હુમલો કર્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

ચીને ફરી એકવાર ગલવાન જેવી ઘટનાને અંજામ આપ્યો છે. આ વખતે તેણે દક્ષિણ ચીન સાગરમાં ફિલિપાઈન્સ નેવીને નિશાન બનાવ્યું છે. હથોડા અને છરીઓથી સજ્જ ચીની સૈનિકોએ ફિલિપિનો સૈનિકોને ઘેરી લીધા અને તેમની બોટ પર હુમલો કર્યો. ફિલિપિનો અધિકારીઓના જણાવ્યા અનુસાર, ચીની સૈનિકોએ અમારા નૌકાદળના સૈનિકોને સેકન્ડ થોમસ શોલ ખાતે તૈનાત સૈનિકોને ખોરાક અને શસ્ત્રો સહિતનો પુરવઠો લઈ જવાથી રોકવાનો પ્રયાસ કર્યો અને બોટ પર હુમલો કર્યો. વાસ્તવમાં ચીને બીજા થોમસ શોલને લઈને હંગામો મચાવ્યો છે. ચીન તેના નકશામાં આ સમુદ્ર પર દાવો કરે છે. જ્યારે અન્ય થોમસ શોલ પર ફિલિપાઈન્સનો કબજો છે, ૧૯૯૯માં ફિલિપાઈન્સ નૌકાદળનું એક જહાજ શોલ પર ઉતારવામાં આવ્યું હતું. તે દક્ષિણ ચીન સાગરના સ્પ્રેટલી ટાપુઓમાં ડૂબી ગયેલો ખડક છે. જે ફિલિપાઈન્સના પલાવાનથી ૧૦૫ નોટિકલ માઈલ પશ્ચિમમાં છે. આ એક વિવાદિત વિસ્તાર છે અને તાઈવાન અને વિયેતનામ સહિતના અન્ય દેશો પણ આ વ્યસ્ત જળમાર્ગ પર દાવો કરે છે.આને લઈને ચીન અને ફિલિપાઈન્સ વચ્ચે વિવાદ ચાલી રહ્યો છે. આ વખતે, ચીની કોસ્ટ ગાર્ડના કર્મચારીઓ આઠ મોટરબોટમાં આવ્યા અને ફિલિપાઈન નૌકાદળની બે ફ્લેટેબલ બોટ પર વારંવાર હુમલો કર્યો, તેમના જહાજોને ચાકુ, છરીઓ અને હથોડીઓથી નુકસાન પહોંચાડ્યું.દલીલોઅનેવારંવારનામુકાબલો પછી, ચાઈનીઝ કોસ્ટ ગાર્ડના કર્મચારીઓ ફિલિપાઈન નૌકાદળના જહાજોમાં સવાર થયા અને આઠ સ્૪ રાઈફલો જપ્ત કરી, ફિલિપાઈન સુરક્ષા અધિકારીઓએ એસોસિએટેડ પ્રેસને જણાવ્યું. આ હથિયારો બોક્સમાં પેક કરવામાં આવ્યા હતા. સુરક્ષા અધિકારીઓએ જણાવ્યું હતું કે તેઓ ફિલિપાઈન નૌકાદળના ઘણા કર્મચારીઓ સાથે પણ અથડામણ કરી હતી, જેમાંથી ઘણા ઘાયલ થયા હતા. આમાંથી એક સૈનિકે તેનો જમણો અંગૂઠો ગુમાવ્યો હતો. ફિલિપાઈન્સ આમી દ્વારા પોસ્ટ કરવામાં આવેલા વિડિયોમાં ચાઈનીઝ સૈનિકો ફિલિપાઈન નૌકાદળના કર્મચારીઓ અને તેમની સપ્લાય બોટથી ઘેરાયેલા છે, તેમની પાસે ચાકુ સહિતના તીક્ષ્ણ હથિયારો છે. બંને દેશના સૈનિકો એકબીજા પર બૂમો પાડી રહ્યા છે. સાયરનનો અવાજ સંભળાય છે. ચાઈનીઝ કામદારો લાકડી વડે ફિલિપિનો બોટ તોડી નાખે છે અને લાકડી સાથે બેગ જેવો દેખાય છે તે પકડી લે છે. ફિલિપાઈન્સના સશસ્ત્ર દળોના વડા જનરલ રોમિયો બ્રાઉડર જુનિયરે ચીની સૈનિકોને ચાંચિયા ગણાવ્યા અને અથડામણ દરમિયાન જપ્ત કરાયેલી રાઈફલો અને સાધનો પરત કરવાની માંગ કરી. બ્રાઉડર જુનિયરે કહ્યું, ''અમે માંગ કરી રહ્યા છીએ કે ચીની અમારી રાઈફલ્સ અને અમારા સાધનો પરત કરે અને અમે પણ માંગ કરી રહ્યા છીએ કે તેઓ તેમના દ્વારા થયેલા નુકસાનની ભરપાઈ કરે.''

### પાઇપમાં ફસાઈ હતી સાડી, અંદર જોયું તો

# પાણીના ટેન્કરમાં મહિલાની લાશ મળી આવતા, વિસ્તારમાં ચકચાર મચી ગઈ

## ફરસુંગી પાવર હાઉસ વિસ્તારમાં સવારે પાણીનું ટેન્કર આવ્યું હતું, સ્થાનિક લોકોએ ટેન્કરોથી પાણી ભરવાનું શરૂ કર્યું

। (એજન્સી) પુણે, તા.૨૧ ।

મહારાષ્ટ્રના પુણેમાંથી એક સનસનાટીભરી ઘટના સામે આવી છે. જ્યાં ફરસુંગી વિસ્તારમાં પાણીના ટેન્કરમાં પડેલી મહિલાની લાશ મળી આવી હતી. આ ઘટના પ્રકાશમાં આવતાં વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. માહિતી મળતાની સાથે જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી, ટેન્કરમાંથી મૃતદેહને બહાર કાઢ્યો, કસ્ટડીમાં લીધો, પોસ્ટમોર્ટમ માટે મોકલી દીધો અને કેસની તપાસ શરૂ કરી. મૃતકની ઓળખ કૌશલ્યા મુકેશ ચવ્હાણ તરીકે થઈ છે. ફરસુંગી પાવર હાઉસ વિસ્તારમાં સવારે પાણીનું ટેન્કર આવ્યું હતું. સ્થાનિક લોકોએ ટેન્કરોથી પાણી ભરવાનું શરૂ કર્યું. પરંતુ થોડા સમય પછી પાણી બંધ થઈ ગયું. ટેન્કર ચાલકે નીચે ઉતરીને જોયું તો સાડી ફસાઈ ગઈ હતી, જેના કારણે પાણી વહેતું બંધ થઈ ગયું હતું. સાડી ઉતારવાનો પ્રયાસ કરાયો હતો. ત્યારબાદ અમે ટેન્કર પર ચઢીને જોયું તો અંદર મહિલાની લાશ પડી હતી. આ જોઈને લોકોના પગ નીચેથી જમીન સરકી ગઈ. પોલીસ ઈન્સ્પેક્ટર માનસિંહ પાટીલે જણાવ્યું કે મૃતક તેના પતિ અને બે બાળકો સાથે અંદ્રી વિસ્તારમાં રહે છે. આ પરિવાર મૂળ ઉત્તર પ્રદેશનો છે અને એક મહિના પહેલા જ પુણે આવ્યો હતો. મહિલાનો પતિ ફ્લોર ઈન્સ્ટોલરનું કામ કરે છે. જેથી તે સામેના મકાનમાં કામ કરવા જાય છે.તપાસ દરમિયાન જાણવા મળ્યું કે મહિલાને કોઈ માનસિક બીમારી હતી. ગામના ડોકટરો અને પૂજારીઓ દ્વારા તેની સારવાર કરવામાં આવી રહી હતી.

### ઓબામા અને જ્યોર્જ ક્લુની સ્ટેજ પર જોવા મળ્યા

# યુએસ પ્રમુખ જો બિડેને ચૂંટણી દાનમાં $40 મિલિયન એકત્ર કર્યા

## અમેરિકામાં આ વર્ષના અંતમાં યોજાનારી રાષ્ટ્રપતિ ની ચૂંટણીની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

અમેરિકામાં આ વર્ષના અંતમાં યોજાનારી રાષ્ટ્રપતિની ચૂંટણીની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. તેમના ચૂંટણી અભિયાનને વધુ તીવ્ર બનાવવા માટે, ડેમોક્રેટ્સ અને રિપબ્લિકન લોકો વચ્ચે જઈ રહ્યા છે. દરમિયાન, યુએસ પ્રમુખ જો બિડેને છેલ્લા બે અઠવાડિયામાં તેમના ચૂંટણી પ્રચાર માટે US $ 40 મિલિયનથી વધુ એકત્ર કર્યા છે, જેમાંથી ઈં ૩૦ મિલિયન માત્ર બે કાર્યક્રમોમાંથી એકત્ર કરવામાં આવ્યા હતા.લોસ એન્જલસમાં નાણાં એકત્ર કરવા માટે બે ઈવેન્ટ યોજાઈ હતી, જેમાં ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ બરાક ઓબામા અને જ્યોર્જ ક્લુની અને જુલિયા રોબટ્ર્સ જેવી હસ્તીઓએ હાજરી આપી હતી. વજીનિયાના ભૂતપૂર્વ ગવર્નર ટેરી મેકઓલિફના ઘરે પણ કાર્યક્રમો યોજાયા હતા.ડેમોક્રેટ અને ડેપ્યુટી નેશનલ ફાયનાન્સ ચેર, DNC, અજય ભુટોરિયાએ પીટીઆઈને જણાવ્યું હતું કે, ''ત્રણ દિવસ પહેલા, બિડેન લોસ એન્જલસમાં સેલિબ્રિટીઝ અને ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ (બરાક) ઓબામા સાથે USD 30 મિલિયન એકત્ર કરવા માટે મળ્યા હતા.'' માત્ર છેલ્લા બે અઠવાડિયામાં, અમે US$40 મિલિયનથી વધુ એકત્ર કર્યા છે અમારું અભિયાન સતત મજબૂતીથી નાણાં એકત્ર કરવાનું ચાલુ રાખે છે. આ મહિને USD 50 મિલિયનની કિંમતની ટીવી જાહેરાતો બુક કરવામાં આવી છે, જેમાંથી એક ટ્રમ્પને 'દોષિત ગુનેગાર' કહે છે.ભુટોરિયાએ કહ્યું, ડેમોક્રેટ્સ તરીકે, અમે અમારા લોકતાંત્રિક મૂલ્યોની રક્ષા કરવા અને આપણા દેશે જે પ્રગતિ પ્રાપ્ત કરી છે.

વિશેષ

### પ્રાકૃતિક ખેતીનું 'જંગલ મોડલ' જામફળ, જેલી અને જમ્બો નફો

# અમદાવાદના સાણંદ તાલુકાના ખોરજ ગામના ખેડૂતે પ્રાકૃતિક ખેતીનું 'જંગલ મોડલ' વિકસાવ્યું







। વિવેક, કુલદીપ (માહિતી) અમદાવાદ ।

અમદાવાદના સાણંદ તાલુકાના ખોરજ ગામે આવેલું શક્તિસિંહ વાઘેલાનું ખેતર, ખેતર ઓછું અને જંગલ વધારે લાગે છે. કારણ કે તેમણે રાસાયણિક ખેતી છોડી પ્રાકૃતિક ખેતી અપનાવી ખેતરને 'જંગલ મોડેલ' બનાવ્યું છે. જે રીતે જંગલમાં માવજત વગર જ આપોઆપ ફળો ઉગતા હોય છે. તે વિચારને અપનાવી તેમણે પોતાના ખેતરની ત્રણ વીઘા જેટલી જમીનમાં આજથી સાતેક વર્ષ પહેલાં પ્રાકૃતિક ઢબે ખેતી કરવાનું નક્કી કર્યું. સાણંદ પથંકમાં મુખ્યત્વે ખેડૂતો ડાંગરનો પાક લેતા હોય છે. પરંતુ શક્તિસિંહે પરંપરાગત પાકોથી હટકે કંઈક નવું વાવેતર કરવાનું નક્કી કર્યું. તેમણે વૈજ્ઞાનિક ઢબે જમીનનું પૃથક્કરણ કરાવ્યું. જેમાં કાર્બનનું પ્રમાણ સારું આવ્યું. સાથોસાથ તેમની જમીનમાં પાણીની ગુણવત્તા પણ સારી આવી. ટીસીએસનું સ્તર જામફળના પાક માટે એકદમ સાનુકૂળ આવવાથી તેમણે ખેતરમાં જામફળીના ૭૫૦ છોડનું વાવેતર કર્યું હતું. ખેડૂત શકિતસિંહના જણાવ્યા પ્રમાણે તેમણે વાવેતર બાદ જીવામૃત અને ઘનજીવામૃત આપ્યું હતું. જેનાથી છોડનો સારો એવો વિકાસ થયો હતો. જંગલ મોડલની લાક્ષણિકતા જણાવતાં તેઓ કહે છે કે, છેલ્લા એકાદ વર્ષથી તેમણે ખેતર ખેડ્યું જ નથી. જંગલની જેમ ખેતરમાં પણ હવે કોઈપણ પ્રકારની ખાસ માવજત વગર જામફળ તૈયાર થાય છે. આ ઉપરાંત આચ્છાદન પદ્ધતિને અનુસરી તેમણે ખેતરમાં ડાંગરની પરાળી પાથરી છે. જેના થકી જમીનમાં ભેજનું પ્રમાણ જળવાય રહે છે. આ ઉપરાંત ઠંડક મળવાથી જમીનમાં અળસિયાની વૃદ્ધિ પણ થાય છે. જેની મદદથી જમીનમાં કુદરતી નાઈટ્રોજન અને કાર્બનનું પ્રમાણ વધે છે. આ પોષકતત્ત્વોથી જામફળની ઉત્તમ ગુણવત્તા મળે છે.

શક્તિસિંહે મિશ્રપાક પદ્ધતિને અપનાવતા જામફળી વચ્ચે શેરડીનું વાવેતર કર્યું છે. જેમાં ત્રણ છોડમાંથી આજે ત્રણસો છોડ થયા છે. જેના મૂળમાં તેમણે પોતે જ વિકસાવેલું બિયારણ છે. આ રીતે તેમને બહારથી બિયારણ લાવવું પડતું નથી. જેના કારણે પ્રાકૃતિક ખેતીમાં ઉત્પાદન ખર્ચ નહિવત આવે છે.

જામફળના ઉત્પાદનની વાત કરતા તેમણે કહ્યું કે, એક વૃક્ષ પર સરેરાશ વીસ કિલોનો ઉતારો આવે છે. બજાર ભાવ પ્રમાણે ગુણવત્તાયુક્ત જામફળના પ્રતિકિલો ૨૫/- રૂપિયા ભાવ મળે છે. આમ, જામફળમાંથી એક સીઝનમાં ૩.૫ લાખથી વધુનો જમ્બો નફો મેળવી રહ્યા છે. આ ઉપરાંત તેમણે હાલ પાયલોટ પ્રોજેક્ટની તર્જ પર શેરડીનું મૂલ્યવર્ધન કરીને ઓર્ગેનિક ગોળનું નાના પાયે ઉત્પાદન કર્યું છે. જેને આગામી સમયમાં વિસ્તારવામાં આવશે. તો વળી જામફળનું મૂલ્યવર્ધન કરીને તેમણે જેલી બનાવવાનો પ્રયોગ પણ કર્યો છે. જેનો ઉપયોગ મીઠાઈ, આઈસ્ક્રીમ સહિતની વસ્તુઓમાં કરવામાં આવે છે. આ પ્રયોગમાં સફળ થયા બાદ તેઓ મોટાપાયે ઉત્પાદન કરવાનું પણ વિચારી રહ્યા છે.

આમ, શક્તિસિંહ પ્રાકૃતિક ખેતીના માર્ગે ચાલીને ઓછો ખર્ચે સારું ઉત્પાદન અને મબલખ નફો મેળવી રહ્યા છે. સાથોસાથ ગુણવત્તાયુક્ત ઉત્પાદન આપી લોકો માટે આરોગ્ય મિત્ર બની રહ્યા છે. અને રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓનો ઉપયોગ ટાળી ધરતી માતાની પણ સેવા કરી રહ્યા છે.








ગાંધીનગર લોકસભા ક્ષેત્રના ગરીબ અને મધ્યમ વર્ગના અનેક પરિવારોના બાળકો માટે આજનો દિવસ શિક્ષણની ક્રાંતિ લાવનારો બની રહ્યો. કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા અંદાજે રૂ. ૩૬ કરોડના ખર્ચે તૈયાર કરાયેલ ૩૦ સ્માર્ટ શાળાનું લોકાર્પણ કર્યું હતું. આ શાળાઓમાં લેપટેપથી સજ્જ ફ્યુચર ક્લાસ, આધુનિક સાયન્સ-મેથ્સ લેબ, થ્રીડી વોલપેપર્સ અને થ્રીડી પેઈન્ટીંગ જેવી સુવિધાઓ છે. જેના થકી બાળકોને આધુનિક ટેક્નોલોજી દ્વારા ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણ અને સ્કીલ ડેવલપમેન્ટનો લાભ મળશે. ગાંધીનગર મતક્ષેત્રમાં ૬૯ જેટલી સરકારી શાળાઓ છે જેમાંથી ૫૯ શાળાઓને સ્માર્ટ શાળા બનાવવામાં આવી છે, અને બાકીની શાળાઓને પણ સ્માર્ટ બનાવવાની કામગીરી હાથ ધરાઈ છે. અમિત શાહ ગાંધીનગર લોકસભાના પ્રજાવત્સલ સાંસદ છે. તેમના કાર્યકાળમાં ગાંધીનગર લોકસભા ક્ષેત્રનો અભૂતપૂર્વ વિકાસ થયો છે. આ વિસ્તારના લોકોમાં તેમના પ્રત્યે અત્યંત સ્નેહની લાગણી છે અને એટલે જ તો નાગરિકોએ તેઓશ્રીને પ્રચંડ બહુમતીથી ચૂંટ્યા છે.







વિશ્વ યોગ દિવસની જે.ડી. નગરવાલા પોલીસ સ્ટેડિયમ શાહીબાગ અમદાવાદ શહેર ખાતે ઉજવણી કરવામાં આવી. જેમાં ડી.જી.પી. શ્રી વિકાસ સહાય તેમજ પોલીસ કમિશનરશ્રી જી.એસ.મલિક તેમજ ઉચ્ચ અધિકારીઓ અને મોટી સંખ્યામાં કર્મચારીયોએ યોગ કર્યા.

## સુરતમાં અનેક જગ્યાએ યોગના કાર્યક્રમ યોજાયા

। (એજન્સી) સુરત, તા.૨૧ ।

ભારતીય સંસ્કૃતિની વિશ્વને અણમોલ ભેટ એવી યોગવિદ્યાના સન્માનમાં સમગ્ર વિશ્વમાં તા.૨૧ જૂનને-વિશ્વ યોગ દિન તરીકે ઉજવવામાં આવે છે. આજે વિશ્વ યોગ દિવસે સુરતીઓ યોગમય બન્યા મોટી સંખ્યામાં યોગના કાર્યક્રમ થયાં હતા. સુરત પાલિકા અને સરકારી તંત્ર દ્વારા શહેરમાં અનેક જગ્યાએ યોગના કાર્યક્રમ યોજાયા હતા જેમાં મોટી સંખ્યામાં સુરતીઓ ભાગ લીધો હતો. સુરત પાલિકાના મુખ્ય કાર્યક્રમ ઐતિહાસિક કિલ્લામાં થયો જ્યારે પાલિકાની તમામ સ્કૂલ અને વિવિધ પ્રિમાઈસીસમાં પણ યોગના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સુરત પાલિકાના મુખ્ય કાર્યક્રમ કેન્દ્ર સરકારના કેબિનેટ મંત્રી સી.આર. પાટીલની હાજરીમાં ચોક બજારના ઐતિહાસિક કિલ્લા ખાતે યોજાયો હતો. આ વર્ષે વિશ્વ યોગ દિવસની ઉજવણી સ્વંય અને સમાજ માટે યોગની થીમ પર યોજવામાં આવ્યો હતો જેમાં મોટી સંખ્યામાં સુરતીઓ જોડાયા હતા. આ ઉપરાંત સુરત પાલિકાના વિવિધ પ્રકલ્પો અને પ્રિમાઈસીસમાં પણ યોગના કાર્યક્રમનું આયોજન કરવામા આવ્યુ હતુ જેમાં સ્થાનિક કોર્પોરેટર, અધિકારીઓ અને લોકો જોડાયા હતા. યોગ દિવસની ઉજવણી સમયે કેન્દ્રીય પ્રધાન સી.આર.પાટીલે કહ્યું હતું કે, આજે જમ્મુ અને કાશ્મીરમાં ૫૦ લાખથી વધુ લોકો જોડાયા હતા.

### ગૃહ રાજ્ય મંત્રીએ સુરક્ષાનો લીધો હિસાબ

# અમદાવાદમાં ભગવાન જગન્નાથની ૧૪૭મી રથયાત્રા ૭મી જુલાઈના રોજ કાઢવામાં આવશે

## આ દિવસે સવારે ૪ વાગે ગૃહમંત્રી અમિત શાહ ભગવાન જગન્નાથની મંગળા આરતીમાં હાજરી આપીને ભગવાન જગન્નાથના આશીર્વાદ લેશે

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૧ ।

ગુજરાતના અમદાવાદમાં ભગવાન જગન્નાથની રથયાત્રા ૭મી જુલાઈના રોજ કાઢવામાં આવશે. ૧૪૭મી રથયાત્રાને લઈને વહીવટીતંત્ર દ્વારા તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે. આ દરમિયાન ગુજરાતના ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી જગન્નાથ મંદિર પહોંચ્યા હતા. ભગવાન જગન્નાથના દર્શન કર્યા બાદ હર્ષ સંઘવીએ મંદિરના મહંત દિલીપદાસજી મહારાજ, ટ્રસ્ટી મહેન્દ્ર ઝા, અમદાવાદ પોલીસ કમિશનર અને અન્ય અધિકારીઓ સાથે બેઠક યોજી હતી અને રથયાત્રાની તૈયારીઓની માહિતી મેળવી હતી.અમદાવાદના જમાલપુરમાં ભગવાન જગન્નાથ મંદિરે પહોંચેલા ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું, 'રથયાત્રા એ અમદાવાદનું ગૌરવ અને ઓળખ છે. તમામ સમાજો અને તમામ લોકો માટે આસ્થાના કેન્દ્રની જેમ ભગવાન જગન્નાથની રથયાત્રા માત્ર અમદાવાદમાં જ નહીં પરંતુ સમગ્ર ગુજરાત માટે ઉત્સાહનો તહેવાર છે.હર્ષ સંઘવીએ કહ્યું કે, 'સમયની સાથે અપગ્રેડ થતી ટેક્નોલોજીનો ઉપયોગ રથયાત્રામાં કરવામાં આવ્યો છે. તમામ સમાજના લોકો સાથે મળીને ભગવાન જગન્નાથની રથયાત્રા કાઢશે અને આ તમામ લોકોની જવાબદારી પણ છે.રથયાત્રાના દિવસે મંગળા આરતીમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ હાજર છે. મુખ્યમંત્રીએ રથ ખેંચીને યાત્રાનો પ્રારંભ કરાવ્યો. તમને જણાવી દઈએ કે અમદાવાદ શહેરમાં ૧૮ કિલોમીટરના રૂટ પર રથયાત્રા શરૂ થાય છે. આ દિવસે સવારે ૪ કલાકે ગૃહમંત્રી અમિત



શાહ ભગવાન જગન્નાથની મંગળા આરતીમાં હાજરી આપીને ભગવાન જગન્નાથના આશીર્વાદ લે છે, ત્યારબાદ સવારે ૯.૩૦ કલાકે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પહિંદ વિધિ કરી અને રથયાત્રાનો પ્રારંભ કરાવ્યો હતો. ભગવાન જગન્નાથનો રથ ખેંચવો.રથયાત્રા અંગે અમદાવાદ શહેર પોલીસ કમિશનર જી.એસ.મલિકે જણાવ્યું હતું કે, રથયાત્રા સંદર્ભે સુરક્ષાની તૈયારીઓ અંગે ગૃહ રાજ્યમંત્રીને જાણ કરવામાં આવી છે. રથયાત્રાને ધ્યાનમાં રાખીને શાંતિ સમિતિની બેઠક યોજવામાં આવી છે. અસામાજિક તત્વો સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે. અમદાવાદના ૧૮ કિલોમીટરના રૂટ દરમિયાન કેટલાક સંવેદનશીલ વિસ્તારોને ધ્યાનમાં રાખીને ૨૫ હજાર પોલીસકમીઓ ઉપરાંત ઝઈ, ઈછહ્ય સહિતના કેન્દ્રીય સુરક્ષા દળોને પણ તૈનાત કરવામાં આવી રહ્યા છે.સુરક્ષાને ધ્યાનમાં રાખીને આ વખતે ૩ હજારથી વધુ સીસીટીવીની મદદથી સર્વેલન્સ રાખવામાં આવશે.

# અમદાવાદ મંડળ ખાતે ૧૦મા 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ'ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી



**અમદાવાદ મંડળ ખાતે ૧૦મા 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ'ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી.**

। અમદાવાદ, તા.૨૧ ।

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ માં તારીખ ૨૧.૦૬.૨૦૨૪ના રોજ૧૦મો 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ'ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. ભારત સરકારના આયુષ મંત્રાલય દ્વારા મળેલી માર્ગદર્શિકા અનુસાર અમદાવાદ મંડળ ના સામુદાયિક ભવન સાબરમતી, ડીઝલ શેડ સાબરમતી, લોકો શેડ વટવા, રેલવે હોસ્પિટલ ગાંધીધામ અને તથા મંડળ ના તમામ સ્વાસ્થય યુનિટો ખાતે યોગ સત્રોનું આયોજન કરવામાં આવ્યું હતુ .

અમદાવાદ મંડળ ના સાબરમતી સામુદાયિક હોલમાં યોગગુરુ શ્રી જી.એન. કપૂરે સવારે ૦૬.૩૦ થી સવારે ૦૭.૪૫ સુધી રેલવે અધિકારીઓ, કર્મચારીઓ અને આરપીએફ સ્ટાફ, સ્કાઉટ્સ અને ગાઇડ્સ, સિવિલ ડિફેન્સના સભ્યોને સામાન્ય યોગ પ્રોટોકોલ હેઠળ આસન, પ્રાણાયામ અને ધ્યાન સંબંધિત વિવિધ કસરતો પર તાલીમ આપી હતી.

આ પ્રસંગે મંડળ રેલ પ્રબંધક શ્રી સુધીર કુમાર શર્માએ જણાવ્યું હતું કે આપણું સ્વાસ્થ્ય સારું રહે તે માટે આપણે દરરોજ અડધો કલાક યોગ કે કસરત કરવી જોઈએ. આજકાલના ઝડપી જીવન માં, લોકો કસરત/યોગ કરતા નથી અને રોગોથી પીડાય છે. રોગોથી બચવા અને સ્વસ્થ રહેવા માટે યોગ/વ્યાયામ ખૂબ જ મહત્વપૂર્ણ છે. "યોગ ને ન માત્ર રેલવે કર્મચારીઓ દ્વારા તેમના રોજિંદા જીવનમાં અપનાવવો જોઈએ પરંતુ તેમના પરિવારના સભ્યો ને પણ આ માટે પ્રેરિત કરવા જોઈએ જેથી દરેક વ્યક્તિ શારીરિક અને માનસિક રીતે સ્વસ્થ રહી શકે."

યોગાભ્યાસના આ કાર્યક્રમમાં મંડળ રેલ પ્રબંધક શ્રી સુધીર કુમાર શર્મા, મુખ્ય પરિયોજના પ્રબંધક (ગતિ શક્તિ), શ્રી અનંત કુમાર, અપર મંડળ રેલ પ્રબંધક શ્રી દયાનંદ સાહુ, વિવિધ વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ,અધિકારીઓ, રેલ સુરક્ષા બળ (આર.પી.એફ.)ના જવાનો અને મોટી સંખ્યામાં રેલવે કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમનું આયોજન વરિષ્ઠ મંડળ કે,કાર્મિક અધિકારી શ્રી જીતેશ અગ્રવાલના માર્ગદર્શન હેઠળ કલ્યાણ નિરીક્ષક ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું.

# ચાર્જિંગમાં મુકેલા ઈલેક્ટ્રીક વ્હીકલમાં આગ ફાટી નીકળી

## ઇ-બાઇકની બેટરીને ચાર્જીંગ મુકવામાં આવી હતી જેમાં બ્લાસ્ટ થતાં આગ લાગતાં યુવતીનું મોત, ૪ લોકો દાઝ્યા

। (એજન્સી) સુરત, તા.૨૧ ।

સમયની માંગ અને વધતા જતા પેટ્રોલ ડીઝલના ભાવના કારણે ધીમે ધીમે લોકો ઈલેક્ટ્રિક વ્હીકલ તરફ વળ્યા છે. સરકાર દ્વારા પણ લોકો ઈલેક્ટ્રિક વ્હીકલનો ઉપયોગ કરે તેના માટે પ્રયત્નો કરી રહી છે. પરંતુ શું આ ઈલેક્ટ્રિક વ્હીકલ સુરક્ષિત છે તે પ્રશ્ન લોકોને મૂંજવી રહ્યો છે. અવાર નવાર ઈલેક્ટ્રિક વ્હીકલમાં બ્લાસ્ટના સમાચાર વાંચવા મળે છે. ત્યારે આજે સુરતમાં વધુ એક ઈલેક્ટ્રિક વ્હીકલમાં બ્લાસ્ટ થયો હોવાના સમાચાર સામે આવ્યા છે. સુરતના ગડોદરા વિસ્તારમાં આવેલી એક સોસાયટીમાં ઈ-બાઈકની બેટરીને ચાર્જીંગ મુકવામાં આવી હતી જેમાં આજે વહેલી સવારે બ્લાસ્ટ થતાં આગ લાગતાં ૧૮ વર્ષની એક યુવતિનું મોત નિપજ્યું છે જ્યારે ૪ લોકો દાઝી ગયા હોવાના અહેવાલ પ્રાપ્ત થયા છે. આ આગ જોતજોતાં ઘરમાં રહેલા સિલિન્ડર સુધી પહોંચી જતાં સિલિન્ડર બ્લાસ્ટ પણ થયો હતો. જેના લીધે ઘરમાં હાજર સભ્યો આગની ચપેટમાં આવી ગયા હતા અને આ ચારેય લોકો ગંભીર રીતે દાઝી ગયા હતા.

# રાજ્યમાં બોગસ ખેડૂત બનાવવાના કૌભાંડનો પર્દાફાશ કરવામાં આવ્યો

## એક નાયબ મામલતદાર, એક મહિલા તલાટી સહિત કુલ ૧૬ ભેજાબાજો સામે ફરિયાદ નોંધાતા ખળભળાટ

। (એજન્સી) વડોદરા, તા.૨૧ ।

વડોદરાના સાવલી તાલુકાના સામંતપુરા અને મુવાલ ગામની ખેતીની જમીનમાં મૂળ માલિકોના બોગસ મરણ દાખલાના આધારે બોગસ પેઢીનામાં તૈયાર કરી ખેતીની જમીનમાં નામો દાખલ કરી ખેડૂત બનાવવાનું ચકચારભર્યું કૌભાંડ બહાર આવતાં સમગ્ર તાલુકામાં ચર્ચાનો વિષય બન્યો છે. આ અંગે એક નાયબ મામલતદાર, એક મહિલા તલાટી સહિત કુલ ૧૬ ભેજાબાજો સામે પોલીસ ફરિયાદ નોંધાતા ખળભળાટ મચી ગયેલ છે. સામંતપુરા ગામમાં રહેતા રંજનબેન વિઠ્ઠલભાઈ સોલંકીએ સાવલી પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે અમારી વડીલોપાર્જિત જમીન ગોઠડા(સામંતપુરા) ગામની સીમમાં આવેલી છે. અગાઉ મારા સસરા તેમજ પતિ સહિત અન્ય લોકો મૃત્યુ પામ્યા ત્યારે વારસાઈ કરાવી ન હતી પરંતુ થોડા સમય પહેલાં વારસાઈની કાર્યવાહી કરવા નકલો મેળવતાં તા.૯ મે ૨૦૧૯ની નોંધથી વારસાઈ થયેલી હોવાનું જણાયું હતું.

## SITનો રિપોર્ટ સરકારને સોંપવામાં ૩ વિભાગોની બેદરકારી સામે આવી

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૧ ।

રાજકોટમાં TRP ગેમઝોન માર્ચ ૨૦૨૧ના રોજ શરૂ થયું હતું અને ગત ૨૫ મે ૨૦૨૪ના રોજ વેલ્ડિંગ કામ દરમિયાન આગ લાગતાં અગ્નિકાંડ સર્જાયો હતો, જેમાં કુલ ૨૭ લોકોનાં મોત નીપજ્યાં હતાં. આ ઘટના બાદ તપાસ માટે સરકારે SITની રચના કરી હતી. હવે તપાસ માટે રચાયેલી SIT તેનો રિપોર્ટ સરકારને સુપરત કરવામાં આવ્યો છે. જેમાં ત્રણ વિભાગની બેદરકારી સામે આવી છે. આ રિપોર્ટ આજે સબમિટ થયા બાદ હવે જવાબદાર અધિકારીઓ સામે શિક્ષાત્મક પગલાં લેવાઈ એવી શક્યતા છે. ઉચ્ચ અધિકારીઓના રોલ અંગે હજુ પણ તપાસ ચાલુ છે. SITના રિપોર્ટમાં એવો ખુલાસો કરાયો છે કે, કોર્પોરેશનના ટાઉન પ્લાનિંગ વિભાગ અને ફાયર વિભાગે ૩ વર્ષથી ચાલતા ગેરકાયદે ગેમિંગ ઝોન સામે કોઈ પગલાં લીધાં નથી. ગેમિંગ ઝોન માટે પાકું બાંધકામ થયાને ૩ વર્ષ વીતી જવા છતા એની સામે આંખ આડે કાન કરી લીધા હતા. રહેણાક હેતુ માટે ફાળવેલી જમીન પર કોમર્શિયલ પ્રવૃત્તિ પુરજોશમાં ચાલતી હતી છતાં એને અટકાવવાના પ્રયત્નો થયા નથી. કોર્પોરેશનના ટાઉન પ્લાનિંગ ઓફિસર અને એન્જિનિયરે ગેરકાયદે બિલ્ડિંગને હંગામી બાંધકામની કેટેગરીમાં મૂકીને ગંભીર બેદરકારી દાખવી છે.ફાયરના અધિકારીઓએ એકપણ વખત કોઈ મુલાકાત લીધી નથી.

# ૩૧ જૂન સુધી ૧૦ દિવસની ટ્રાફિક ડ્રાઈવનું આયોજન

## અમદાવાદ શહેરમાં રોંગ સાઈડમાં વાહન ચલાવશો તો જેલ થશે, પોલીસ સ્ટેશનમાંથી જામીન લેવા પડશે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૧ ।

અમદાવાદમાં વધી રહેલા ટ્રાફિકને કારણે અનેક વખત અકસ્માતના બનાવો વધી રહ્યાં છે. જેથી શહેર ટ્રાફિક પોલીસ દ્વારા આવતીકાલથી રોંગ સાઈડ વાહન ચલાવતા લોકો માટે ખાસ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું છે. આવતીકાલથી ૧૦ દિવસ રોંગ સાઈડ વાહન ચલાવતા વાહનચાલકોને દંડવામાં નહીં આવે પણ તેમની સામે પોલીસ કેસ કરવામાં આવશે. ઈતિહાસમાં પહેલીવાર આવો નિર્ણય લેવામાં આવ્યો છે જેમાં રોંગ સાઈડ વાહન હંકારતા લોકોને જેલમાં જવું પડશે. અમદાવાદ શહેર ટ્રાફિક પોલીસ દ્વારા આવતીકાલથી ૩૦ જૂન સુધી રોંગ સાઈડ માટેની ડ્રાઈવ યોજવામાં આવશે.શહેરના અલગ અલગ વિસ્તારમાં ટ્રાફિક પોલીસ અને સ્થાનિક પોલીસ દ્વારા સાથે મળીને ડ્રાઈવ યોજવામાં આવશે. આ ડ્રાઈવ દરમિયાન રોંગ સાઈડમાં વાહન ચલાવનાર વાહનચાલકોને પકડીને તેમની સાથે કલમ ૨૭૯ અને ૧૮૪ મુજબ ગુનો નોધવામાં આવશે. આ ગુનામાં વાહનચાલકની ધરપકડ પણ કરવામાં આવશે.

# ભગવાન જગન્નાથની વાજતે ગાજતે જળયાત્રા નીકળશે

## ૧૦૮ કળશમાં જળ ભરી જળયાત્રા પરત ફરશે અને એક કલાક સુધી ભગવાનને શાસ્ત્રોક્ત વિધિથી જળાભિષેક કરાશે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૧ ।

આગામી અષાઢ સુદ બીજે યોજાનારી રથયાત્રાની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. શહેરમાં જગન્નાથ મંદિરે આ માટે તૈયારીઓ ચાલે છે. આ સંદર્ભમાં જેઠ સુદ પુનમને ૨૨ જૂને જળયાત્રા થશે. રથયાત્રાનો પહેલા પડાવ એટલે જળયાત્રાનું આયોજન કરાશે. સવારે ૮ વાગે જગન્નાથ મંદિરથી વાજતે-ગાજતે, ઢોલ-નગારાં, કરતાલ, પખવાજ, મૃદંગ, શરણાઈના સૂર તેમજ ધજા-પતાકા, બેન્ડવાજા, હાથી, બળદગાડા, ભજન મંડળીઓ સહિત મોટી સંખ્યામાં ભક્તો સાથે જળયાત્રા નીકળી સાબરમતી નદીના તટે સોમનાથ ભૂદરના પહોંચશે.

રથયાત્રા મહોત્સવનું પ્રથમ ચરણ એટલે જળયાત્રાદર વર્ષની જેમ જ આ વર્ષે સોમનાથ ભૂદરના આરે ગંગાપૂજન આયોજિત કરવામાં આવશે. ગંગાપૂજન પછી ૧૦૮ કળશમાં જળ ભરી જળયાત્રા સવારે મંદિરે પરત ફરશે અને પછી મંદિરમાં લગભગ એક કલાક સુધી ભગવાનને શાસ્ત્રોક્ત વિધિથી જળાભિષેક કરાશે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨